new

# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૩-૧૪ નાં જનરલ ફંડના હિસાબોનો અન્વેષણ અહેવાલ અનુક્રમણિકા.



| અ.નં. | ફકરા નંબર | ફકરાની વિગત. | પાના નંબર |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૦૧ | ૦૧ | પ્રસ્તાવના | ૦૨ |
| ૦૨ | ૦૨ | પુર્વ અન્વેષણ | ૦૩ |
| ૦૩ | ૦૩/૦૧ | જવાબદારીઓ અને અસ્કયામતો બાબત | ૦૯ |
| ૦૪ | ૦૩/૦૨ | આર્થિક સ્થિતિની આવક/ખર્ચની સમિક્ષા બાબત. | ૧૦ |
| ૦૫ | ૦૪ | અંદાજપત્રની સમિક્ષા બાબત. | ૧૧ |
| ૦૬ | ૦૫ | સંસ્થાના કર્મચારીઓની જામીનગીરી અંગેના જામીનખત રજુ ન કરવા બાબત | ૧૬ |
| ૦૭ | ૦૬/૦૧ | સરકારી/અર્ધસરકારી સંસ્થાને આપેલ એડવાન્સ રકમના લાંબા સમય સુધી હિસાબમેળ/વસુલાત ન કરવા બાબત | ૧૭ |
| ૦૮ | ૦૬/૦૨ | ખાનગી પેઢીઓને ઓન એકાઉન્ટ ચૂકવેલ રકમ ખર્ચ તરીકે દર્શાવવા તથા લાંબા સમયથી બાકી રહેલ રકમો એડજસ્ટ /વસુલ ન કરવા બાબત. | ૧૯ |
| ૦૯ | ૦૬/૦૩ | ૧૧.૪૪ કરોડ પેશગીઓ અંગેના હિસાબોની અનિયમિતતા બાબત | ૨૧ |
| ૧૦ | ૦૭ | કાનુની દાવા રજીસ્ટર તથા તેને સંલગ્ન માહિતી રજૂ ન કરવા | ૩૧ |

| | | | |
|---|---|---|---|
| | | બાબત | |
| ૧૧ | ૦૮ | યુનિવર્સિટીના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓની લાંબા સમયની ગેરહાજરી અન્વયે માહિતી સંદર્ભે જણાયેલ અનિયમિતતા બાબત . | ૩૨ |
| ૧૨ | ૦૯ | ડીપોઝીટ તરીકે પ્રાપ્ત થયેલ નાણાંના હિસાબ તથા ડીપોઝીટ રજિસ્ટરની અનિયમિતતાઓ બાબત. | ૩૪ |
| ૧૩ | ૧૦ | સરકારશ્રીની પૂર્વ મંજુરી વિના હંગામી નિમણૂક આપી અનિયમિત ધોરણે ખર્ચ કરવા બાબત | ૩૬ |
| ૧૪ | ૧૧ | બાંધકામ લગતી માહિતી રજૂ ન કરવા બાબત | ૩૮ |
| ૧૫ | ૧૨ | પગાર ખર્ચના વાઉચરોમાં સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ ન કરવા બાબત | ૪૦ |
| ૧૬ | ૧૩ | પગારની ચુકવણીનું ખર્ચ નિયત તારીખથી વહેલુ કરવા બાબતની અનિયમિતતાઓ | ૪૪ |
| ૧૭ | ૧૪ | સંસ્થાના કર્મચારીઓને નિયમ વિરૂધ્ધ પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરવા બાબત | ૪૭ |
| ૧૮ | ૧૫ | આઇ. એ. એસ. ટ્રેનીંગ સેન્ટર બંધ હોવા છતાં તે સદરે ખર્ચ ઉધારવા બાબત. | ૪૯ |
| ૧૯ | ૧૬ | પરીક્ષા વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ કામો તથા તે અંગેના ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ ન કરવા બાબત | ૫૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | ૧૭ | ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત. | ૫૩ |
| ૨૧ | ૧૮ | જમીન અને મકાનોના ભાડાના માંગણા અને વસુલાત રજીસ્ટર રજુ ન કરવા બાબત. | ૫૪ |
| ૨૨ | ૧૯ | ટુંકી મુદતની ડીપોઝીટ પેટે વાર્ષિક જમા રકમ અન્વયેની ખાતરી ન કરાવવા બાબત. | ૫૬ |
| ૨૩ | ૨૦ | યુનિ.ના પાકા સરવૈયામાં ફંડ તથા દેવા બાજુ દર્શાવેલ અન્ય ફંડોની વિગતો રજુ ન કરવા બાબત. | ૫૮ |
| ૨૪ | ૨૧ | સંસ્થાની માલિકીની મિલકતોના વીમા ઉતરાવવા બાબત. | ૬૧ |
| ૨૫ | ૨૨ | પ્રકાશન શાખાના ફોર્મનો જથ્થો જાહેર હરાજી/પસ્તી વેચાણથી નિકાલ ન કરવા બાબત. | ૬૩ |
| ૨૬ | ૨૩ | અન ઓપરેટીવ ખાતા બંધ નહિ કરવા બાબત. | ૬૯ |
| ૨૭ | ૨૪ | એનીમેશન આઇ.ટી.એન્ડ મોબાઇલ" આવક/ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૭૧ |
| ૨૮ | ૨૫ | બેન્ક મેળવણાંમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૭૩ |
| ૨૯ | ૨૬ | હિસાબોની નિભાવણી તથા મેળવણામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત. | ૭૭ |
| ૩૦ | ૨૭ | બિન-શૈક્ષણિક કર્મચારીઓની મહેકમ અંગેની માહિતી/રેકર્ડ રજુ ન કરવા બાબતે ની અનિયમિતતા બાબત | ૮૧ |

| | | | |
|---|---|---|---|
| ૩૧ | ૨૮ | જુદા જુદા વાઉચરોથી ભુલ સુધારણાના હવાલાની અસરો આપવા બાબતની અનિયમિતતાઓ. | ૮૩ |
| ૩૨ | ૨૯ | ખર્ચના વાઉચરો કે વિગત વગર રકમ ખર્ચ ખાતે ઉધારી અનપેઇડ બિલ સદરે જા  કરાવવા બાબત | ૮૫ |
| ૩૩ | ૩૦ | એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ કામો તથા તે અંગેના ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ ન કરવા બાબતે ની અનિયમિતતા બાબત. | ૮૮ |
| ૩૪ | ૩૧ | યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ. | ૯૧ |
| ૩૫ | ૩૨ | યુનિવર્સિટી સ્પોર્ટસ ફી ની આવકોનો યોગ્ય ઉપયોગ નહીં કરવા બાબત | ૯૩ |
| ૩૬ | ૩૩ | ડિપોઝીટ અને બીજા ખાતો" સદરેથી થયેલ ચુકવણિઓનું રેકર્ડ રજુ ન કરવા બાબત. | ૯૫ |
| ૩૭ | ૩૪ | આવક પહોંચબુકો ના સ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૯૭ |
| ૩૮ | ૩૫ | આવક પહોંચબુકની જણાયેલ અનિયમિતતા તેમજ જમા રકમ હિસાબ બહાર રાખવા બાબત. | ૯૯ |
| ૩૯ | ૩૬ | કોલેજોને વિદ્યાશાખાના જોડાણ આપવા બાબતનું રેકર્ડ રજુ કરવા બાબત. | ૧૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૪૦ | ૩૭ | જુદી જુદી સભાઓ અંગેનુ રેકર્ડ રજુ નકરવા બાબત. | ૧૦૪ |
| ૪૧ | ૩૮ | યુનિવર્સિટીના પાકા સરવૈયામાં દર્શાવેલ રૂપિયા ૫૧.૮૮ કરોડની મિલ્કતનું મિલકત રજીસ્ટર ન રાખવા તથા અન્ય રેકર્ડ રજુ ન કરવા બાબત. | ૧૦૫ |
| ૪૨ | ૩૯ | જનરલ કેશબુકે કેશ કાઉન્ટર આવક તેમજ એમ.ઓ.કલેકશન આવક જમા ન લેવા બાબત. | ૧૦૬ |
| ૪૩ | ૪૦ | યુનિવર્સિટી એજયુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ સદર હેઠળ કરેલ ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ | ૧૦૮ |
| ૪૨ | | પ્રમાણપત્રો | ૧૧૩ |
| | | પત્રકો- ૦૧ થી ૦૩ | ૧૧૪ થી ૧૧૯ |

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૩-૧૪ નાં વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલ.

નં.એલએએમડી.૨૦૧૩-૧૪ | ૬૨૯
જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીની કચેરી ,
સ્થાનિક ભંડોળ હિસાબ,
બહુમાળી ભવન-૨,બ્લોક-એ,પ્રથમ માળ,
વસ્ત્રાપુર , અમદાવાદ-૩૮૦૦૧૫
તારીખ-૨૧/૦૫/૨૦૧૯ ૨૦

પ્રેષક :-
નિરિક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
વિમા અને લેખા ભવન,
ગાંધીનગર.

પ્રતિ,
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ- ૩૮૦૦૦૯

મહાશય,

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૪૯ અન્વયેની જોગવાઇ અનુસાર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૩-૧૪ ના વર્ષનાં જનરલ ફંડના હિસાબોની તપાસણી તારીખ ૦૭/૦૬/૨૦૧૭ થી તારીખ.૨૪-૧૦-૧૭ દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતી. જેની ચર્ચા તા.૦૯/૦૭/૨૦૧૯ નાં રોજ હાથ ધરાયેલ તપાસણી વર્ષ દરમ્યાન સંસ્થાના મુખ્ય હોદ્દેદારો નીચે મુજબ હતા.

ફકરા નં. ૦૧ પ્રસ્તાવના

==========================================================================

હોદ્દેદારોશ્રીની વિગત.

==========================================================================

કુલપતિશ્રી

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | ડૉ.આદેશ પાલ | ૦૧/૦૪/૨૦૧૩ થી ૦૮/૦૮/૨૦૧૩ |
| ૦૨ | શ્રી મુકુલ શાહ | ૦૯/૦૮/૨૦૧૩ થી ૨૦/૦૨/૨૦૧૪ |
| ૦૩ | ડૉ. એમ.એન.પટેલ | ૨૧/૦૨/૨૦૧૪ થી ૩૧/૦૩/૨૦૧૪ |

કુલ સચિવશ્રી

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | ડૉ.એચ.સી.સરદાર | ૦૧/૦૪/૨૦૧૩ થી ૦૨/૦૫/૨૦૧૩ |
| ૦૨ | શ્રી રાજેશ પટેલ | ૦૩/૦૫/૨૦૧૩ થી ૩૧/૧૦/૨૦૧૩ |
| ૦૩ | ડૉ.બી.વી.પટેલ | ૦૧/૧૧/૨૦૧૩ થી ૩૧/૦૩/૨૦૧૪ |

મુખ્ય હિસાબી અધિકારીશ્રી

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૧ | શ્રી મિનેશ.એસ.શાહ | ૦૧/૦૪/૨૦૧૩ થી ૨૯/૦૫/૨૦૧૩ |
| ૦૨ | શ્રી એમ.પી.ખત્રી | ૩૦/૦૫/૨૦૧૩ થી ૩૧/૦૮/૨૦૧૩ |
| ૦૩ | શ્રી મિનેશ.એસ.શાહ | ૦૧/૦૯/૨૦૧૩ થી ૩૧/૦૩/૨૦૧૪ |

ફકરા ક્રમાંક – ૦૨

==============================================================

સને ૨૦૧૩-૧૪ અગાઉના વર્ષોના અન્વેષણના બાકી ફકરાઓ બાબત. જનરલ ફંડ

==============================================================

| ક્રમ | ઓડીટ વર્ષ | ઓડીટની શરૂઆત માં બાકી ફકરાઓ ની સંખ્યા . | ઓડીટ દરમ્યાન નિકાલ થયેલ બાકી ફકરાઓની સંખ્યા . | ઓડીટ દરમ્યાન બાકી ફકરાઓની સંખ્યા . | બાકી ફકરાઓની વિગત . |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | 1968-69 | 03 | | 03 | 04(A),07(2),18 |
| 02 | 1969-70 | 03 | | 03 | 14,29 (2),32 |
| 03 | 1970-71 | 09 | | 09 | 04 TO 08,13,18,21,22(3) |
| 04 | 1971-72 | 05 | | 05 | 20,26,34,38(1) (2) (3),43 |
| 05 | 1972-73 | 04 | | 04 | 41,36,37,38 |
| 06 | 1973-74 | 10 | | 10 | 04AGF,06ABC,08B,09 TO 15 |
| 07 | 1974-75 | 34 | | 34 | 04 TO 07,09,10,12 TO 17,19 TO 29,31,33 TO 40(1),41,43 |
| 08 | 1975-76 | 03 | | 03 | 04,05(2),12 |
| 09 | 1976-77 | 18 | | 18 | 04,05,06,10(1),12,15,17,19,20,23TO29,3 1, 33 |
| 10 | 1977-78 | 21 | | 21 | 03 TO 06,7(A) (B) (K),08,09,10(A) (B),11 TO 16,18,2021,24,25,26,28,31,33 |
| 11 | 1978-79 | 20 | | 20 | 04 TO 07(2),08 TO 11,13 TO 15(1) (2),17 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | TO 21,25, TO 28 |
| 12 | 1979-80 | 24 | | 24 | 04 TO 07(2),08 TO 11,13 TO15(2)(4),17(2),18(2)(3),20(1)(2),21 TO 23(2),25 TO 27(6),28 TO 31(A) |
| 13 | 1980-81 | 08 | | 08 | 04,07,08,10,11,13,16,17 |
| 14 | 1981-82 | 25 | | 25 | 04 TO 08,10,11(2),14 TO 19,24 TO 27,29,30,31,34,35,36,37 |
| 15 | 1982-83 | 17 | | 17 | 1 TO 17 |
| 16 | 1983-84 | 30 | | 30 | 04TO10,13,15TO 25,27 (5),26,30 ,32,34 , 36,37,38,39,40,41 |
| 17 | 1984-85 | 33 | | 33 | 05 TO 08,11 TO 14,16 TO 27,30 TO33,35,36,39,40,42 TO 46 |
| 18 | 1985-86 | 29 | | 29 | 5(1) (3),06,07,10 TO 12,16 TO 24,27,29,30,31,33,35,37,38,40,41,42,48, 50,51,52 |
| 19 | 1986-87 | 32 | | 32 | 02,06,08,09,10,13(B),14 TO 18,22 TO 25,27,28,29,31,32,34,35,36,38,39,41,42, 48,50,51,52 |
| 20 | 1987-88 | 61 | | 61 | 01 TO 61 |
| 21 | 1988-89 | 56 | | 56 | 01 TO 56 |
| 22 | 1989-90 | 70 | | 70 | 01 TO 70 |
| 23 | 1990-91 | 80 | | 80 | 01 TO 80 |
| 24 | 1991-92 | 43 | | 43 | 01 TO 43 |
| 25 | 1992-93 | 70 | | 70 | 01 TO 70 |
| 26 | 1993-94 | 69 | | 69 | 01 TO 69 |
| 27 | 1994-95 | 105 | | 105 | 01 TO 105 |
| 28 | 1995-96 | 78 | | 78 | 01 TO 78 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 29 | 1996-97 | 84 | | 84 | 01 TO 84 |
| 30 | 1997-98 | 83 | | 83 | 01 TO 83 |
| 31 | 1998-99 | 92 | | 92 | 01 TO 92 |
| 32 | 1999-00 | 103 | | 103 | 01 TO 103 |
| 33 | 2000-01 | 101 | | 101 | 01 TO 101 |
| 34 | 2001-02 | 106 | | 106 | 01 TO 106 |
| 35 | 2002-03 | 80 | | 80 | 01 TO 80 |
| 36 | 2003-04 | 36 | | 36 | 01 TO 36 |
| 37 | 2004-05 | 75 | | 75 | 01 TO 75 |
| 38 | 2005-06 | 39 | | 39 | 01 TO 39 |
| 39 | 2006-07 | 58 | | 58 | 01 TO 03,5 TO 10,12 TO 19,21 TO35,37 TO 60,62 TO 63 |
| 40 | 2007-08 | 42 | | 42 | 01 TO 42 |
| 41 | 2006-12(31-7-12) | 09 | | 09 | 01 TO 09 યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ |
| 42 | 2008-09 | 44 | | 44 | 01 TO 44 |
| 43 | 2009-10 | 39 | | 39 | 01 TO 39 |
| 44 | 2010-11 | 64 | | 64 | 01 TO 64 |
| 45 | 2011-12 | 61 | | 61 | 01 TO 61 |
| 46 | 2012-13 | 62 | | 62 | 01 TO 62 |
| | કુલ | 2138 | | 2138 | |

ઓડીટ વર્ષ ૨૦૧૩ -૧૪ ના અંતે ૨૧૩૮ ફકરા બાકીમાં હતાં ચાલુ ઓડીટ દરમ્યાન અગાઉના બાકી ફકરાઓના જવાબો રજુ થયેલ ન હોવાથી ઉપરોક્ત વિગતે અન્વેષણ વર્ષના અંતે ૨૧૩૮

ફકરાઓના જવાબો કરવાના બાકીમાં છે.ઓડીટ નોંધમાં દર્શાવેલ અનિયમિતતાઓનુ પુનરાવર્તન થતુ રહે છે. ઓડીટ અંગુલીનિર્દેશ કરેલ અનિયમિતતાઓ અટકાવવા સંસ્થાના જવાબદારોએ રૂચી દાખવેલ નથી જેથી જવાબદારી નક્કી કરી બાકી ફકરાઓની પુર્તતા સારૂ સઘન આયોજન કરી પારા નિકાલની ઝુંબેશ શરૂ કરી ઘનિષ્ઠ પ્રયાસ કરવો ઘટે.

વધુમાં ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ,૧૯૬૩ ની કલમ નંબર -૯(૧) મુજબ તથા ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-૧૯૪૯ ની કલમ -૫૦ હેઠળ હિસાબ નિયામક એ કુલપતિ દ્વારા બોર્ડમાં મંજુર કરાવી સરકારશ્રીમાં રીપોર્ટ મળ્યા તારીખથી ચાર મહિનાની અંદર પ્રથમ વખતના જવાબ રજુ કરવાના રહે છે.આમ છતાં વર્ષ-૧૯૮૭-૮૮ થી ૨૦૧૧-૧૨ સુધીના પ્રથમવારના જવાબો પણ ના કરવા સબબ સ્પષ્ટતા કરી,બાકી ફકરાઓના જવાબો કરવા સમયબધ્ધ આયોજન કરી,તમામ ફકરાઓના જવાબો કરવા ઓડીટ અનુરોધ છે. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને–2010-11 થી સને–2013-14 નાં વર્ષનો જનરલ અન્વેષણ અહેવાલમાં અનિયમિતતાઓનું પુનરાવર્તન થતુ આવે છે તેવી અનિયમિતતાઓની વિગત નીચે દર્શાવેલ છે.તો અનિયમિતતાઓનું પુનરાવર્તન ન થાય તેવી કાર્યવાહી કરવા અનુરોધ છે.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ
સને–2010-11 થી સને–2013-14
નાં વર્ષનો જનરલ અન્વેષણ અહેવાલમાં અનિયમિતતાઓનું પુનરાવર્તન થતુ આવે છે તેવી અનિયમિતતાઓનું પત્રક

| અ.નં. | ફકરા નંબર | વિગત. | સને–2010-11 | સને–2011-12 | સને–2012-13 | સને–2013-14 |
|---|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 01 | 02 | પુર્વ અન્વેષણ વિભાગ | સને–2010-11 | સને–2011-12 | સને–2012-13 | સને–2013-14 |
| 02 | 05 | અંદાજપત્ર નિયત સમયમાં વાસ્તવિક રીતે તૈયાર ન કરવા બાબત. | સને–2010-11 | સને–2011-12 | સને–2012-13 | સને–2013-14 |
| 03 | 14 | ચુકવેલ એડવાન્સ તથા સંબંધિત પાર્ટીઓને ચુકવેલ ઓન એકાઉન્ટ રકમ વસુલ/ સરભર ના કરવા બાબત. | સને–2010-11 | સને–2011-12 | સને–2012-13 | સને–2013-14 |
| 04 | 15 | ડીપોઝીટ રજીસ્ટર રજુ ન કરવા બાબત | સને–2010-11 | સને–2011-12 | સને–2012-13 | સને–2013-14 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 05 | 16 | સરકારશ્રીની સુચના વિરુધ્ધ હંગામી નિમણુંક આપી ખર્ચ કરવામ બાબત | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 06 | 17 | પગાર ખર્ચની વાઉચરોમાં વિગતોની માહિતી ઉપલબ્ધ ના હોવા બાબત. | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 07 | 23 | ઉપલક(સસ્પેન્સ ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 08 | 24 | યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચના હિસાબો બાબત. | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 09 | 25 | યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત. | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 10 | 26 | કાનુની ખર્ચ રેકર્ડ/માહીતી રજુ કરવા બાબત | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 11 | 27 | સંસ્થાના કર્મચારીઓના જામીનગીરી અંગેનાં જામીનખત રજુ કરવા બાબત | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 12 | 32 | સરકારશ્રીના ઠરાવ અને યુનિવર્સિટીની એકઝ્યુક્યુટીવ કાઉન્સીલની તા-28-09-08 ની બેઠકમાં થયેલ ઠરાવ વિરુધ્ધ કર્મચારીઓને પરીક્ષાભથ્થુ અને ઓવરટાઇમ આપવા બાબત. | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 13 | 39 | આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર પાછળ કરેલ ખર્ચની અનિયમિતતા બાબત. | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 14 | 44 | બેન્ક મેળવણાં પત્રકમાં જણાયેલ અનિયમિતતા બાબત. | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |
| 15 | 46 | પરીક્ષાને લગતું રેકર્ડ રજુ ન થવા બાબત. | સને-2010-11 | સને-2011-12 | સને-2012-13 | સને-2013-14 |

સંસ્થાએ પ્રા.વા.નં – 26 નો જવાબ કરેલ છે. જ વાબમાં જણાવેલ છે કે "ગુજરાત યુનિ.ન. નાણાંકીય વર્ષ 2006-07 યુનિ 2009-10, 2010-11 તથા 2011-12 ના અત્રે આવેલ જનરલ અનવેષણના રીપોર્ટના જે તે ફકરા વાઇઝ પુર્તતા કરી પ્રથમવારના જવાબ પેટે પુર્તતા આપની કચેરીને બારોબાર મોકલી આપવામાં આવેલ છે. જે અંગેના અત્રેની કચેરીના પત્રોતથા જીલ્લા સહાયક કચેરી સાથે કરેલ અરસ પરસ લેખિત પત્રવ્યવહારની નકલો આ સાથે સામેલ છે. ઉપરાંત ફકરા

નિકાલ કેમ્પની કાર્યવાહી પણ હાલમાં ચાલુ જ છે. તો સંસ્થા તરફથી જે-તે નાણાંકીય વર્ષના રીપોર્ટના જે તે ફકરા વાઇઝ પુર્તતા કરવામાં આવેલી છે. તે બાબતે જે તે સમયે સમયે આ કચેરી તરફથી વિશેષ નોંધ પાઠવવામાં આવેલી છે. ઉપરાંત ફકરા નિકાલ કેમ્પની કાર્યવાહી પણ હાલમાં ચાલુ જ છે. હવે પછી ફકરામાં જણાવેલ પુર્તતા કરવાની રહે છે."

આ કારણોસર સંસ્થનો જવાબ પ્રા.આ.સાથે સુસંગત નથી.

ફકરા નંબર-03/01

જવાબદારીઓ અને અસ્કયામતો બાબત.

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના તા.૩૧/૦૩/૧૪ ના રોજ પૂરા થતાં વર્ષની જવાબદારીઓ અને અસ્કયામતોનું પત્રક

| અ.નં. | જવાબદારીઓ | રકમ રૂપિયા | અસ્કયામતો | રકમ રૂપિયા |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ | 14851402.43 | કાયમી મિલકતો | 518820988.12 |
| 02 | કેપિટલ ફંડ | 494370217.80 | રોકાણો | 20000.00 |
| 03 | પુસ્તક ફંડ | 8656300.86 | એડવાન્સ અને બીજા ખાતાઓ | 1170306010.87 |
| 04 | બીજા ફંડ | 374790561.53 | પેપર સ્ટીલ સિમેન્ટ એકાઉન્ટ | 00.00 |
| 05 | આવક ખર્ચ ખાતુ | 323171851.94 | બેન્ક અને બીજી પુરાંતો | 00.00 |
| 06 | સરકારી ગ્રાન્ટો (બાકી) | 94214996.62 | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ | 00.00 |
| 07 | ડીપોઝીટ અને બીજા ખાતાઓ | 380436220.67 | સસ્પેન્સ એકાઉન્ટસ | 1344552.86 |
| 08 | કર્મચારી વીમા યોજના ફાળો | 00.00 | | |
| 09 | ચાલુ વર્ષે એડજેસ્ટ કર્યા | 00.00 | - | 00.00 |
| કુલ રૂપિયા | | 1690491551.85 | - | 1690491551.85 |

ફકરા નંબર-૦૩/૦૨

**આર્થિક સ્થિતિની આવક/ખર્ચની સમિક્ષા બાબત.**

(૦૧) ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદનાં તા.૩૧/૦૩/૧૪ ના રોજ પુરા થતાં છેલ્લા ત્રણ વર્ષની જનરલ ફંડ આવક/ખર્ચની વિગતો નીચે મુજબની જણાયેલ હતી.

આવક-ખર્ચની વિગત

| ક્રમ | વર્ષ | આવક રૂપિયા | ખર્ચ રૂપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| 01 | 2011-2012 | 52,94,92,621 | 51,44,70,011 |
| 02 | 2012-2013 | 69,69,65,835 | 61,35,30,852 |
| 03 | 2013-2014 | 90,76,95,784 | 71,95,18,960 |
| | કુલ | 2,13,41,54,240 | 1,87,75,19,823 |
| | વાર્ષિક સરાસરી | 71,13,84,747 | 62,58,39,941 |
| | સરાસરી આવકમાં વધારો | 8,55,44,806 | |

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદની નાણાંકિય પરિસ્થિતિની સમિક્ષા કરતાં સરાસરી ખર્ચ કરતાં આવકમાં રૂપિયા ૮,૫૫,૪૪,૮૦૬/- નો વધારો જણાયેલ હતો.જેથી સંસ્થાની આર્થિક સ્થિતિ સંતોષકારક જણાયેલ હતી.

ફકરા ક્રમાંક - ૦૪

**અંદાજપત્રની સમિક્ષા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩-૧૪ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન અંદાજપત્રના સંદર્ભમાં ચકાસણી કરતાં નીચેની બાબતો ઓડીટના ધ્યાને આવેલ હતી.

(૦૧) ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૪૯ માં થયેલ જોગવાઇઓ મુજબ જે તે નાણાંકિય વર્ષ શરૂ થતાના નિયત માસ પહેલાં તેના નાણાંકિય અંદાજો તૈયાર કરી સેનેટ ની સભા સમક્ષ મંજુર કરાવવા રહે છે.

(૦૨) અવલોકનમાં નીચે જણાવ્યા મુજબની અનિયમિતતા ધ્યાને આવેલ છે.જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

વર્ષ-૨૦૧૩/૨૦૧૪ ના અંદાજપત્રની વિગતો :-

| વિગત | મંજુર થયેલ અંદાજ મુળ જોગવાઇ મુજબનાં રૂપિયા | મંજુર થયેલ અંદાજ સુધારેલ જોગવાઇ મુજબનાં રૂપિયા | ખરેખર થયેલ આવક-ખર્ચ રૂપિયા | ખરેખર થયેલ આવક-ખર્ચમાં તફાવત (સુધારેલ અંદાજપત્ર મુજબ) રૂપિયા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| આવક | ૭૬,૯૮,૬૬,૯૦૦ | ૧,૦૪,૪૩,૪૨,૫૨૫ | ૯૦,૭૬,૯૫,૬૩૪ | ૧૩,૬૬,૪૬,૮૯૧ | |
| ખર્ચ | ૭૭,૮૨,૯૦,૩૦૦ | ૧,૦૪,૬૪,૪૨,૪૦૬ | ૭૧,૬૭,૧૩,૧૯૭ | ૩૨,૯૭,૨૯,૨૦૯ | |

<u>ઓડીટનોંધ :-</u>

(૦૧) પ્રવૃતિઓ હેઠળ સુધારેલ અંદાજ આવકની જોગવાઇ ૧,૦૪,૪૩,૪૨,૫૨૫/-રૂપિયાની સામે ખરેખર આવક ૯૦,૭૬,૯૫,૬૩૪/- રૂપિયા થયેલ હતી એટલે કે ૧૩,૬૬,૪૬,૮૯૧/-રૂપિયાની ઓછી આવક થયેલ છે.

(૦૨) સુધારેલ અંદાજ ખર્ચની જોગવાઇ રૂપિયા ૧,૦૪,૬૪,૪૨,૪૦૬/-રૂપિયાની સામે ખરેખર ખર્ચ રૂપિયા ૭૧,૬૭,૧૩,૧૯૭/-રૂપિયા થયેલ હતો એટલે કે રૂપિયા ૩૨,૯૭,૨૯,૨૦૯/-રૂપિયા ઓછો ખર્ચ થયેલ છે.

(03) અંદાજપત્રનાં જે તે પેટા સદરોમાં આવક અને ખર્ચ સામે ખરેખર આવક ખર્ચ વચ્ચે મોટી રકમનો તફાવત આ સાથે પરિશિષ્ટ-૧ તથા પરિશિષ્ટ-૨ ની વિગતો જોતાં જણાયેલ છે જે જોતાં અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ હોય તેમ ઓડિટે જણાયેલ છે.

સંસ્થાએ પ્રા.વા.નં –૧૬નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "નિયત થયેલ જોગવાઇઓ મુજબ જે તે નાણાંકીય વર્ષ શરૂ થવાના નિયત સમય પહેલા નાણાંકીય અંદાજો તૈયાર કરી સિન્ડીકેટ તથા સેનેટ ધ્વારા મંજૂર કરવામાં આવે છે."
સંસ્થાએ ફકરામાં જણાવ્યાં મુજબના આધારો રજૂ કરેલ ન હોય આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

## પરિશિષ્ટ-૦૧

### અંદાજપત્રમાં કરેલ જોગવાઇ કરતાં ખરેખર આવકમાં થયેલ તફાવત અંગેની વિગત દર્શાવતું પરિશિષ્ટ-૧

### વર્ષ-૨૦૧૩/૨૦૧૪

| અ.નં | આવકની વિગત | સુધારેલ અંદાજ રૂપિયા | ખરેખર આવક રૂપિયા | (વધ) અંદાજ કરતાં વધુ આવક | (ઘટ) અંદાજ કરતાં ઓછી આવક | ટકાવારી ૦૬/૦૩ |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ |
| ૦૧ | પ્રકાશનોની આવક | ૧,૫૦,૦૦,૦૦૦ | ૧,૧૭,૯૮,૫૩૭ | - | ૩૨,૦૧,૪૬૩ | ૨૧.૩૪ |
| ૦૨ | જમીનની આવક | ૨૦,૦૦,૦૦૦ | ૨,૪૯,૪૨૦ | - | ૧૭,૫૦,૫૮૦ | ૮૭.૫૨ |
| ૦૩ | કન્વેન્શન સેન્ટરની આવક | - | ૮,૫૦,૦૦,૦૦૦ | ૮,૫૦,૦૦,૦૦૦ | - | - |
| ૦૪ | મકાનભાડા વગેરેની આવક | ૨૫,૦૦,૦૦૦ | ૧૯,૪૭,૦૭૧ | - | ૫,૫૨,૯૨૯ | ૨૨.૧૧ |
| ૦૫ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૩,૩૫,૦૦૦ | ૯૪,૬૦૦ | - | ૨,૪૦,૪૦૦ | ૭૧.૭૬ |
| ૦૬ | માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન | ૩,૫૦,૦૦૦ | ૪,૦૪,૮૦૦ | ૫૪,૮૦૦ | - | - |
| ૦૭ | અનુસ્નાતક શિક્ષણકાર્ય | ૮,૮૬,૨૭,૦૦૦ | ૭,૪૩,૦૦,૬૪૯ | - | ૧,૪૩,૨૬,૩૫૧ | ૧૬.૧૬ |
| ૦૮ | યુનિ.કોમ્પ્યુટર સેન્ટરની આવક | ૫૫,૬૫,૦૦૦ | ૪,૧૩,૧૨૫ | - | ૫૧,૫૧,૮૭૫ | ૯૨.૫૭ |
| ૦૯ | ગ્રંથાલયશાસ્ત્રભવન | ૭,૫૨,૦૦૦ | ૪,૪૩,૭૦૦ | - | ૩,૦૮,૩૦૦ | ૪૦.૯૯ |
| ૧૦ | યુનિવર્સિટી મુદ્રાલય | ૧૫,૧૦,૦૦૦ | ૦ | - | ૧૫,૧૦,૦૦૦ | ૦ |
| ૧૧ | રાજય સરકારશ્રીની ગ્રાન્ટ | ૪૮,૮૪,૧૩,૬૧૯ | ૩૧,૦૩,૭૮,૪૦૩ | - | ૧૭,૮૦,૩૫,૨૧૬ | ૩૬.૪૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | મધ્યસ્થ સરકારશ્રીની ગ્રાન્ટ | ૨,૫૭,૨૮,૦૬૦ | ૧,૦૪,૫૮,૪૬૭ | - | ૧,૫૨,૬૯,૫૯૩ | ૫૯.૩૪ |
| ૧૩ | યુનિ.ગ્રાન્ટ કમિશનની ગ્રાન્ટ | ૧૮,૫૪,૪૬,૨૬૦ | ૧૦,૮૭,૩૭,૩૦૬ | - | ૭.૬૭,૦૮,૯૫૪ | ૪૧.૩૬ |
| ૧૪ | અન્ય ગ્રાન્ટ | ૮૮,૪૪,૫૮૬ | ૮,૩૧,૮૪૨ | - | ૮૦,૧૨,૭૪૪ | ૯૦.૫૯ |
| ૧૫ | વ્યાજ | ૧,૩૦,૦૦,૦૦૦ | ૨,૬૪,૪૪,૯૪૯ | ૧,૩૪,૪૪,૯૪૯ | - | - |

## પરિશિષ્ટ-૦૨

## અંદાજપત્રમાં કરેલ જોગવાઇ કરતાં ખરેખર ખર્ચમાં થયેલ તફાવત અંગેની વિગત દર્શાવતું પરિશિષ્ટ-૨

### વર્ષ-૨૦૧૩/૨૦૧૪

| અ.નં | ખર્ચની વિગત | સુધારેલ અંદાજ રૂપિયા | ખરેખર ખર્ચ રૂપિયા | (વધ) અંદાજ કરતાં વધુ ખર્ચ | (ઘટ) અંદાજ કરતાં ઓછો ખર્ચ | ટકાવારી ૦૬/૦૩ |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ |
| ૦૧ | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃત્તિ | ૧૫,૦૦૦ | ૦ | - | ૧૫,૦૦૦ | ૦ |
| ૦૨ | યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર | ૪૩,૫૦,૦૦૦ | ૨૯,૦૧,૭૩૬ | - | ૧૪,૪૮,૨૬૪ | ૩૩.૨૯ |
| ૦૩ | યુનિવર્સિટી જમીન જાયદાદ | ૨,૩૮,૫૫,૦૦૦ | ૨,૪૬,૧૧,૩૭૬ | ૭,૫૬,૩૭૬ | - | - |
| ૦૪ | પરફોમિંગ આર્ટસ અભ્યાસક્રમ | ૧૨,૦૦,૦૦૦ | ૮,૫૪,૧૧૬ | - | ૩,૪૫,૮૮૪ | ૨૮.૮૨ |
| ૦૫ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૭,૬૭,૦૦૦ | ૩,૧૨,૨૬૮ | - | ૪,૫૪,૭૩૨ | ૫૯.૨૮ |
| ૦૬ | પત્રકારત્વ વિભાગ | ૨૩,૧૦,૦૦૦ | ૨૭,૪૩,૭૯૦ | ૪,૩૩,૭૯૦ | - | - |
| ૦૭ | એસ.ટી.એસ.સી.સેલ | ૧૦,૦૦,૦૦૦ | ૯,૧૧,૯૩૫ | - | ૮૮,૦૬૫ | ૦.૦૮ |
| ૦૮ | કન્વેન્શન સેન્ટર | ૦ | ૧૧,૨૪,૯૩૭ | ૧૧,૨૪,૯૩૭ | - | - |

ફકરા ક્રમાંક -૦૫

## સંસ્થાના કર્મચારીઓની જામીનગીરી અંગેના જામીનખત રજુ ન કરવા બાબત

ગુજરાત નાણાકિય નિયમોના નિયમ-૧૭૬ માં થયેલ જોગવાઇ અનુસાર સંસ્થામાં રોકડ સિલકો,બેંક થાપણો.સ્ટોર તેમજ સ્ટેમ્પના સ્ટોકનો હવાલો ધરાવતા કર્મચારી/અધિકારીશ્રીઓના જામીનખત મેળવી તેઓની હયાતીપણાની ખાતરી સક્ષમ અધિકારીશ્રી સમક્ષ કરાવવાની રહે છે.સંસ્થામાં ઉપરોક્ત વિગતે યુનિવર્સિટીતેમજ સલગ્ન ભવનોમાં કાર્યરત ઉક્ત હવાલાવાળા કર્મચારીઓના ધોરણસરના જામીનખત મેળવેલ હોય તો તેની આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.જામીનગીરી/જામીનખત સબંધી જે કાંઇ રેકર્ડ સંસ્થાએ નિભાવેલ હોય તે સદરહુ રેકર્ડ અન્વેષણની ચકાસણી માટે સંસ્થાના/ભવનોના સબંધિત કર્મચારીના નામ/હોદ્દાની વિગતો સહ રજુ કરવુ ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.૧૯ નો જવાબ રજુ કરેલ છે.જવાબમાં જણાવેલ છે કે યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સીલ,બોર્ડ ઓફ એકાઉન્ટસ,ફાયનાન્સ કમિટી કે સેનેટ(સક્ષમ સત્તામંડળ) દ્વારા આવી કોઇ જામીનગીરી માટેના ઠરાવો કરેલ નથી કે યુનિવર્સિટીના સ્ટેચ્યુટ કે ઓર્ડીનન્સમાં આવી કોઇ જોગવાઇ ન હોઇ રોકડ કે સ્ટેમ્પ વ્યવહાર સાથે જોડાયેલ કર્મચારીઓ પાસેથી જામીનગીરીની પ્રથા અત્રે સ્વીકૃત કરવામાં આવેલ નથી તેમ જણાવેલ છે તો સરકારશ્રીના પ્રવર્તમાન નીયમોનુસાર જામીનગીરી પ્રથા સ્વીકૃત કરવામાં આવે અને કરેલ કાર્યવાહીની વિગતો ઓડીટે રજુ થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં – 19 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "ગુજરાત નાણાંકીય નિયમ – 179 માં દર્શાવ્યા મુજબ સરકાર બહાર પાડેલી સામાન્ય કે ખાસ સુચનાને આધિન ખાતાના વડા અથવા આ અંગે જેમને સતા સોંપવામાં આવો હોય તેવા બીજા કોઇ પણ સત્તા અધિકારી દરેક કેસના સંજોગો અને સ્થાનિક પરિસ્થિતિ અનુસાર નિયત કરે એવી રકમની જામીનગીરી આપવાની રહેશે.

ઉપરોકત નિયમ ધ્યાને લેતાં યુનિવર્સિટીની એક્ઝયુકયુટીવ કાઉન્સીલ બોર્ડ ઓફ એકા. ફાયનાન્સ કમિટિ કે સેનેટ ધ્વારા આવી કોઇ જામીનગીરી માટેના ઠરાવો કરેલ નથી કે યુનિવર્સિટીના સ્ટેચ્યુટ કે ઓડીનન્સમાં આવી કોઇ જોગવાય ન હોય રેકર્ડ કે સ્ટેમ્પ વ્યવહાર સાથે જોડાયેલ કર્મચારીઓ પાસેથી જામીનગીરીની પ્રથા અત્રે સ્વીકૃત કરવામાં આવેલ નથી."

આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા.સાથેસુસંગત નથી.

ફકરા ક્રમાંક – ૦૬/૦૧

================================================================

**સરકારી/અર્ધસરકારી સંસ્થાને આપેલ એડવાન્સ રકમના લાંબા સમય સુધી હિસાબમેળ / વસુલાત ન કરવા બાબત**

================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના નાણાંકીય વર્ષ-૨૦૧૩/૧૪ ના ઓડીટ દરમ્યાન લેજરની ચકાસણી કરતાં નીચે દર્શાવેલ સરકારી/અર્ધસરકારી સંસ્થાઓને તેમના નામ સામે દર્શાવેલ તારીખથી કામગીરી માટે એડવાન્સ રકમ ચુકવી/હવાલે મૂકવામાં આવેલ છે.જે નાણાંકીય વર્ષના અંત સુધી પણ વસૂલ થયેલ નથી કે સરભર થયેલ નથી.આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૦૧) રાજય સરકારના PWD ડિપાર્ટમેન્ટને તારીખ.૧/૪/૦૫ થી આપેલ એડવાન્સ રૂપિયા ૪૨,૪૧,૬૬૩/- બાકી ખેંચાય છે.આ સદરહું રકમ કઇ કામગીરી માટે એડવાન્સ આપેલ છે.તેની વિગતો રજુ થવા તથા સદરહુ નાણા સાત વર્ષ જેટલા લાંબા સમયથી બાકી ખેંચાતી હોવા છતાં વસુલ ન કરવા/એડજસ્ટ ન કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.અથવા જો આ અંગે કોઇ કાર્યવાહી કરેલ હોય તો તેની વિગતો રજૂ થવી ઘટે.

(૦૨) N.T.C.(9313035) ને આપેલ એડવાંન્સ રૂપિયા ૧,૪૫,૦૬૮/- તારીખ.૧/૪/૦૭ થી બાકી ખેંચાય છે.તો કયા હેતુ થી આ રકમ ચૂકવવામાં આવેલ છે.તથા સદરહુ રકમ વસુલ કરવા/એડજસ્ટ કરવા થયેલ કાર્યવાહીની વિગતો ઓડીટમાં રજુ થવી ઘટે.

(૦૩) પોલીવેલન્ટ સેન્ટરને (૯૩૧૫૦૦૧) રૂપિયા ૫૫,૯૬૮/- તારીખ.૧/૪/૦૭ થી ચૂકવેલ બાકી ખેચાય છે.આ કેન્દ્રને કઇ કામગીરી સબબ એડવાન્સ ચૂકવેલ છે.તેની વિગતો રજુ થવા તથા પાંચ વર્ષના લાંબા ગાળા દરમિયાન સબબ રકમ એડજસ્ટ કરવા કરેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

(૦૪) સીવીલ સપ્લાય કોર્પોરેશનને (૯૩૧૩૦૩૨) તારીખ.૧/૪/૮૮ થી ચૂકવેલ રૂપિયા ૧,૮૩,૭૩૫/- નાણાંકીય વર્ષ પૂર્ણ થતાં સુધી બાકી ખેંચાય છે.તો સદરહું રકમ કઇ બાબતે ચૂકવેલ છે અને આટલા લાંબા સમય સુધી રકમ વસુલ/એડજસ્ટ કરવા તેમજ સદરહું રકમ

વસુલ/એડજસ્ટ કરવાના પ્રયત્નોની વિગતો રજુ થવી ઘટે.તેમજ સદરહું રકમ વસુલ/એડજસ્ટ કરી આધાર સહ ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત દર્શાવ્યા મુજબની વિગતો રજુ થવા તથા એડવાન્સ ચૂકવેલ રકમ રૂપિયા ૪૬,૨૬,૪૩૪/-વસુલ કરી ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં – 43 નો જવાબ રજુ કરેલ નથી.

વસુલાત ની વિગત.

| | |
|---|---|
| (૧) P.W.D. | રૂ! ૪૨,૪૧,૬૬૩/- |
| (૨) N.T.C. | રૂ! ૧,૪૫,૦૬૮/- |
| (૩)Polyvalant | રૂ! ૫૫,૯૬૮/- |
| (૪) C.S.C | રૂ! ૧,૮૩,૭૩૫/- |
| કુલ | રૂ! ૪૬,૨૬,૪૩૪/- |

ફકરા ક્રમાંક - ૦૬/૨

**ખાનગી પેઢીઓને ઓન એકાઉન્ટ ચૂકવેલ રકમ ખર્ચ તરીકે દર્શાવવા તથા લાંબા સમયથી બાકી રહેલ રકમો એડજસ્ટ /વસુલ ન કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ ના વર્ષના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેજર એકાઉન્ટ રજિસ્ટરોની ચકાસણી કરવામાં આવતાં જણાયેલ છે કે યુનિવર્સિટી દ્વારા જુદી જુદી વેપારી એજન્સીઓને સાધન સામગ્રીની ખરીદી પેટે તેમજ કોઇ સેવા પૂરી પાડવા બદલ કે પરીક્ષાને લગતી કામગીરી કરવા બદલ ઓન એકાઉન્ટ ચુકવણું કરવામાં આવે છે.પરંતુ આ પ્રકારે આપેલ રકમોના હિસાબો જે તે નાણાંકીય વર્ષમાં સરભર કરવામાં આવેલ નથી.આ સાથે સામેલ પરિશિષ્ટ-૦૨ માં દર્શાવેલ રકમો જે તા.૧/૪/૮૮ થી તા.૩૧/૩/૧૪ સુધીમાં ચૂકવેલ છે,પરંતુ તે વર્ષાન્તે સરભર કરવામાં આવેલ નથી.વધુમાં સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વેપારી પેઢી/એજન્સીઓ પાસેથી કેટલાક કિસ્સાઓમાં રૂા ૨૫/- લાખથી પણ વધુ રકમ સરભર કરવાના બાકીમાં જણાઇ આવેલ છે.તો આટલા લાંબા સમય બાદ પણ આટલી માતબર રકમો વસુલ/સરભર નહીં કરવા અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૧) ઉપરોકત વેપારી એજન્સીઓ પાસેથી સદરહુ રકમ વસુલ/સરભર કરવા અંગે સંસ્થાએ કરેલ કાર્યવાહી/પત્રવ્યવહાર સંબંધી દસ્તાવેજો અન્વેષણની ચકાસણી અર્થે રજુ થવા ઘટે.

(૨) વેપારી એજન્સીઓ પાસેથી માલસામાન કે કોઇપણ પ્રકારની સેવા મેળવ્યા સિવાય તેમજ એડવાન્સ રજિસ્ટરે ખર્ચની નોંધ કર્યા સિવાય ઓન એકાઉન્ટ ચુકવણું કયા આધારે કરવામાં આવેલ છે તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૩) ખરીદ પધ્ધતિ મુજબ કોઇપણ વેપારી એજન્સી/પેઢી પાસેથી માલસામાન ખરીદી અંગેના કે તેની પાસેથી લીધેલ કોઇપણ પ્રકારની સેવાના બિલો રજુ થયા બાદ જ જે તે સદરે ખર્ચ પાડી ચુકવણું કરવાનું રહે છે.ખાસ જોગવાઇના આધારે કે પેઢી સાથે કરાર કરવામાં આવેલ હોય તો પણ નાણાંકીય નિયમોને આધીન એડવાન્સ રકમ ચૂકવી શકાય નહીં, આમ છતાં કોઇ સંજોગોમાં એડવાન્સ રકમ ચૂકવ્યા સિવાય ખરીદી કે સેવા શકય ન હોય તો પણ એડવાન્સ તરીકે આપેલ રકમની એડવાન્સ રજિસ્ટરે નોંધ કરી એડવાન્સ સદરે ઉધારી (પાકા સદરે ખર્ચ પડે નહિ) જયારે જયારે તે અંગેના બિલો રજુ કરવામાં આવે ત્યારે ત્યારે આપેલ એડવાન્સની રકમમાંથી સરભર કરવાની રહે છે.જે પ્રથાનુ સંસ્થા ખાતે પાલન થતું નથી,અને ઓન એકાઉન્ટ રકમ આપવાના કારણે ગંભીર નાણાંકીય ગેરરીતિ થવાની પૂરેપૂરી સંભાવના રહેલ છે,તો આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે સંસ્થાએ લીધેલ

પગલાની અન્વેષણને આધાર સહ ખાતરી કરાવવી ઘટે.આ અગાઉના અન્વેષણો દ્વારા સદરહુ બાબતે ધ્યાન દોરવા છતાં સદરહુ પ્રથા અમલમાં રાખવા અંગે સ્પષ્ટતા કરવા અનુરોધ છે.

(૪) ઉપર દર્શાવ્યા મુજબ વર્ષના અંતે રૂા ૧૮૧૪૪૬૯૯૧/-વસુલ કરવાના બાકી છે,ખરેખર સદરહુ રકમ ખર્ચ કરવા આપેલ છે,અને ખર્ચ પણ થયેલ જ હશે પરંતુ નાણાંકીય વર્ષમાં સરભર કરવાની બાકી છે અને તેથી તેટલા અંશે ખર્ચ પણ ઓછો નોંધાયેલ ગણાય.આમ,ઉપર દર્શાવ્યા મુજબનાણાંકીય વર્ષના અંતે રૂા ૧૮૧૪૪૬૯૯૧/- ચૂકવેલ/એડવાન્સ/ઓન એકાઉન્ટ રકમ સરભર/વસુલ કરવાના રહે.આ રકમો પૈકી વસુલ કરવાપાત્ર રકમ વાર્ષિક ૮ % ના દરે વ્યાજ સહિત સંબંધિતથી/જવાબદારથી વસુલ થવી ઘટે.તેમજ આ રકમો એડવાન્સ તરીકે ચૂકવ્યા બાદ સમયસર એડજસ્ટ/વસુલ ન કરવા સબબ સંબંધિત વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવા ઓડીટ સૂચન છે.તદનુસાર કરેલ કાર્યવાહીના આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં – 44 જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે
"અધિકારીશ્રીની જગ્યા ખાલી હોવાથી સહિ સિકકા અને ખરાઇ કરવામાં આવેલ ન હતા પરતું હાલમાં અધિકારીશ્રીની નિમણૂક કરવામાં આવેલ હોવાથી હવે પછી સહી સિકકા અને ખરાય કરવામાં આવશે.

- એડવાન્સ જે પછીના વર્ષે હિસાબ ઓડીટ થતાં સરભર થઇ જતી હોય છે. ટેક્ષી કોન્ટ્રાકટરને ચાલુ વર્ષથી એડવાન્સ બંધ કરેલ છે. અને અગાઉ આપેલ એડવાન્સ બધા સરભર કરેલ છે.

- ઘણીવાર હિસાબ જમા કરાવતી વખતે જે તે પાર્ટી તરફથી અથવાતો હિસાબ વિભાગમાં કોઇ કારણોસર મોડું થતું હોય છે. ઘણીવાર કોમ્પ્યુટર એન્ટ્રી વાઉચરમાં ખોટા કોડની એન્ટ્રી થતાં સરભર થયેલી પેશગી બીજા કોડ ખાતે જમા થતા જે તે કોડ ખાતે બાકી જણાતી હોય છે તે છતાં આપને કરેલ સુચનને ધ્યાનમાં રાખી હિસાબોમાં રહેલી ક્ષતિઓને દૂર કરવામાં આવશે."

- આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વસુલાત ની વિગત.
૧૮૧૪૪૬૯૯૧/-

ફકરા ક્રમાંક - ૦૬/03

=====================================================================

**૧૧.૪૪ કરોડ પેશગીઓ અંગેના હિસાબોની અનિયમિતતા બાબત**

=====================================================================

**ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાએ નિભાવેલ અન્વેષણ સંસ્થાની વિવિધ શાખાઓ,સંસ્થા હસ્તકના ભવનો વગેરેને માતબાર પ્રમાણમાં સમયાંતરે એડવાન્સની ચૂકવણી કરેલ હોવાનું જણાઇ આવેલ હતું. એડવાન્સ ચુકવણાની સાથે સાથે નિયત સમયમર્યાદામાં ચૂકવેલ એડવાન્સ વસુલ તેમજ સરભર પણ કરવાના રહે છે.એડવાન્સ રજિસ્ટરની તા વર્ષના એડ્વાન્સ રજિસ્ટરની ચકાસણી કરેલ હતી.એડવાન્સ રજિસ્ટરની વિગતોની ખરાઇ કરતાં સંસ્થા દ્વારા.૩૧/૩/૧૪ના રોજની સ્થિતિ નજરે જોતાં કુલ રૂ.૧૧,૪૪,૫૫,૭૪૬/જેટલી માતબર રકમ સામેલ પરિશિષ્ટ-૦3 માં દર્શાવ્યા મુજબ સરભર કરવાના બાકીમાં હોવાનું સ્પષ્ટ થયેલ હતું.જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.**

(૦૧) **ગુજરાત નાણાંકીય નિયમોની જોગવાઇ અનુસાર ચૂકવવામાં આવેલ એડવાન્સ (પેશગી) ના હિસાબો ત્રણ માસમાં તથા વધુમાં વધુ જે તે નાણાંકીય વર્ષના અંત સુધીમાં સરભર કરવાના રહે છે.તદનુસાર નિયત સમયમર્યાદામાં ચૂકવેલ એડવાન્સ સરભર નહીં કરવા અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.**

(૦૨) **ગુજરાત તિજોરી નિયમોના નિયમ-૨૧૧ ની જોગવાઇ મુજબ એડવાન્સ તરીકે એબસ્ટ્રેક બિલોથી ઉપાડેલ નાણાંનુ ત્રણ માસમાં વિગતવાર બિલ તૈયાર કરી ચુકવણા અધિકારીશ્રીને મોકલી આપવાનુ રહે છે. તેથી ત્રણ માસ કરતાં વધુ સમયથી બાકી એડવાન્સ માટે બેંકના ધારા ધોરણ મુજબ વ્યાજની ગણતરી કરી સબંધિત /જવાબદાર થી વસુલ કરી નિયત સદરે જમા લેવાના રહે છે.તે મુજબ પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતો ધ્યાને લઇ યોગ્ય કાર્યવાહી પૂર્ણ કરી આધારિત સ્પષ્ટતા /ખાતરી કરાવવી ઘટે.**

(03) ચુકવેલ પેશગીઓ નિયત સમયમર્યાદામાં વસુલ /સરભર કરવા અંગે ઉકત વિગતે જોગવાઇ થયેલ છે,પરંતુ સંસ્થાના એડવાન્સ રજિસ્ટરની વિગતો ધ્યાને લેતાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ માં દર્શાવ્યા મુજબ કેટલાંક એડવાન્સ પાંચ વર્ષથી લઇ અઢાર વર્ષ સુધી સરભર કરવાનાં બાકીમાં હોવાનુ જણાઇ આવેલ છે.આટલા લાંબા સમય થી એડવાન્સ સરભર કરવાનાં બાકીમાં હોય તે અતિગંભીર બાબત ગણી શકાય.સંસ્થાના

હિસાંબી બાબતો સાથે સંકળાયેલા જવાબદાર અધિકારીશ્રીઓએ સદરહુ કામે પૂરતુ ધ્યાન કેન્દ્રીત નહીં કરેલ હોવાનું ઉકત વિગતો પરથી સ્પષ્ટ થયેલ છે. સદરહુ બાબત પરત્વે સંસ્થાના ઉચ્ચ અધિકારીશ્રીઓનું આથી ધ્યાન દોરવામાં આવે છે.ગત અન્વેષણ અહેવાલોમાં પણ આ બાબતે યોગ્ય અનુરોધ કરવામાં આવેલ હોવાછતાં ધોરણસરની અમલવારી નહીં કરવા અંગે જવાબદારોથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) સંસ્થાએ ચૂકવેલ એડવાન્સ ઘણા લાંબા સમયથી સરભર/વસુલાત નહી થવાના કારણે સંસ્થાને વ્યાજનુ આર્થિક નુકશાન થાય છે.તથા નાણાં બિનજરૂરી રોકાઇ રહે છે.વળી, એડવાન્સ ખર્ચ કરવા આપેલ હોઇ ખર્ચ થયેલ હોવાછતાં ખર્ચ ઓછો નોંધાય છે,અને પાકા સરવૈયામાં મિલકત વધુ આવે છે.તેથી સદરહુ બાબતે સત્વરે કાર્યવાહી હાથ ધરી ચૂકવેલ એડવાન્સ સરભર કરવાં ઘટે.

(૦૫) સંસ્થાએ તેના નિયંત્રણ હેઠળના ભવનો/શાખાઓને ચૂકવેલ એડવાન્સ નુ વિગતવાર મેળવણુ કરી એડવાન્સ રજિસ્ટરના તમામ હિસાબો ક્ષતિરહિત હોવાના આધારોથી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૦૬) સંસ્થાએ નિભાવેલ એડવાન્સ રજિસ્ટરમાં સંસ્થાએ ચૂકવેલ પેશગીઓની નોંધોમાં સંસ્થાના સક્ષમ નાણાંકીય અધિકારીશ્રીની સહીઓ તેમજ સિક્કા થવા પામેલ ન હોઇ રજિસ્ટરમાં દર્શાવેલ હિસાબોના ખરાપણાની ખાતરી થઇ શકતી નથી તો એડ્વાન્સ રજિસ્ટરમાં દર્શાવેલ નોંધો હિસાબના મેળવણા સહિત પ્રમાણિત કરાવી ખાતરી કરાવવી ઘટે.

(૦૭) સંસ્થાએ નિભાવેલ એડવાન્સ રજિસ્ટર જીર્ણ હાલતમાં છે,રજિસ્ટરમાં કેટલાંક પાન રજિસ્ટરથી અલગ થઇ ગયેલ છે.આટલા માતબર હિસાબોનુ રજિસ્ટર આવી પરિસ્થિતિમાં નિભાવવુ નાણાંકીય નિયમોના ઉલ્લંઘન સમાન ગણાય.તેથી ધોરણસરનુ રજિસ્ટર નિભાવી ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં – 45 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે

"1 થી 46 ની ચુકવેલ એડવાન્સની વિગતો અંગે જણાવવાનું કે દા.ત. ગંગા ટ્રાવેલ્સને યુનિવર્સિટીની જુદી જુદી પરિક્ષાઓ માટે પેપરઉત્તરવહી અને યુનિવર્સિટી પ્રતિનિધિ નિરિક્ષક સમયસર લઇ જવા લાવવા અંગે ટેક્ષી ભાડાનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો.ગુજરાત યુનિ. ની પરિક્ષા વખતે લગભગ 160 થી 180 પરીક્ષા સેન્ટરોમાં પરીક્ષા લેવાતી હોય છે.

તેને પહોંચી વળવા ટેક્ષી ભાડાનો કોન્ટ્રાકટ આપવામાં આવે છે. પરીક્ષા કામગીરી વખતે ટેક્ષી વપરાશ ખર્ચ , ઇંધન ખર્ચ અને ડ્રાઇવરના મહેનતાણાં ચુકવવાના ખર્ચ અંગે કુલ અંદાજીત ખર્ચની ૭૦ ટકા રકમ પેશગી રૂપે આપવામાં આવે છે. આપણું નાણાંકીય વર્ષ એપ્રિલ થી માર્ચ હોવાથી વર્ષના અંતિમ ભાગમાં આપવામાં આવતી પેશગી બાકી જણાતી હોય છે. જે પછીના વર્ષમાં સરભર થતી હોય છે.

2014-15 માં ગંગા ટ્રાવેલ્સના આપેલ બધીજ પેશગીઓ સરભર થઇ ગયેલ છે.અને નવી પેશગીઓ આપવાની બંધ કરેલ છે."
આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

વસુલાત ની વિગત.

૧૧,૪૪,૫૫,૭૪૬/

## પરિશિષ્ટ-૦૨

### ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચુકવેલ ગુજરાત યુનિવર્સિટી ઓન એકાઉન્ટની વિગત દર્શાવતું પત્રક.

| અનં. | પાર્ટીનું નામ | દેવાની તારીખ | ખર્ચનો કોડ નંબર | ઓન એકાઉન્ટની બાકી રકમ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૩૧-૦૩-૧૪ | ૩૧-૦૩-૧૭ | વિશેષનોંધ |
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 01 | એમએસ.સ્નેહલ કન્સ્ટ. | 26-03-12 | 9351069 | 49721740 | માહિતી રજુ થયેલ નથી | - |
| 02 | ફેનીક ઇન્ફ્રા | 01-04-10 | 9351077 | 16254897 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 03 | એમ.એસ.વર્ધમાન પ્રિ.પ્રા. | 01-04-08 | 9351059 | 15769296 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 04 | એમએસ.હર્ષદ શાહ. | 18-11-11 | 9351066 | 13840298 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 05 | પેક્ષા એસોસીએટ | 29-03-12 | 9351083 | 9466817 | માહિતી રજુ થયેલ નથી | - |
| 06 | હર્ષદ શાહ એન્ડ કુ. | 01-04-07 | 9351040 | 8684127 | માહિતી રજુ થયેલ નથી | - |
| 07 | યુએસ.સી.એડ. કેમેસ્ટ્રી. | 01-04-10 | 9304006 | 8292088 | માહિતી રજુ થયેલ નથી | - |
| 08 | જે.કે.એન્જી. | 01-04-06 | 9351048 | 7650697 | માહિતી રજુ થયેલ નથી | - |
| 09 | બીબી.એ.એડ. | 01-04-09 | 9306003 | 6872821 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 10 | જય વિજય કન્સ્ટ | 01-04-06 | 9351044 | 5716871 | માહિતી રજુ થયેલ નથી | - |
| 11 | એમએસ.પટેલ બ્રધર્સ. | 31-03-12 | 9351061 | 4304093 | માહિતી રજુ થયેલ નથી | - |
| 12 | સોમ ઇલેક્ટોનિક્સ | 01-04-06 | 9351046 | 4076963 | માહિતી રજુ થયેલ નથી | - |
| 13 | સીપ્રેસ. | 01-04-08 | 9351016 | 3756200 | માહિતી રજુ થયેલ નથી | - |
| 14 | ઉદય બીલ્ડ પ્રા.લી. | 01-04-10 | 9351041 | 2386113 | માહિતી રજુ થયેલ નથી | - |
| 15 | શ્રી ઇન્ફ્રાકોન પ્રો.લી. | 31-03-12 | 9351075 | 2219518 | માહિતી રજુ થયેલ નથી | - |
| 16 | એમએસ.જય વિજય કન્સ્ટ. | 01-04-07 | 9351052 | 1913099 | માહિતી રજુ થયેલ નથી | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 17 | એમએસ.સુઝકી ઇન્ટીરીયમ. | 01-04-08 | 9351055 | 1773149 | માહિતી રજુ થયેલ નથી | - |
| 18 | યુએસ.સી.એડ.ફીઝીકસ. | 01-04-10 | 9304007 | 1744303 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 19 | અનીલ પ્રિંટર્સ પ્રા.લી. | 01-04-07 | 9351004 | 1231370 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 20 | એમએસ.રોલર કન્સ્ટ. | 11-08-11 | 9351067 | 1072293 | માહિતી રજુ થયેલ નથી | - |
| 21 | રોલર સેન્ટર | 11-08-11 | 9351067 | 1072293 | માહિતી રજુ થયેલ નથી | - |
| 22 | સમવીત બીલ્ડ કેર | 06-08-11 | 9351060 | 1045067 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 23 | યુ.એસ.સી.એડ.બોટની ડિપા. | 01-04-10 | 9304005 | 1040597 | માહિતી રજુ થયેલ નથી | - |
| 24 | એમલ ફાઉન્ડેશનએસ.પટે. | 01-04-08 | 9351058 | 910123 | માહિતી રજુ થયેલ નથી | - |
| 25 | કોમ્પ્લાસ્ટ કોર્પોરેશન | 01-04-10 | 9351074 | 862373 | માહિતી રજુ થયેલ નથી | - |
| 26 | કોમ્બાસ્ટ કોર્પો. | 31-03-12 | 9351074 | 862373 | માહિતી રજુ થયેલ નથી | - |
| 27 | એમ.એસ.વોલ્ટસ લી. | 13-02-12 | 9351063 | 815340 | માહિતી રજુ થયેલ નથી | - |
| 28 | યુએસ.સી.એડ.માઇક્રોબાયોલોજી. | 01-04-10 | 9304010 | 811617 | માહિતી રજુ થયેલ નથી | - |
| 29 | ઇરીડીયમ ટેકનોલોજીસ | 17-05-11 | 9351072 | 742612 | માહિતી રજુ થયેલ નથી | - |
| 30 | શ્રી ચીતરા જુથ પ્રા | 14-03-12 | 9351065 | 721755 | માહિતી રજુ થયેલ નથી | - |
| 31 | કેકપુર | 01-04-06 | 9331202 | 621643 | માહિતી રજુ થયેલ નથી | - |
| 32 | નિશાન ઓફસેટ | 01-04-98 | 9351017 | 500000 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 33 | સીવીક ઓરગેનીક્સ | 01-04-10 | 9351057 | 371911 | માહિતી રજુ થયેલ નથી | - |
| 34 | સીવીલ ઓરગાનીસર | 18-10-11 | 9351057 | 371911 | માહિતી રજુ થયેલ નથી | - |
| 35 | યુએસ.સી.એડ.ઝુલોજી. | 01-04-10 | 9304009 | 365504 | માહિતી રજુ થયેલ નથી | - |
| 36 | ડમી નો વર્ક | 01-04-96 | 9311010 | 277845 | માહિતી રજુ થયેલ નથી | - |
| 37 | પટેલ કન્સ્ટ | 01-04-09 | 9351039 | 254001 | માહિતી રજુ થયેલ નથી | - |
| 38 | પટેલ કન્સ્ટ | 01-04-09 | 9351050 | 251000 | માહિતી રજુ થયેલ નથી | - |
| 39 | ડીપી.ઇ.એડ.લોકલ રપોર્ટસ. | 01-04-06 | 9309003 | 238536 | માહિતી રજુ થયેલ નથી | - |
| 40 | એમએસ.જે.સી.બિલ્ડર્સ. | 27-08-11 | 9351062 | 229420 | માહિતી રજુ થયેલ નથી | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 41 | ડેસ્ટીની ઝોન સિક્યુરીટી | 18-10-11 | 9351086 | 190767 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 42 | કોમ્ફાય ફર્નિચર સેન્ટર | 31-03-12 | 9351084 | 183887 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 43 | હેમંત કેશાહ. | 06-01-12 | 9351064 | 165006 | માહિતી રજુ થયેલ નથી | - |
| 44 | વીપુલ પંડયા | 31-03-12 | 9351079 | 152505 | માહિતી રજુ થયેલ નથી | - |
| 45 | બ્યુસ્ટાર લિ. | 31-03-12 | 9351078 | 149370 | માહિતી રજુ થયેલ નથી | - |
| 46 | સી.એમ.સી.લી. | 01-04-92 | 9331210 | 132132 | માહિતી રજુ થયેલ નથી | - |
| 47 | વિનય કન્સ્ટ | 01-04-08 | 9351037 | 119997 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 48 | ગુજરાત કન્સ્ટ | 01-04-09 | 9351038 | 119997 | માહિતી રજુ થયેલ નથી | - |
| 49 | ડીજીટલ એન્જી.પ્રો.પ્રા. | 01-04-08 | 9351047 | 112416 | માહિતી રજુ થયેલ નથી | - |
| 50 | ચંદીતી એરકંડીશનીંગ | 13-02-12 | 9351092 | 98369 | માહિતી રજુ થયેલ નથી | - |
| 51 | એલટી.સી.એડ જી.પી.એફ.સ્ટાફ. | 01-04-88 | 9320015 | 78097 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 52 | એસ.એલ.લોન એ/સી સ્ટાફ જી.એફ. | 01-04-03 | 9320014 | 77759 | માહિતી રજુ થયેલ નથી | - |
| 53 | એડલ્ટ એજ્યુકેશન | 01-04-03 | 9310003 | 74550 | માહિતી રજુ થયેલ નથી | - |
| 54 | યુસેન્ટ્રલ લેબ.એસ.સી. | 01-04-09 | 9304011 | 72093 | માહિતી રજુ થયેલ નથી | - |
| 55 | એમએસ.મનીયાર એસો. | 01-04-09 | 9351068 | 67547 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 56 | રવિ એન્જી | 01-04-04 | 9351029 | 66253 | માહિતી રજુ થયેલ નથી | - |
| 57 | એડએ.સી.એફ.વાય.બી.કોમ એડમી. | 01-04-06 | 9322000 | 63000 | માહિતી રજુ થયેલ નથી | - |
| 58 | યુએસ.સી.એડ.જીઓગ્રાફી. | 01-04-10 | 9304012 | 59824 | માહિતી રજુ થયેલ નથી | - |
| 59 | હરવાની કન્સ્ટ | 01-04-06 | 9351045 | 55055 | માહિતી રજુ થયેલ નથી | - |
| 60 | પટેલ એન્જી | 01-04-04 | 9351030 | 48461 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 61 | આર(ઓ.બી.(વોટર સપ્લાય. | 01-04-95 | 9321010 | 48000 | માહિતી રજુ થયેલ નથી | - |
| 62 | ફેરવે માર્કેટીંગ | 25-07-11 | 9351087 | 41298 | માહિતી રજુ થયેલ નથી | - |
| 63 | નવકાર કેમીકલ્સ | 05-10-11 | 9351088 | 38948 | માહિતી રજુ થયેલ નથી | - |
| 64 | હર્ષા કન્સ્ટ | 01-04-04 | 9351036 | 33318 | માહિતી રજુ થયેલ નથી. | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 65 | એડફોરેન્સીક સાયાન્સ. | 01-04-10 | 9304017 | 32000 | માહિતી રજુ થયેલ નથી. | - |
| 66 | યુએસ.વી.પી.જી.ડી.ઇ.એ.એડવાન્સ. | 01-04-06 | 9305003 | 28205 | માહિતી રજુ થયેલ નથી | - |
| 67 | એલટી.સી.એડ પેસ. | 01-04-01 | 9320008 | 25463 | માહિતી રજુ થયેલ નથી | - |
| | | | Total Rs. | 181446991 | | - |

## તા.૩૧/૩/૨૦૧૩ ના રોજ પેશગીની હિસાબો સરભર કરવાના બાકીમાં છે તેની વિગત દર્શાવતુ પરિશિષ્ટ-૦૩

| અ નં. | ખાતાના વિભાગનુ નામ | લેજર કોડ | બાકી પેશગી | | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| | | | ૩૧/૩/૧૪ | ૩૧/૩/૧૩ | |
| 01 | 02 | 03 | 08 | 09 | 10 |
| 01 | MISC ADV GENERAL | 9311003 | 25224720 | 11442407 | - |
| 02 | ACADAMIC STAFF COLLAGE | 9321000 | 24532038 | 2403457 | - |
| 03 | CHEMISTRY DEPT | 9304006 | 8292088 | 81036 | - |
| 04 | BBA ADV | 9306003 | 6872821 | 1010273 | - |
| 05 | GANGA TRAVELS | 9326000 | 6493048 | 3646534 | - |
| 06 | DPE INT UNI SPORTS | 9309001 | 6207027 | 4792892 | - |
| 07 | USS ADV GENERAL | 9301002 | 5271147 | 16102 | - |
| 08 | A/C ESTATE | 9313001 | 3696514 | 771489 | - |
| 09 | UNI PRESS ADV. | 9317001 | 3562186 | 00 | - |
| 10 | BIO/LIFE/SCI/ENVERO | 9304016 | 3083834 | 2906133 | - |
| 11 | COMPUTER CENTER | 9311012 | 2734249 | 6701 | - |
| 12 | YOUTH WELFARE | 9309004 | 2445771 | 551394 | - |
| 13 | USP ADV GENERAL | 9303002 | 1968582 | 1456481 | - |
| 14 | PHYSICS DEPT | 9304007 | 1744303 | 198610 | - |
| 15 | DPE ADV INTERER GROUP | 9309002 | 1551367 | 00 | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 16 | USG ADV GENERAL | 9302002 | 1387247 | 769137 | - |
| 17 | USB ADV BOTANY DEP | 9304005 | 1040597 | 1954647 | - |
| 18 | USV ADV GENERAL | 9305002 | 1026227 | 3459418 | - |
| 19 | MESC ADV UNI.STAFF | 9311001 | 1011422 | 973222 | - |
| 20 | MICROBIOLOGY | 9304010 | 811617 | 172204 | - |
| 21 | STATISTICS DEPT | 9304014 | 535361 | 388035 | - |
| 22 | STUDY ABROAD | 9311016 | 505620 | 575000 | - |
| 23 | USL ADV GENERAL | 9307002 | 437523 | 534680 | - |
| 24 | ADV A/C ELECTON | 9311004 | 407721 | 00 | - |
| 25 | ZOOLOGY DEPT | 9304009 | 365504 | 148590 | - |
| 26 | LIBRARY ADV | 9318001 | 309226 | 78824 | - |
| 27 | LIB SCI.ADV | 9318002 | 294075 | 96073 | - |
| 28 | DUMMY NO WORK | 9311010 | 277845 | 00 | - |
| 29 | ADV PERFORMING | 9311023 | 271640 | 10010 | - |
| 30 | LOCAL SPORTS | 9309003 | 238596 | 00 | - |
| 31 | U P PUROHIT | 9323000 | 231700 | 00 | - |
| 32 | USG ADV BCJP | 9302003 | 199969 | 54307 | - |
| 33 | DEV.COMMU.ADV | 9319001 | 183563 | 411337 | - |
| 34 | K.S.SCHOOL ADV | 9306002 | 159000 | 723121 | - |
| 35 | USP BED ADMISSION | 9303003 | 131676 | 00 | - |
| 36 | NSS ADV TO UNI NSS DEP | 9310002 | 129065 | 00 | - |
| 37 | NSS ADV TO UNI NSS DEP | 9310002 | 129065 | 00 | - |
| 38 | H.K.CENTRE | 9316001 | 112758 | 00 | - |
| 39 | SCARF/BADSE ADV | 9311009 | 109217 | 111750 | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 40 | BMS ADV STUDENTS UNION | 9306001 | 90000 | 00 | - |
| 41 | L.T.C.ADV | 9320015 | 78096 | 78096 | - |
| 42 | ADULT EDU ADV | 9310003 | 74549 | 00 | - |
| 43 | CENTRAL LABORAT | 9304011 | 72093 | 00 | - |
| 44 | HOSTEL ADV GENERAL WOMEN | | 67111 | 84529 | - |
| 45 | POLYVALENT CENTRE | 9315001 | 55968 | 00 | - |
| 46 | FORENSIC SCI | 9304017 | 32000 | 00 | - |
| | તારીખ ના રોજ સરભર કરવાની બાકી પેશગી | | 114455746 | 39906489 | - |

ફકરા ક્રમાંક – ૦૭

==========================================================================

**કાનુની દાવા રજીસ્ટર તથા તેને સંલગ્ન માહિતી રજુ ન કરવા બાબત.**

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩/૧૪ ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ રેકર્ડ આધારિત ચકાસણી કરતાં રૂપિયા ૮૩,૫૦,૬૬૮/-નો ખર્ચ ઉધારેલ છે.સદર ખર્ચની ચકાસણી અર્થે ચકાસણી કરવા નીચે દર્શાવેલ વિગતનુ રેકર્ડ/માહિતી મેળવવી જરૂરી બનેલ છે.

(૦૧) ઓડીટ વર્ષનું દાવા રજીસ્ટર

(૦૨) વર્ષવાર કેટલા કોર્ટ કેસો નિકાલ થયા વિનાના બાકીમાં રહે છે તેની વિગત દર્શાવતું પત્રક

(03) ઓડીટ વર્ષમાં ઉપસ્થિત થયેલ તમામ કોર્ટ કેસોની ફાઇલો સાથેનુ જે તે આધારિત રેકર્ડ

(૦૪) વકીલશ્રીની નિમણૂક આપવા અંગેના ઠરાવો,નિયમો અને ફી ના દર અંગેના ધારાધોરણોની ફાઇલો

(૫) લીગલ ચાર્જીસ માટેના નિતિનિયમોની ફાઇલ

(૬) ઓડીટ વર્ષના અંતે બાકી રહેલ કેસોની સંખ્યા તેમજ સ્થિતિ દર્શાવતું વિગતવાર પત્રક

(૦૭) વર્ષ દરમ્યાન આવેલ ચુકાદાની વિગત તથા તે પૈકી કેટલા ચુકાદા યુનિવર્સિટીની તરફેણમાં તથા કેટલા ચુકાદા યુનિવર્સિટીના વિરૂધ્ધમાં આવ્યા તેની સંપૂર્ણ વિગતો.

જે રેકર્ડ/માહિતી ઓડીટમાં રજુ થવી ઘટે.વધુમાં આ કામગીરી આપના તાબા હેઠળની અન્ય વિભાગ કે ભવન ખાતે થતી હોય તો તમામ તાબા હેઠળનું ઉકત રેકર્ડ એકત્ર કરાવી ઓડીટે રજુ કરવા વિનંતી કરવામાં આવેલ હતી ત્યારબાદ સંસ્થા પાસે અત્રેથી પ્રા.વા.નં. ૧ તા.૭/૬/૧૭ થી રેકર્ડ માગવામાં આવેલ હતુ જે રજુ ન કરતાં રેકર્ડ રજુ કરવા પુન:સ્મૃતિપત્ર પ્રા.વાં.૩૭ તા.૩/૭/૧૭ તેમજ માન. કુલપતિશ્રીને અંગત ધ્યાન પત્ર સ્વરૂપે,પ્રા.વા.નં.૭૦ તા.૫/૮/૧૭ તેમજ પ્રા.વા.નં.૭૯ તા.૧૮/૮/૧૭ થી જણાવવા છતાં ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં માગણી મુજબનુ દાવા રજીસ્ટર/નીચેની વિગતેનુ રેકર્ડ રજુ કરેલ ન હતુ.દર્શાવેલ ખર્ચના યથાર્તતાના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૧૪ નો કરેલ જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા ક્રમાંક – ૦૮

==================================================================

**યુનિવર્સિટીના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓની લાંબા સમયની ગેરહાજરી અન્વયે માહિતી સંદર્ભે જણાયેલ અનિયમિતતા બાબત.**

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩-૧૪ ના ઓડીટ હાથ ધરવામાં આવેલ છે.ઓડીટ સંદર્ભમાં બિન-શૈક્ષણિક તથા શૈક્ષણિક કર્મચારીઓ પૈકી કોઇ કર્મચારી લાંબા સમયથી રજા મૂક્યા સિવાય ગેરહાજર રહેતા હોય તેવા કિસ્સાઓના કર્મચારીઓ તાત્કાલિક હાજર થાય તે અંગે કરેલ કાર્યવાહી અને હાજર ન થતા હોય તેવા કર્મચારીઓ સામે કરેલ કાર્યવાહીની વિગતો પ્રા.વાં.નં.૨૪ તા૨૨/૦૬/૨૦૧૭ થી માંગવામાં આવેલ હતી. ત્યારબાદ પ્રા.વાં.નં.૪૨ તા.૦૪/૦૭/૨૦૧૭ થી વિગતવાર માહિતી માગવામાં આવેલ હતી.સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ આધારિત માહિતી મેળવતા નીચે મુજબ વિગતે મળેલ છે. જે બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે તો પુર્તતા સહ સ્પષ્ટતા થવી ઘટે.

| અ. નં. | લાંબા સમયથી ગેરહાજર કર્મચારીનું નામ અને હોદ્દો | કયારથી ગેરહાજર છે તેની તારીખ | છેલ્લે કયાં સુધી પગાર ચુકવેલ છે તે તારીખ | અનઅધિકૃત ગેરહાજરીનો ચુકવેલ પગારની વસુલાત (જો હોય તો) |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ૦૧ | શ્રી એમ.એમ.મહીડા | જુન-૨૦૧૨ થી | માહિતી રજુ કરેલ નથી | માહિતી રજુ કરેલ નથી |
| ૦૨ | સોનુ પરીખ | ડીસેમ્બર-૨૦૧૨ થી | માહિતી રજુ કરેલ નથી | માહિતી રજુ કરેલ નથી |
| ૦૩ | શ્રી કે.આર.દેસાઇ | ડીસેમ્બર-૨૦૧૫ થી | માહિતી રજુ કરેલ નથી | માહિતી રજુ કરેલ નથી |
| ૦૪ | શ્રી જી.બી.ડામોર | માર્ચ-૧૯૯૬ થી | માહિતી રજુ કરેલ નથી | માહિતી રજુ કરેલ નથી |
| ૦૫ | શ્રી કે.એમ.ફીડલીસ | ૦૧/૦૭/૨૦૦૮ થી | માહિતી રજુ કરેલ નથી | માહિતી રજુ કરેલ નથી |
| ૦૬ | શ્રી એચ.જે.તિવારી | ૦૧/૦૯/૧૯૯૪ થી | માહિતી રજુ કરેલ નથી | માહિતી રજુ કરેલ નથી |

ઓડીટનોંધ :-

(૦૧) અનઅધિકૃત ગેરહાજરીવાળા કર્મચારીઓના અનઅધિકૃત ગેરહાજરી માસ અગાઉ તથા ત્યારબાદના મહિનાના પગારબિલો ,પગાર રજીસ્ટર અન્વેષણમાં રજુ કરશો.

(૦૨) અનઅધિકૃત ગેરહાજરીવાળા કર્મચારીઓની સેવાપોથી રજુ કરવી.

(૦૩) અનઅધિકૃત ગેરહાજરીવાળા કર્મચારીઓનો ગેરહાજરીના સમયગાળોનો પગાર ચુકવ્યો હોય તો તેની જો વસુલાત કરવામાં આવી હોય તો તેના અસલ ચલણ રજુ કરવા.

(૦૪) અનઅધિકૃત કર્મચારી પૈકી નિવૃત્તિ થયેલ હોય તો તેને પેન્શન મંજુર કરવામાં આવેલ હોય તો તેના પેન્શન મંજુરીના કાગળો રજુ કરવા.

(૦૫) અનઅધિકૃત કર્મચારીનો ગેરહાજરીનો સમયગાળો સક્ષમ સત્તાધિકારીએ વિનિયમિત કરેલ હોય અને રજા મંજુર કરેલ હોય તો તેના આદેશો રજુ કરશો.

ઉપરોકત માહિતી/વિગતો રજુ ન કરવાના કારણે દર્શાવેલ કર્મચારીઓની કયાં સુધી પગાર ચુકવેલ હતો તથા અનઅધિકૃત ગેરહાજરીનો ચુકવેલ પગાર કે વસુલાતની વિગતો ઓડીટે જાણી શકાયેલ નથી જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે. ખર્ચના યથાર્તતાના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.૨૪,૪૨ નો જવાબ કરેલ છે તે જવાબ પ્રા.વા.સાથે સુસંગત નથી.

સંસ્થાએ પ્રા.વા.નં – 24 / 42 થી માંગવામાં આવેલ માહિતી રજુ કરેલ છે. અને કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

ફકરા ક્રમાંક – ૦૯

**ડીપોઝીટ તરીકે પ્રાપ્ત થયેલ નાણાંના હિસાબ તથા ડીપોઝીટ રજિસ્ટરની અનિયમિતતાઓ બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવદનાં સને-૨૦૧૩/૧૪નાં વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ રેકર્ડ આધારિત ચકાસણી કરતાં યુનિ.ના વાર્ષિક હિસાબ પાકા સરવૈયામાં રૂપિયા ૩૮,૦૪,૦૬,૨૪૬.૩૦ જેટલી રકમ વણચુકવાયેલ ડીપોઝીટને જવાબદારી બાજુ દર્શાવેલ છે. જયારે વાર્ષિક હિસાબમાં પરિશિષ્ટ-એચ મુજબ રૂપિયા ૩૮,૧૧,૭૨,૯૬૪.૩૨ દર્શાવેલ છે. ગુજરાત રાજય તિજોરી નિયમો-૨૦૦૦ ના પ્રકરણની નોંધ મુજબ હિસાબ નિયમ સંગ્રહ પુસ્તક-૦૨ માં સુચના આપ્યા મુજબ દરેક પ્રકારની અનામતો માટે અલગ રજીસ્ટર નિભાવવાનું રહે છે.તેમજ સદરહુ ડીપોઝીટના હિસાબો બાબતે અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) ગુજરાત હિસાબ નિયમ સંગ્રહ ભાગ-૦૨ ની જોગવાઇ અનુસાર દરેક પ્રકારની અનામતો માટે નિયત નમૂનામાં અલાયદુ ડીપોઝીટ રજિસ્ટર નિભાવવાનુ રહે છે.સંસ્થાએ સદરહુ નિયમો અનુસાર નિયત નમૂનાવાળુ ડીપોઝીટ રજિસ્ટર અગાઉના હિસાબોના મેળવણા સહિતનું નિભાવેલ નથી.જે અંગે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ગુજરાત તિજોરી નિયમોના નિયમ-૩૮ (૧ થી ૩) તથા નિયમ-૩૮૦ ના પેટા નિયમ-૦૧ ની જોગવાઇ મુજબ ખાતાકીય અધિકારીએ અનામતની ચુકવણી માટે જરૂરી હોય ત્યારે ગુજરાત તિજોરી નિયમ-ફોર્મ-૮૧ મુજબ બિલ તૈયાર કરી તેની સાથે ચલનથી સરકારી હિસાબનાં નાણાં જમા કર્યા હોય તે મૂળ ચલન સામેલ રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે,તેમજ ડીપોઝીટની ચુકવણી સમયે મૂળ જમા રકમ સાથે ચુકવણાંની નોંધ કરવાની રહે છે.જેથી ડીપોઝીટનું પુનઃ ચુકવણું થવાની શકયતા રહેવા પામે નહિં સંસ્થા દ્વારા સદરહુ નિયમોનુસાર યોગ્ય કાર્યપધ્ધતિ નહીં થવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૩) ડીપોઝીટ થયેલ રકમ જમા થયા બાદ ત્રણ નાણાંકીય વર્ષના અંતે વણચુકવાયેલ રહેવા પામે તો તે કિસ્સામાં સદરહુ ડીપોઝીટ જપ્ત (લેપ્સ ડીપોઝીટ) તરીકે સંસ્થાની આવક

તરીકે લઇ જવાની રહે છે.ઉપરોકત ડીપોઝીટ્નની રકમો બાબતે તે મુજબ કાર્યવાહી થવા પામેલ નથી.

(૦૪) યુનિવર્સિટી દ્વારા પ્રત્યેક વર્ષે કરવામાં આવતી ખરીદી/બાંધકામ તેમજ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોના જોડાણ વખતે પ્રાપ્ત થતી અર્નેસ્ટમની તેમજ સીકયોરીટી ડીપોઝીટના હિસાબો માટે અલગ રજિસ્ટર નિભાવવાનાં રહે છે.પરંતુ સંસ્થાએ તે મુજબ રજિસ્ટરની નિભાવણી કરેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૫) સંસ્થામાં જોડાતી સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની ડીપોઝીટના હિસાબો માટે નિયત રજિસ્ટર નિભાવેલ ન હોવાથી સંસ્થાએ સ્વીકારેલ રકમો પૈકી કેટલી રકમોનું બાંધી મુદતની થાપણો તરીકે રોકાણ કરવામાં આવેલ છે તેની પણ ખરાઇ કરવી મુશ્કેલ બનેલ છે.

(૦૬) અન્વેષણ વર્ષ ૨૦૧૩/૧૪ ના લેજરબુકમાં લેજર કોડ નં.૮૧૦૧૦૦૫ ખાતે જનરલ ફંડની ડીપોઝીટની જમા બાજુ રૂા ૨૬,૭૮,૪૨,૩૫૩/- દર્શાવવામાં આવેલ છે,જો કે આ અંગેની આવકોની પહોંચબુકોમાં પૂરતી વિગતોના અભાવે સદરહુ રકમનુ યોગ્ય મેળવણું થઇ શકતુ નથી.જે અંગે સદરહુ રકમની વસુલાતનાં ધારાધોરણો અને તે અંગે મળેલ માન્યતા/મંજુરીના આધારોથી ખાતરી કરાવવી ઘટે.

(૦૭) ગત અન્વેષણ અહેવાલોમાં ડીપોઝીટના હિસાબોની નિભાવણી અંગે ઓડીટ અનુરોધ કરવા છતાં યોગ્ય અમલવારી નહીં કરવા અંગે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.તથા દર્શાવેલ ઉકત અનિયમિતતાઓ અંગે સત્વરે અમલ કરી આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં – 34 થી માંગવામાં આવેલ માહિતી રજુ કરેલ છે. અને કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

વાંધા હેઠળ રૂા ૨૬,૭૮,૪૨,૩૫૩/-

ફકરા ક્રમાંક -૧૦

## સરકારશ્રીની પૂર્વ મંજુરી વિના હંગામી નિમણૂક આપી અનિયમિત ધોરણે ખર્ચ કરવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થા ના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં હંગામી નિમણૂક સદરે રૂ! ૯૩૬૨૮૪૭/- નો ખર્ચ થયેલ હોવાનુ દર્શાવેલ છે.આ ઉપરાંત સંસ્થાના તાબા હેઠળના વિવિધ ભવનોમાં પણ હંગામી નિમણૂક સદરે નીચે મુજબનો ખર્ચ થયેલ હોવાનુ દર્શાવેલ છે.

| અ.નં. | ભવનવિભાગનું નામ/ | હોદ્દો | સંખ્યા | હંગામી નિમણૂક પેટે કરેલ ખર્ચની રકમ |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ૦૧ | કાર્યાલય | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૭૦ | ૪૧૯૧૮૬૧ |
| ૦૨ | છાત્રાલય | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૬ | ૩૫૭૯૬૫ |
| ૦૩ | મુદ્રણાલય | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૪ | ૧૮૦૯૯ |
| ૦૪ | ગ્રંથાલય | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૦ | ૬૪૩૮૦૦ |
| ૦૫ | સમાજવિદ્યા ભવન | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૫ | ૨૯૧૪૭૨ |
| ૦૬ | ભાષા સાહિત્ય ભવન | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૭ | ૩૮૨૮૯૦ |
| ૦૭ | મનોવિજ્ઞાન | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૨ | ૧૪૯૦૩૨ |
| ૦૮ | વિજ્ઞાન વિદ્યાભવન | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૯ | ૧૦૪૦૧૪૫ |
| ૦૯ | વાણિજ્ય વિદ્યાભવન | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૨ | ૧૦૮૩૩૯ |
| ૧૦ | સ્કૂલ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૪ | ૨૫૯૧૮૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | કાયદાશાસ્ત્ર ભવન | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ | ૩૮૭૨૩ |
| ૧૨ | કોમ્પ્યુટર સેન્ટર | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૩૨ | ૧૭૫૪૮૮૪ |
| ૧૩ | એચતાલીમ સેન્ટર.પ્રોફે.કે. | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ | ૬૧૦૫૦ |
| ૧૪ | પત્રકારત્વ વિભાગ | ક્લાર્ક/ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ | ૬૫૪૦૨ |
| | કુલ ખર્ચ | | | ૯૩૬૨૮૪૭ |

**<u>ઓડીટ નોંધ :-</u>**

સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/ગજપ/૧૦૯૩/૭૨૪-ખ તા.૨૨/૩/૧૯૯૫ ની જોગવાઇ મુજબ તા.૨૯/૧/૧૯૮૩ બાદ યુનિવર્સિટી બિન શૈક્ષણિક સ્ટાફની કાયમી ,હંગામી, કામચલાઉ,પાર્ટ ટાઇમ તેમજ દૈનિક રોજમદાર ની નિમણૂક/ભરતી સરકારશ્રીની પૂર્વમંજુરી વિના નહી કરવાનુ ઠરાવવામાં આવેલ છે.આમ છતાં આવી નિમણૂક કરવામાં આવશે તો તેની સઘળી જવાબદારી યુનિવર્સિટીની રહેશે,તેમ સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવેલ છે,તેમછતાં યુનિવર્સિટી તેમજ તે સંલગ્ન ભવનોમાં હંગામી નિમણૂકો થકી કુલ રૂ! ૯૩૬૨૮૪૭/- નો ખર્ચ કરવામાં આવેલ હોવાનુ ઉપરોકત વિગતો પરથી સ્પષ્ટ થાય છે.ઉપરોકત ભવનો તથા યુનિવર્સિટી ખાતે હંગામી નિમણૂકો કોની મંજુરીથી કરવામાં આવેલ છે,સદરહુ નિમણૂક માટે નિયત ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી કે કેમ ? નિમણૂક/ભરતીની મંજુરી અંગેના સરકારશ્રીની મંજુરીના આદેશો/આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત વિગતે આધાર સહ સ્પષ્ટતા સહ ખાતરી કરાવતાં સુધી કરેલ ખર્ચ રૂ! ૯૩૬૨૮૪૭/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૫૩ નો જવાબ કરેલ છે કે ગુજરાત યુનિવર્સિટી ખાતે હંગામી નિમણૂકો માનનીય કુલપતિશ્રીના આદેશથી કરવામાં આવે છે.યુનિવર્સિટીના એચ.કે.ટ્રેનિંગ સેન્ટરના વિધાર્થીઓને તાલીમ રૂપે સ્ટાઇપેન્ડની ફાળવણી કરવામાં આવે છે.અને માન.કુલપતિશ્રીના આદેશથી ૩ થી ૬ માસની મર્યાદામાં રાખવામાં આવે છે.તથા મંજુરી પૂર્ણ થયે છૂટા કરવામાં આવે છે તેમ જણાવલે છે.જે ગ્રાહ્ય રાખી શકાય નહિ.

વાંધા હેઠળ રૂ!૯૩૬૨૮૪૭/-

**ઓડીટ ક્રમાંક-૧૧**

**બાંધકામ લગતી માહિતી રજુ કરવા ન બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩/૧૪ ના વર્ષના ઓડીટ સંદર્ભમાં ઓડીટ વર્ષ દરમ્યાન સંસ્થામાં બાંધકામને લગતી કરેલ કાર્યવાહીના અનુસંધાને નીચે જણાવેલ વિગતે માહિતી દિન-૩ માં રજુ કરવા પ્રા.વા.નં. ૧ તા.૭/૬/૧૭ થી વિનંતી કરેલ હતી તેમછતાં રેકર્ડ રજુ ન કરતાં અત્રેથી સંસ્થા પાસે રેકર્ડ રજુ કરવા પુનઃસ્મૃતિપત્ર પ્રા.વા.૩૭ તા.૩/૭/૧૭ તેમજ માન. કુલપતિશ્રીને અંગત ધ્યાન પત્ર સ્વરૂપે,પ્રા.વા.નં.૭૦ તા.૫/૮/૧૭ તેમજ પ્રા.વા.નં.૭૯ તા.૧૮/૮/૧૭ થી જણાવવા છતાં ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં માગણી મુજબનુ રેકર્ડ રજુ કરેલ ન હતુ.

(૦૧) યુનિવર્સિટીની મિલકતો જેવી કે ખુલ્લી જમીન,મકાનો,કવાર્ટસ,બંગલા,હોસ્ટેલો વગેરેની યાદી.

(૦૨) વર્ક રજીસ્ટર

(૦૩) કોન્ટ્રાકટર્સ લેજર

(૦૪) નાણાંકિય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન પૂર્ણ થયેલ કામની વિગતો.(નીચે દર્શાવેલ નમૂનામાં)

**બાંધકામને લગતી વિગત સને ૨૦૧૩-૧૪**

| અ.નં | કામનુ નામ | અંદાજીત રકમ | ટેન્ડરની રકમ | ઇજારદારનુ નામ | સ્ટેમ્પની વિગત | ઇ.એમ.ડી. નીવિગત | એસ.ડી.ની વિગત | ચૂકવણાની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ | ૦૮ | ૦૯ |

| જો કોઇ રકમ ચુકવવાની બાકી હોય તો તે રકમ | મંજુરીની વિગત | વર્ક ઓર્ડરની વિગત | કામ.ની સમય મર્યાદા | કામ પૂર્ણ થયા તારીખ | ખર્ચનુ સદર | ટેન્ડરીંગની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |

(૦૫) નાણાંકિય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન રીપેરના કરેલ કામની વિગતો પૂર્ણ થયેલ કામની વિગતો(નીચે દર્શાવેલ નમૂનામાં)

બાંધકામને લગતી વિગત સને ૨૦૧૩-૧૪

| [illegible] | [illegible] નામ | [illegible] રકમ | ટેન્ડરની રકમ | ઇજારદારનુ નામ | સ્થળની વિગત | કામગીરીની વિગત | [illegible] વિગત | [illegible] વિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ | ૦૮ | ૦૯ |

| જો કોઇ રકમ ચુકવવાની બાકી હોય તો તે રકમ | મંજુરીની વિગત | વર્ક ઓર્ડરની વિગત | કામની સમય મર્યાદા | કામ પૂર્ણ થયા તારીખ | ખર્ચનુ [illegible] | ટેન્ડરીંગની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |

(૦૬) વર્ષ દરમ્યાન કોઇ કરાર કરેલ હોય તો કરેલ કરારની વિગત (કરારની નકલ સાથે)

(૦૭) કોઇ કોર્ટ કેસ/લવાદ વિગેરે થયેલ હોય તો તેની વિગત.

(૦૮) યુનિવર્સિટીની જમીનના ખાલી રહેલ/ઉપયોગની વિગત થયેલ આવક સહિત.

(૦૯) યુનિવર્સિટીના ક્વાર્ટસ ,બંગલા વિગેરે અંગે વર્ષ દરમ્યાન ફાળવેલ અને ખાલી રહેલ હોય તો તેની વિગત (કારણો સહિત)

જે બાબતે નીચેની વિગતે ઓડિટનોંધ આપવામાં આવે છે.

(૧) ઉકત યુનિવર્સિટી મિલકતો લગતુ રેકર્ડ રજુ ન કરવાના કારણે યુનિવર્સિટીની કેટલી મિલકતો છે તે જાણી શકાયેલ નથી.

(૨) બાંધકામને લગતુ રેકર્ડ રજુ ન થવાના કારણે અન્વેષણ વર્ષ દરમ્યાન પુરા થયેલ,અધુરા રહેલ કામોની અન્વેષણથી ચકાસણી થઇ શકેલ નથી.

(૩) બાંધકામના પૂર્ણ થયેલ કામો સમય મર્યાદામાં પૂર્ણ કરેલ છે કે કેમ ? તેમજ નિયમસરની કાર્યપધ્ધતિથી કામગીરી સોંપાયેલ છે કે કેમ? તે અંગેની અન્વેષણથી ચકાસણી થઇ શકેલ નથી.

પ્રા.વા.નં.૧૭ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

ફકરા ક્રમાંક - ૧૨

## પગાર ખર્ચના વાઉચરોમાં સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ ન કરાવવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩/૧૪ ના અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ ખર્ચ વાઉચરો અંગે રેકર્ડ સાથે નમુનારૂપ ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતા ઓડીટનાં ધ્યાને આવેલ છે.

સામેલ પરિશિષ્ટ-૦૪ માં દર્શાવેલ વાઉચરોથી રૂપિયા ૧,૪૯,૮૯,૧૪૯/- ના પગાર ભથ્થાને લગતો નેટ ખર્ચ થયેલ છે.

માર્ચ પેઇડ ઇન એપ્રિલ ના પગાર ભથ્થાના વાઉચરોથી સદરહું વાઉચરોમાં કોડ,મુળ પગાર,મોંઘવારી,ભથ્થાઓ વિગેરેની કુલ રકમ દર્શાવી તેમાંથી કપાતોની રકમ,કુલ રકમ દર્શાવી તે રકમ કુલ પગારમાંથી બાદ કરી ચોખ્ખી ચુકવવા પાત્ર રકમ દર્શાવવામાં આવે છે.વધુમાં આ વાઉચરોમાં ડીપાર્ટમેન્ટનુ નામ અને કર્મચારીઓની સંખ્યા દર્શાવવામાં આવે છે.જે કર્મચારીઓની કુલ સંખ્યા ૫૨૯ થયેલ છે.આ વિગતના વાઉચરો ફકત આઉટર ફોર્મ જ છે. સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમ-102000-365-ઝ તા. 30-09-2000 મુજબ તથા વખતોવખતના સુધારા વધારા ધ્યાને લેવાના રહે છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૦૧) ઉપર દર્શાવ્યા મુજબ કર્મચારીઓ સંખ્યા લખી કુલ પગાર,મોઘવારી,ભથ્થા વિગેરે દર્શાવવામાં આવે છે.પરંતુ કર્મચારીવાર મુળ પગાર,મોઘવારી,અન્ય ભથ્થાઓ તથા કર્મચારીવાર કપાતની વિગતો ઉપલબ્ધ થતી નથી અને તેથી કર્મચારીઓને ચૂકવેલ મુળ પગારની સેવાપોથીમાં દર્શાવેલ મુળ પગાર સાથે ચકાસણી શકય બનતી નથી.

આ ઉપરાંત દરેક કર્મચારીની મુળ પગારના અભાવે ચુકવેલ મોઘવારી,મકાન ભાડા ,સ્થાનિક વળતર ભથ્થુ વિગેરે તથા કપાત કરવામાં આવતી રકમો પણ નિયમોનુસાર આકારેલ/કપાત થયાની ચકાસણી થઇ શકેલ નથી.

(૦૨) યુનિવર્સિટી દ્વારા તેઓના કોમ્પ્યુટર પ્રોગ્રામો આ અંગેના ડેટા રાખવાની પ્રથા છે તથા જરૂરિયાત મુજબ ડેટામાં સુધારા-વધારા કરી,દરેક માસના ઉપર મુજબ પગાર બીલોના આઉટર ફોર્મ વાઉચર સાથે રાખવામાં આવે છે,પરંતુ કર્મચારીઓની વિગત મુજબ પુરેપૂરી પ્રીન્ટ લેવામાં આવતી નથી.

તો આ અંગે સ્પષ્ટતા કરી કર્મચારીવાર પગાર ભથ્થા કપાત વિગેરેની વિગત સાથેનું બીલ તૈયાર કરી રજુ થવુ ઘટે.

(૦૩) ઉપર દર્શાવ્યા મુજબની બારે માસ મુજબની વિગતો તૈયાર કરી ઓડીટમાં રજુ થવુ ઘટે.

(૦૪) **સંસ્થામાં મંજુર થયેલ મહેકમ સામે પગારભથ્થા પેટે કરેલ ખર્ચ નિયમોચિત હોવાના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રો સહિત મેળવણાના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.**

ઉપરોકત વિગતે સંપૂર્ણ કાર્યવાહી પૂર્ણ કરી આધારિત ખાતરી કરાવતાં સુધી થયેલ ખર્ચ **આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.**

(૦૫) સંસ્થા તરફથી માહે-માર્ચ/૧૩ પેઇડ એપ્રિલ/૧૩ નુ જ પગારને લગતુ રેકર્ડ રજુ કરેલ હતુ અન્ય માસોનુ માગણી મુજબનુ રેકર્ડ રજુ કરવામાં ન આવેલ હતુ. જેના કારણે ઉકત ચકાસણી શકય બનેલ ન હતી.

સંસ્થાએ પ્રા.વા.નં – 57 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે

"યુનિવર્સીટી ધ્વારા 2015 થી પગાર માટે પ્રતિમાસ પહેલી પગારની ચુકવણી આખા રૂપિયામાં કરવી તેમ જણાવેલ છે તો હવેથી આ અંગે નિયમનુસાર કાર્યાલય આદેશ લઇ આપશ્રીના જણાવ્યા મુજબ પગારની ચુકવણી પુરા રૂપિયામાં કરવા કાર્યાલય ધ્વારા કાર્યવાહી કરવામાં આવશે."

આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રૂા ૧,૪૯,૮૯,૧૪૯ /-

યુનિવર્સિટીના કર્મચારીઓના માર્ચ/૧૩ પેઇડ ઇન એપ્રિલ/૧૩ ના પગાર બીલોની વિગત દર્શાવતુ પરિશિષ્ટ.-૦૪

| અ.નં. | વા.નં. | તારીખ | નેટ રકમ | નોંધ | કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| 01 | 01 | 01/04/2013 | 1330104 | UNI OFFICE | 74 |
| 02 | 02 | 01/04/2013 | 990803 | EXAMINATION | 63 |
| 03 | 03 | 01/04/2013 | 83147 | PA TO VC | 4 |
| 04 | 04 | 01/04/2013 | 174225 | V.C | 2 |
| 05 | 05 | 01/04/2013 | 82727 | R.M.O | 13 |
| 06 | 06 | 01/04/2013 | 81270 | HOSTELS | 7 |
| 07 | 07 | 01/04/2013 | 203958 | D.P.E | 6 |
| 08 | 08 | 01/04/2013 | 67982 | YOUTH WELFARE | 4 |
| 09 | 09 | 01/04/2013 | 618505 | ESTATE | 48 |
| 10 | 10 | 01/04/2013 | 564885 | COM CENTER | 21 |
| 11 | 11 | 01/04/2013 | 697074 | U S PSYCHO T | 9 |
| 12 | 12 | 01/04/2013 | 68775 | U S PSYCHO NT | 6 |
| 13 | 13 | 01/04/2013 | 44043 | I A S | 3 |
| 14 | 14 | 01/04/2013 | 1007306 | U S LANG T | 15 |
| 15 | 15 | 01/04/2013 | 59072 | U S LANG NT | 5 |
| 16 | 16 | 01/04/2013 | 1337934 | U S SO SC T | 19 |
| 17 | 17 | 01/04/2013 | 153563 | U S SO SC NT | 9 |
| 18 | 18 | 01/04/2013 | 3405523 | U S SC T | 45 |
| 19 | 19 | 01/04/2013 | 941677 | U S SC NT | 61 |
| 20 | 20 | 01/04/2013 | 414994 | LIBRARY | 30 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | 21 | 01/04/2013 | 56713 | LIBRARY SC T | 2 |
| 22 | 22 | 01/04/2013 | 19648 | C A C E W | 1 |
| 23 | 23 | 01/04/2013 | 448873 | MANAGEMENT | 8 |
| 24 | 24 | 01/04/2013 | 111093 | MANAGEMENT NT | 9 |
| 25 | 25 | 01/04/2013 | 482534 | U S COM T | 6 |
| 26 | 26 | 01/04/2013 | 52458 | U S COM NT | 4 |
| 27 | 27 | 01/04/2013 | 46606 | BM CENTER NT | 4 |
| 28 | 28 | 01/04/2013 | 136026 | U S LAW T | 2 |
| 29 | 29 | 01/04/2013 | 42425 | SCHOOL OF LAW | 3 |
| 30 | 30 | 01/04/2013 | 146070 | PENSIONER | 12 |
| 31 | 31 | 01/04/2013 | 228021 | ACA STA COLG T | 3 |
| 32 | 32 | 01/04/2013 | 18243 | ACA STA COLG NT | 1 |
| 33 | 33 | 01/04/2013 | 760400 | E M R C | 25 |
| 34 | 34 | 01/04/2013 | 40291 | S T C CELL | 2 |
| 35 | 35 | 01/04/2013 | 47366 | JOURNALISM T | 1 |
| 36 | 36 | 01/04/2013 | 24815 | JOURNALISM NT | 2 |
| | | TOTAL | 14589149 | | 529 |

ફકરા ક્રમાંક - ૧૩

પગારની ચુકવણીનું ખર્ચ નિયત તારીખથી વહેલુ કરવા બાબતની અનિયમિતતાઓ.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૩/૧૪ ના હિસાબોની તપાસણી દરમ્યાન કચેરી સ્ટાફના પગારની ચુકવણીનો ખર્ચ નીચે દર્શાવેલ વિગતે પાડવામાં આવેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતું.

| અ.નં. | માસવર્ષ/ | ચુકવણાની રકમ રૂ! | ચુકવણાખર્ચ/ વાર્ન./તારીખ. | બજેટ કોડ નંબર |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ |
| 01 | 4/2013 | 1,51,71,431.21 | 00796/30-4-13 | 8101028 |
| 02 | 5/2013 | 1,58,38,976.94 | 01733/30-5-13 | 8101028 |
| 03 | 6/2013 | 1,54,71,124.13 | 02533/29-6-13 | 8101028 |
| 04 | 7/2013 | 1,56,02,660.76 | 03238/30-7-13 | 8101028 |
| 05 | 8/2013 | 1,56,44,604.78 | 03891/30-8-13 | 8101028 |
| 06 | 9/2013 | 1,58,65,370.16 | 04600/30-9-13 | 8101028 |
| 07 | 10/2013 | 1,69,78,297.02 | 05289/25-10-13 | 8101028 |
| 08 | 11/2013 | 1,62,52,285.56 | 06331/30-11-13 | 8101028 |
| 09 | 12/2013 | 1,63,59,776.52 | 07139/30-12-13 | 8101028 |
| 10 | 1/2014 | 1,68,46,882.85 | 08037/31-1-14 | 8101028 |
| 11 | 2/2014 | 1,68,55,439.66 | 08865/28-2-14 | 8101028 |

<u>ઓડીટ અવલોકન :-</u>

(૦૧) હિસાબોની એકસૂત્રતા જળવાય તેમજ નાણાંકીય અનિયમિતતાઓ ન થાય તેવા વિવિધ હેતુસર રાજય સરકારશ્રીએ રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓ/વિભાગોના કર્મચારીઓ/અધિકારીશ્રીઓના પગારની ચુકવણી માસ પૂર્ણ થાય તે પછીના ચાલુ દિવસે કરવાનું ઠરાવેલ છે.આ નિયમો હેઠળ અધિકારીશ્રીઓ/કર્મચારીઓના પગારની ચુકવણી અગાઉની પ્રથા મુજબ માસના અંતિમ ફાળવેલ દિવસો/તારીખને આધિન કરવાની રહેતી નથી.ઉપરોકત વિગતો નજરે જોતાં સંસ્થાએ તેમના અધિકારી/કર્મચારીવર્ગના પગારની ચુકવણી પ્રત્યેક માસના અંતિમ દિવસોમાં કરેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.જે સરકારશ્રીની ઉકત જોગવાઇનું ઉલ્લંઘન કરી નિર્ધારિત તારીખથી વહેલી ચુકવણી કરવા બાબતે જવાબદારથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ગુજરાત યુનિવર્સિટીના મહેકમને ધ્યાને લેતાં પગાર ચુકવણી પેટે સંસ્થા પ્રતિમાસ અંદાજે દોઢ કરોડની ચુકવણી કરતી હોવાનું ઉપરોકત વિગતો પરથી ફલિત થાય છે.ઉકત જોગવાઇ મુજબ પગારની ચુકવણી માસ પૂર્ણ થાય તે પછીના ચાલુ દિવસોએ કરવાની બાબત ધ્યાને લેતાં ઘણા કિસ્સાઓમાં જાહેર કે અન્ય રજાઓની ગણતરી કરતાં બે-ત્રણ કે તેથી વધુ દિવસો બાદ પણ પગારની ચુકવણી કરવી પડતી હોય છે.આ પ્રમાણે દિવસોની ગણતરી કરતાં સંસ્થાની આગોતરી પગાર ચુકવણી આર્થિક દ્રષ્ટિએ સંસ્થાને નુકશાનકર્તા સાબિત થઇ શકે છે,કારણ કે આટલી મોટી રકમનું એડવાન્સ ચુકવણું કરવા જતાં વ્યાજની રકમ ગુમાવવી પડે તે સ્વાભાવિક બાબત છે.તેથી સરકારશ્રીની જોગવાઇ વિરૂધ્ધ જઇ પગારની આગોતરી ચૂકવણી કરવાથી સંસ્થાને વ્યાજની દ્રષ્ટિએ થયેલ નુકશાનની ગણતરી કરી જવાબદારથી વસુલ મેળવી તેના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૦3) ઉપરોકત પગાર ચુકવણા સંબંધી વિગતો ધ્યાને લેતાં પગાર ચુકવણાની રકમોમાં પૈસાની વિગતો પણ દર્શાવાઇ છે.સરકારશ્રીની પગાર કે અન્ય ચુકવણા પધ્ધતિમાં પૈસાની રકમને નજીકના રૂપિયામાં ફેરવવાની રહે છે.આ પ્રમાણે પૈસાને રૂપિયામાં ફેરવવા થકી હિસાબોમાં પૈસાના હિસાબોને અવકાશ રહેતો નથી,પરિણામે નાણાંકીય હિસાબોની નિભાવણી

અસરકારક ધોરણે કરી શકાય તેવો સરકારશ્રીનો ઉદ્દેશ છે.સદરહુ ઉદ્દેશ્યને સાર્થક કરી શકાય તે માટે સંસ્થાના હિસાબોમાં ઉપરોકત પધ્ધતિનું અમલીકરણ કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૫ડ નો જવાબ કરેલ છે પરંતુ ફકત એપ્રિલ ૨૦૧૩ ની જ માહિતી રજુ કરેલ છે.અન્ય કોઇ માસની માહિતી /વિગતો રજુ કરેલ નથી.જે પ્રા.વા.સાથે સુસંગત નથી.

ફકરા ક્રમાંક – ૧૪

==================================================

**સંસ્થાના કર્મચારીઓને નિયમ વિરૂધ્ધ પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરવા બાબત**

==================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩/૧૪ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના અધિકારીશ્રીઓ/કર્મચારીઓને નીચે દર્શાવેલ વિગતે પરીક્ષા ભથ્થા તથા ઓવરટાઇમની ચુકવણી કરેલ હોવાનુ ધ્યાને આવેલ હતુ.

| અ.નં. | ખર્ચની ટૂંકી વિગત | કોડ નંબર | વાર્ષિક હિસાબ મુજબ ખર્ચ રૂ. | લેજર મુજબ ખર્ચનીરકમ રૂ. | તફાવત |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | 03 | ૦૫ | ૦૬ | ૦૭ |
| ૦૧ | પરીક્ષા ભથ્થા પેટે | 3532008 | 47,10,343.46 | 27,59,580.46 | 19,50,763.00 |
| ૦૨ | પરીક્ષા ઓવરટાઇમ | 3532007 | 2,52,540.00 | 20,22,938.00 | 17,70,398.00 |
| | | કુલ | 49,62,883.46 | 47,82,518.46 | 1,80,365.00 |

<u>ઓડીટ અવલોકન :-</u>

(૦૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૯/૧૨/૧૯૮૧ થી અમલમાં આવે તે પ્રમાણે ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ નિયમોના નિયમ-૮ દ્વારા થયેલ સુધારા મુજબ યુનિવર્સિટી તેઓના અને એફિલેટેડ કોલેજોના અધિકારીઓ/કર્મચારીઓ પગારધોરણ અને ભથ્થા(શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક)રાજય સરકારશ્રીની મંજુરી આધિન રહેશે,એટલે કે રાજય સરકારશ્રીની પૂર્વમંજુરી વિના પગારધોરણ અને ભથ્થામાં યુનિવર્સિટી સુધારો કરી શકશે નહીં.

ગુજરાત યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક/એકા/૦૧-૯૭૧૧/૨૦૦૮,તા.૨૮/૧૧/૨૦૦૮માં જણાવ્યા મુજબ એકઝીકયુટીવ કાઉન્સીલના તા.૨૮/૯/૦૮ ની બેઠકમાં બાબત નં.૧૪ થી થયેલ ઠરાવ મુજબદર્શાવેલ પગાર,રજાઓ,ગેરશિસ્ત,ગેરવર્તણૂક વગેરે બાબતો અંગેની જોગવાઇઓ તેમજ તેમાં સમયાંતરે જે સુધારા/વધારા થાય તે પ્રમાણે યુનિવર્સિટીમાં લાગુ રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર રાજય સરકારના કર્મચારીઓ/અધિકારીઓને દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇઓ સાથે વંચાણે/ધ્યાનેલેતાંયુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓને પણ સદરહુ લાભ મળવાપાત્ર થાય નહિ,આમ છતાં ઉકત વિગતે પરીક્ષા ભથ્થા તેમજ ઓવરટાઇમ પેટે આટલી

માતબર રકમનુ ચુકવણુ કઇ જોગવાઇઓને આધિન કરવામાં આવેલ છે તેની સરકારશ્રીની મંજુરીના યોગ્ય આદેશોના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૦૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ગાંધીનગર દ્વારા સંસ્થાને ફાળવવામાં આવતી બ્લોક ગ્રાન્ટની શરતોનુસાર પણ યુનિવર્સિટીએ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુ પાલન કરવાનુ રહે છે.આ સંજોગોમાં યુનિવર્સિટીથી ઉકત ભથ્થા તથા ઓવરટાઇમનુ ચુકવણુ કરી શકે નહિ.આમછતાં,યુનિવર્સિટીએ સદરહુ ભથ્થાઓ ચુકવેલ છે જે ઉકત નિયમો સાથે સુસંગત નહોઇ સદરહુ ભથ્થાઓ ગ્રાન્ટ સામે અમાન્ય કેમ ન ઠેરવવા ? તે અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(03) યુનિ.ના સને ૨૦૧૩/૧૪ ના વાર્ષિક હિસાબ મુજબ પરીક્ષા ભથ્થા પેટે રૂપિયા ૪૭,૧૦,૩૪૩.૪૬ ખર્ચ દર્શાવેલ છે જયારે લેજર મુજબ ખર્ચ રૂપિયા ૨૭,૫૯,૫૮૦.૪૬ છે. તેમજ વાર્ષિક હિસાબ મુજબ પરીક્ષા ઓવર ટાઇમ ખર્ચ રૂપિયા ૨,૫૨,૫૪૦.૦૦ દર્શાવેલ છે જયારે લેજર મુજબ ખર્ચ રૂપિયા ૨૦,૨૨,૯૩૮.૭૭ છે ઉકત બન્ને તફાવત બાબતે આધાર સહ સ્પષ્ટતા થવા વિનંતી.

પ્રસ્તુત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થતાં સુધી કરેલ ખર્ચ રૂા 49,62,883.46આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.-58 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "બીન શૈક્ષણિક કર્મચારીઓને પરીક્ષા ભથ્થા પેંટે કોડ નં.3532008 માં રૂપિયા 12930901/13 નો ખર્ચ તથા કોડ નં. 3532007માં રૂપિયા 718311/-નો ઓવર ટાઈમ ખર્ચ ગુજરાત સરકારશ્રી નિભાવ ગ્રાન્ટમાંથી નહીં પરંતુ પરીક્ષા ફીની આવકમાંથી કરવો જરૂરી છે અને તે મુજબ હવે પછીના વર્ષમાં કરવામાં આવશે.

ઓડીટ અવલોકન મુદ્દા નં.01 અને 02 મુજબ જણાવવાનું કે સદરહું ખર્ચ માટેની મંજુરીનાં પરિપત્રો ઠરાવો આ સાથે સામેલ કરવામાં આવશે.

ઓડીટ અવલોકન મુદ્દા નં. 03 મુજબ જણાવવાનું કે સદરહું બાબત હિસાબ વિભાગને લગતી હોઈ હિસાબ વિભાગે સ્પષ્ટતા કરવાની રહે છે."આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી.વાંધાહેઠળ રૂા 49,62,883.46

ફકરા ક્રમાંક -૧૫

આઇ. એ. એસ. ટ્રેનીંગ સેન્ટર બંધ હોવાછતાં તે સદરે ખર્ચ ઉધારવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૧૩-૧૪ ના અન્વેષણ દરમ્યાન આઇ. એ. એસ. તાલીમ કેન્દ્રના રેકર્ડની માંગણી કરતાં સદરહું તાલીમ કેન્દ્ર ઘણા સમયથી બંધ હોવાનું જાણવા મળેલ છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૦૧) ઉપરોકત વિગતે જાણવા મળ્યા મુજબ આઇ. એ. એસ. તાલીમ કેન્દ્ર ઘણા લાંબા સમયથી બંધ છે તો સદર તાલીમ કેન્દ્ર કેટલા સમયથી અને કયા કારણોસર બંધ પડેલ છે તેની વિગતવાર માહિતિ ઓડિટે રજુ કરવામાં આવેલ નથી.

(૦૨) તાલીમ કેન્દ્ર બંધ પડયા પછી આજ દિન સુધી તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કઇ કઇ વિગતે કરવામાં આવેલ છે તેની વર્ષવાર સમગ્ર વિગતો ઓડિટને પુરી પાડવામાં આવેલ નથી.

(૦૩) તાલીમ કેન્દ્ર ચાલુ કરવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? તેમજ તાલીમ કેન્દ્ર ચાલુ નહિ કરવાના કારણો જણાવી તેને સત્વરે ચાલુ કરવા ઓડિટનું સુચન છે જેથી જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને તેનો લાભ મળી શકે.

(૦૪) સદર તાલીમ કેન્દ્ર બંધ હોવા છતાં સને ૨૦૧૩-૧૪ દરમ્યાન નીચેની વિગતે એક વર્ગ-૩ના અને એક વર્ગ- ૪ ના કર્મચારી મળી કુલ બે કર્મચારીનો પગાર તથા કચેરી ખર્ચનો ખર્ચ કરવામાં આવેલ છે.

| અ. નં. | વિગત | ખર્ચનું સદર | સને ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૦૧ | પગાર | ૨૫૨૨૦૦૧ | ૫,૧૭,૮૭૪ |
| ૦૨ | ડી. એ. | ૨૫૨૩૦૦૧ | ૨,૭૭,૮૧૨ |
| ૦૩ | એચ. આર. એ. | ૨૫૨૩૦૦૨ | ૭૮,૪૧૬ |
| ૦૪ | સી. એલ. એ. | ૨૫૨૩૦૦૩ | ૬,૪૮૦ |
| ૦૫ | અધર | ૨૫૨૩૦૦૪ | ૮,૫૮૦ |
| ૦૬ | ટેમ્પરરી સ્ટાફ | ૨૫૨૪૦૦૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૦૭ | ટેલિફોન | ૨૫૩૬૦૦૦ | ૩,૭૬૧ |
| ૦૮ | ફર્નિચર રીપેરીંગ ખર્ચ | ૨૫૪૫૦૦૦ | ૧,૪૫૦ |
| ૦૯ | બોનસ | ૨૫૯૧૦૦૦ | ૬,૯૦૮ |
| | કુલ | | ૯,૦૧,૨૮૧ |

ઉપરોકત વિગતે કરેલ ખર્ચ બાબતે જણાવવાનું કે આઇ. એ. એસ. તાલીમ કેન્દ્ર બંધ હોવા છતાં નિયમિત સ્ટાફને પગાર ભથ્થાની ચુકવણી ઉપરાંત ફર્નિચર રીપેરીંગનો ખર્ચ રૂપિયા ૧,૪૫૦/- ખર્ચ કરવામાં આવેલ છે

આમ સમગ્ર રીતે જોતાં અન્વેષણ સમયગાળા દરમ્યાન તાલીમ કેન્દ્ર બંધ હોવા છતાં કુલ રૂ. ૯,૦૧,૨૮૧/- નો ખર્ચ કરવામાં આવેલ છે આમ તાલીમ કેન્દ્ર બંધ હોવાથી જરૂરીયાત વાળા વિદ્યાર્થીઓને લાભ નહી મળવા છતાં ખર્ચ કરવા સબબ સ્પષ્ટતા સહ ખાત્રી કરાવવી ઘટે

સંસ્થાએ પ્રા.વા.નં.૫૯ નો કરેલ જવાબમાં જણાવેલ છે કે ઉકત સેન્ટર સને-૧૯૯૪ થી બંધ છે.તો આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર કોડ ખાતે ખર્ચ ઉધારવામાં આવે છે.જે બાબત યોગ્ય નથી તો ઉકત કોડમાં જરૂરી સુધારો થવો ઘટે.અને થયેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

ઉપરોકત વિગતે ખાત્રી કરાવતાં સુધી કરેલ તમામ ખર્ચ રૂ. ૯,૦૧,૨૮૧/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રકમ રૂ. ૯,૦૧,૨૮૧ /-

ફકરા ક્રમાંક -૧૬

=====================================================================

**પરીક્ષા વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ કામો તથા તે અંગેના ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ ન કરવા બાબત**

=====================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૩/૧૪ ના હિસાબોની તપાસણી કાર્યવાહી હાલ પ્રગતિમાં છે.સને-૨૦૧૩/૧૪ ના લેજરની ચકાસણી કરતાં પરીક્ષા વિભાગ દ્વારા નીચે મુજબની વિગતે વિવિધ ખર્ચ કરેલ જણાય છે.ખર્ચ સંદર્ભમાં આ અગાઉ રેકર્ડ રજુ કરવા જણાવવામાં આવેલ હતુ તેમછતાં આજ દિન સુધીમાં રેકર્ડ રજુ થયેલ નથી. તો નીચેની વિગતનુ રેકર્ડ/માહિતી સત્વરે રજુ કરવા વિનંતી કરવા છતાં રજુ ન કરતાં અત્રેથી પ્રા.વા.નં. ૧ તા.૭/૬/૧૭ થી રેકર્ડ માગવામાં આવેલ હતુ જે રજુ ન કરતાં રેકર્ડ રજુ કરવા પુનઃસ્મૃતિપત્ર પ્રા.વાં.૩૭ તા.૩/૭/૧૭ તેમજ માન. કુલપતિશ્રીને અંગત ધ્યાન પત્ર સ્વરૂપે ,પ્રા.વા.નં.૭૦ તા.૫/૮/૧૭ તેમજ પ્રા.વા.નં.૭૯ તા.૧૮/૮/૧૭ થી જણાવવા છતાં ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં માગણી મુજબનુ રેકર્ડ રજુ કરેલ ન હતુ.

| અ.નં. | આવકખર્ચની ટુંકી વિગત/ | લેજર કોડ નંબર | થયેલ ખર્ચરૂપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| 01 | પરીક્ષાના પ્રશ્નપત્રો છપામણી | 3515000 | 2,18,83,641 |
| 02 | પરીક્ષા છપામણી ચાર્જ | 3516000 | 6,54,483 |
| 03 | પરીક્ષાની ઉત્તરવહીઓ | 3517000 | 3,05,21,836 |
| 04 | પરીક્ષાની ખાસ લેખન સામગ્રી | 3518000 | 19,22,916 |
| 05 | પરીક્ષાની લેખન સામગ્રી | 3519000 | 3,54,587 |
| 06 | પરીક્ષા ડમી નંબર અંગેનો ખર્ચ | 3525000 | 87,32,621 |
| 07 | પરીક્ષા કોમ્પ્યુટર ચાર્જ | 3526000 | 90,42,007 |
| | કુલરૂ! | | 7,31,12,091 |

ઉપરોક્ત સદરો હેઠળ પરીક્ષા વિભાગ દ્વારા રૂ! ૭,૩૧,૧૨,૦૯૧/-નો ખર્ચ કરવામાં આવેલ છે.સદરહું કામો માટે આપેલ જાહેરખબરો,કામ માટેના ઇસ્યુ ટેન્ડરો,ભરાઇ આવેલ ટેન્ડરો,તુલનાત્મક

પત્રકો,કામના વર્ક ઓર્ડર,કામના પ્રોગ્રેસીવ રીપોર્ટ,કામ પૂર્ણતા પ્રમાણપત્રો,ટેન્ડર ફી રજિસ્ટર,ટેન્ડર ડીપોઝીટ રજિસ્ટર,ચેક રજિસ્ટર,ચેક કાઉન્ટર ફાઇલ,ચલણો સહિત તમામ પ્રકારનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ  થવુ ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૩ નો કરેલ જવાબ રજુ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ  રૂ. ૭,૩૧,૧૨,૦૯૧/-

ફકરા ક્રમાંક - ૧૭

=============================================================

ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત.

=============================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ-૨૦૧૩/૧૪ ના હિસાબોની તપાસણી દરમ્યાન રજુ થયેલ લેજર રજિસ્ટરોંની ચકાસણી કરતાં બજેટ કોડ- ૮૧૦૧૦૦૧ (GF) ખાતે રૂ! ૧૩,૪૧,૧૫૨/- તથા બજેટ કોડ – ૮૧૦૧૦૨૨ ખાતે રૂ! ૩૪૦૦/- એમ કુલ મળી રૂ! ૧૩૪૪૫૫૨/- વાર્ષિક હિસાબ સદરે સરભર કરવાના બાકી હોવાનુ ધ્યાને આવેલ છે.

<u>ઓડીટનોંધ :-</u>

વાર્ષિક હિસાબો નિભાવવાની સાથે સાથે જે તે આવક ખર્ચનુ યોગ્ય વર્ગીકરણ કરવામાં આવે તો વાર્ષિક હિસાબો ક્ષતિરહિત તૈયાર થઇ શકે.સંસ્થામાં થયેલ આવક તેમજ ખર્ચ વર્ગીકરણ ન કરી શકાય ત્યારે તે રકમ ઉપલક (સસ્પેન્સ) સદરે નોંધવામાં આવે છે.અને જયારે વર્ગીકરણની પ્રકિયા હાથ ધરવામાં આવે ત્યારે તે રકમ ઉપલક સદરે સરભર કરવાની રહે છે.સદર કાર્યવાહી નાણાકિય વર્ષના અંતે પૂર્ણ કરવાની રહે છે.પરંતુ હિસાબ વ્યવસ્થિત ધોરણે નહીં લખવાના કારણે ઉપલક સદરની રકમ વર્ષના અંતે આગળ ખેંચવામાં આવે છે.અન્વેષણ અહેવાલમાં સદરહુ બાબતનુ પુનરાવર્તન ન થવા પામે તે બાબતે સંસ્થાનુ અચૂક ધ્યાન દોરવામાં આવે છે.આમછતાં આવી.ઉપલક રકમનુ યોગ્ય મેળવણુ નહી કરવા શકી આ હિસાબી અનિયમિતતાઓ જણાઇ આવે છે ૧૩,૪૪,૫૫૨/- સત્વરે સરભર કરી યોગ્ય આધાર સહ અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત વિગતે કાર્યવાહી પૂર્ણ કરી દર્શાવેલ રકમ સરભર કરી ખાતરી કરાવતાં સુધી સદરહુ ઉપલક રકમ રૂ! ૧૩,૪૪,૫૫૨/- આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.-35 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "અગાઉના વર્ષથી ખેચતી આવતી સસ્પેન્સની રકમ જે હતી ચાલુ વર્ષે મળેલ વિગતને આધારે સરભર કરેલ છે. તેમ છતાં બાકી રહેતી રકમ જરૂરી માહિતીના અભાવે બીજા છતાં બાકી રહેતી રકમ જરૂરી માહિતીના અભાવે બીજા વર્ષમાં ખેંચવામાં આવે છે. જેમ વિગતો મળે તેમ સદરહું ખાતાની મેળવણી કરી યોગ્ય જમા ઉધાર કરીએ છે."

આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વાં. સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રૂ! ૧૩,૪૪,૫૫૨/-

ફકરા ક્રમાંક -૧૮

===========================================================================

**જમીન અને મકાનોના ભાડાના માંગણા અને વસુલાત રજીસ્ટર રજુ ન કરવા બાબત.**

===========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩-૧૪ ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ રેકર્ડ આધારિત ચકાસણી કરતાં જમીનની આવક રૂપિયા ૨,૪૯,૪૨૦/- તથા કન્વેન્શન સેન્ટરની આવક રૂપિયા ૮,૫૦,૦૦,૦૦૦/-આવક મેળવેલ હતી નમૂનારૂપ ચકાસણી કરતાં તારીખ તથા આ સિવાય અન્ય કોઇ આ બાબતની આવક મેળવેલ હોય તે આવકની ચકાસણી અર્થે સંબંધિત વિભાગેથી નીચેની વિગતે રેકર્ડ માહિતી રજુ કરવા વિનંતી કરવા છતાં સંસ્થા પાસે અત્રેથી પ્રા.વા.નં. ૧ તા.૭/૬/૧૭ થી રેકર્ડ માગવામાં આવેલ હતુ જે રજુ ન કરતાં રેકર્ડ રજુ કરવા પુનઃસ્મૃતિપત્ર પ્રા.વાં.૩૭ તા.૩/૭/૧૭ તેમજ માન. કુલપતિશ્રીને અંગત ધ્યાન પત્ર સ્વરૂપે ,પ્રા.વા.નં.૭૦ તા.૫/૮/૧૭ તેમજ પ્રા.વા.નં.૭૯ તા.૧૮/૮/૧૭ થી જણાવવા છતાં ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં માગણી મુજબનુ રેકર્ડ રજુ કરેલ ન હતુ.

જમીન અને મકાનોના ભાડાના માંગણા રજીસ્ટર

જમીન અને મકાનોના ભાડાના વસુલાત રજીસ્ટર

જમીન અને મકાનોના ભાડાના માંગણા રજીસ્ટર તથા જમીન અને મકાનોના ભાડાના વસુલાત રજીસ્ટર અંગે નીચેની વિગતે માહિતી રજુ થવી ઘટે.

**જમીનની આવક**

| માગણું રૂપિયા | | | વસુલાત રૂપિયા | | | % |
|---|---|---|---|---|---|---|
| પાછલું | ચાલુ | કુલ | પાછલું | ચાલુ | કુલ | |
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ |
| | | | | | | |

**કન્વેન્શન સેન્ટરની આવક**

| માગણું રૂપિયા | | | વસુલાત રૂપિયા | | | % |
|---|---|---|---|---|---|---|
| પાછલું | ચાલુ | કુલ | પાછલું | ચાલુ | કુલ | |
| ૦૮ | ૦૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | | | | | | |

જમીનની માલિકીની વિગતો દર્શાવતું મિલકત રજીસ્ટર

સંસ્થાએ ખાનગી એજન્સીઓ સાથે કરેલ ભાડા કરાર સંબંધી તમામ રેકર્ડ

સંસ્થાની માલિકીની જમીનો ભાડે વેચાણ આપવા બાબતે બાંધકામ.ઇ.સી.એ.સી.કમિટીમાં કોઇ ઠરાવ કરવામાં આવેલ હોય તો તે અંગેના યોગ્ય આધારો

ઓડીટ વર્ષમાં રૂપિયા ૨,૪૯,૪૨૦/- તથા કન્વેન્શન સેન્ટરની આવક રૂપિયા ૮,૫૦,૦૦,૦૦૦/- આવક મેળવેલ આવકોની વિગત દર્શાવતું પત્રક

જે બાબતે નીચેની વિગતે ઓડિટ નોંધ આપવામાં આવે છે.
(૧) સંસ્થાની કેટલી મિલકતો છે તેમજ કેટલી મિલકતો ભાડે અપાયેલ છે તે જાણી શકાયેલ નથી.
(૨) સંસ્થાની ભાડે અપાયેલ મિલકતોના ભાડા કરાર કરાયેલ છે કે કેમ તેમજ ભાડા કરારની મુદત/નિયમોચિત બાબતે અન્વેષણથી ચકાસણી થઇ શકેલ નથી.

(૩)ભાડે અપાયેલ મિલકતોનુ  કેટલુ માંગણુ બાકીમાં હતુ તેમજ અન્વેષણ વર્ષ દરમ્યાન કેટલી ભાડાની વસુલાત કરવામાં આવેલ છે તેમજ બાકી રહેતા માંગણાની વિગતો અન્વેષણથી ચકાસી શકાયેલ નથી.

સંસ્થાએ પ્રા.વા.નં.૨૧ નો જવાબ કરેલ નથી.

ફકરા ક્રમાંક - ૧૯

=====================================================================

**ટુંકી મુદતની ડીપોઝીટ પેટે વાર્ષિક જમા રકમ અન્વયેની ખાતરી ન કરાવવા બાબત.**

=====================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-૨૦૧૩/૧૪ નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ વાર્ષિક હિસાબ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માં જણાવ્યા મુજબ જુદી જુદી બેન્કોમાં ટુંકી મુદતની ડીપોઝીટ રૂપિયા ૧,૦૦,૦૫,૬૦,૨૪૯ ૭૫ પૈસા ઉધાર બાજુએ દર્શાવેલ છે.જ્યારે જમા બાજુએ રૂપિયા ૧૪,૧૪,૬૦,૨૫૫.૨૯ પૈસા દર્શાવેલ છે .જેની વિગતો નીચે મુજબ જણાવેલ છે.

| અ.નં. | બેન્કની વિગત | ઉધાર | જમા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| 01 | સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા | | 1509484.00 |
| 02 | બેન્ક ઓફ ઇન્ડીયા | 15000.00 | |
| 03 | સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા યુનિ.બ્રાન્ચ | 72897028.15 | |
| 04 | ઇન્ડીયન બેન્ક | 288539171.00 | |
| 05 | દેના બેન્ક | 1953029.60 | |
| 06 | સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડીયા | 6426496.00 | |
| 07 | યુનિયન બેન્ક ઓફ ઇન્ડીયા | 26720522.00 | |
| 08 | ઇ.આર.ડી.એફ.એસ.બી.આઇ | 30632190.00 | |
| 09 | સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા નરોડા બ્રાન્ચ | 223144.00 | |
| 10 | એ.ડી.સી.બેન્ક નરોડા બ્રાન્ચ | 370812.00 | |
| 11 | આંન્ધ્ર બેન્ક | 374891287.00 | |
| 12 | અલ્લાહબાદ બેંક | 82473232.00 | |
| 13 | કોલેજોની ફીકસ ડીપોઝીટ પર વ્યાજ | | 139950771.29 |

| | | | |
|---|---|---|---|
| 14 | બેન્ક ઓફ સૌરાષ્ટ્ર | 3831244.00 | |
| 15 | યુનાટેડ બેન્ક ઓફ ઇન્ડીયા | 20000000.00 | |
| 16 | બેન્ક ઓફ ઇન્ડીયા મહારાષ્ટ્ર | 54449566.00 | |
| 17 | બેન્ક ઓફ બરોડા | 1234118.00 | |
| 18 | વિજ્યા બેન્ક | 25756901.00 | |
| 19 | પંજાબ સિંધ બેન્ક | 10146507.00 | |
| | | 1000560247.75 | 141460255.29 |

જમા બાજુએ રૂપિયા ૧૪,૧૪,૬૦,૨૫૫.૨૯ પૈસા દર્શાવેલ એફડીનું વ્યાજ જમા લેવામાં આવેલ છે.આ વ્યાજ કઇ કઇ બેન્કોનું મળવાપાત્ર થતું હતું અને કઇ કઇ બેન્કો પાસેથી મળેલ છે કે બાકી છે.તેનો જે તે કોડ નંબર સાથે લેઝર મુજબનો ઉતારો ઓડીટે રજુ થવો ઘટે.

જુદા જુદા રોકાણ રજીસ્ટરોમાં જે તે બેન્કવાર તારીજ કાઢવામાં આવતી નથી જેથી બેન્કવાર સિલકની વિગતો ઉપલબ્ધ થતી નથી.સદર રજીસ્ટરો અધતન રીતે તૈયાર કરાવી ઓડીટે ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.-32 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "યુનિવર્સિટીના જુદા જુદા ફંડની એફડી કરવામાં આવેલ છે. તેનું આપશ્રી એ દર્શાવ્યા મુજબ તારીજવાર અલાઈદા રજીસ્ટર બનાવવામાં આવે છે. અને દરેક રજીસ્ટરની અલગથી એફડી સાથે ભૌતિક ચકાસણી આપશ્રીને કરાવેલ છે. જે જાણ સારૂ વધુમાં જમાવવાનું કે આ ફંડની બેન્ક વાર વિગત વાર્ષિક હિસાબોમાં પરિશિષ્ટ કે માં દર્શાવેલ છે. અને દરેક બેન્કની એફડીના અલગ અલગ લેજર કોડ આપી જાળવવામાં આવે છે. જે કોડ નં. 9406001 થી 9406027 સુધીના કોડમાં અલગ અલગ બેન્ક મુજબ દર્શાવેલ છે. જે આપશ્રીની ચકાસણી માટે પરિશિષ્ટ કે માં દર્શાવેલ છે.તેમ છતાં આપના વાંધાને ધ્યાનમાં રાખી હવે પછીની તમામ એફડી સિન્ડીકેટની મંજુરી તથા સરકારશ્રીના જીઆર મુજબ GSFS માં મુકવાનો ઠરાવ કરેલ છે. જેથી હવે પછી તારીજની સમસ્યા નિવારી શકાશે."આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી

ફકરા ક્રમાંક – ૨૦

---

યુનિ.ના પાકા સરવૈયામાં ફંડ તથા દેવા બાજુ દર્શાવેલ અન્ય ફંડોની વિગતો રજુ ન કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં નાણાંકિય વર્ષ -૨૦૧૩-૧૪ ના વાર્ષિક હિસાબમાં તારીખ-૩૧-૦૩-૧૪ નાં રોજના પાકા સરવૈયામાં ફંડ તથા દેવાં બાજુ અન્ય ફંડો નંબર ૭૭૦૦૦૦૦ સામે રૂપિયા ૩૭,૪૭,૯૦,૫૬૧.૫૩ દર્શાવેલ છે જેની વિગતો નીચે મુજબની છે.

| ક્રમ | તા.૦૧-૦૪-૧૩ થી તા.૩૧-૦૩-૧૪ બીજા ફંડો | છેલ્લા હિસાબ મુજબ | વર્ષ દરમ્યાન ઉમેરો | વર્ષ દરમ્યાન ચુકવ્યા/રોકયા | કુલ |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | કન્વેનશન સેન્ટર ફંડ | 152484215.00 | 0.00 | 3837000.00 | 148647215.00 |
| 02 | પી.જી.મેડીકલ ફી ફંડ | 20242000.00 | 0.00 | 0.00 | 20242000.00 |
| 03 | વિધાર્થી સાંસ્કૃતિ પ્રવૃતિ ફંડ | 156190.09 | 39500.00 | 0.00 | 195690.09 |
| 04 | છયર માર્ક ફંડ | 35539078.93 | 8991400.00 | 0.00 | 44530478.93 |
| 05 | જમીન વિકાસ ફંડ | 6297082.60 | 1593100.00 | 0.00 | 7890182.60 |
| 06 | જમીનના બહારના ભાગના વિકાસ અંગેનુ ફંડ | 3199395.00 | 809300.00 | 0.00 | 4008695.00 |
| 07 | બી.બી.એ. ફંડ | 11729660.71 | 0.00 | 0.00 | 11729660.71 |
| 08 | યુનિ.એજ્યુ.રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ | 107131513.02 | 0.00 | 16389540.20 | 90741972.82 |
| 09 | બી.એડ. ફંડ | 34966109.00 | 0.00 | 0.00 | 34966109.00 |
| 10 | એમ.સી.એ. ફંડ | 3469452.38 | 0.00 | 0.00 | 3469452.38 |
| 11 | એમ.બી.એ. ફંડ | 7027003.00 | 0.00 | 0.00 | 7027003.00 |
| 12 | ગ્રંથાલય ડેવલપમેન્ટ ફંડ | 660461.00 | 342461.00 | 0.00 | 1002922.00 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 13 | ગ્રથાલયશાસ્ત્ર ભવન ડેવલપમેન્ટ ફંડ | -50826.00 | 50826.00 | 0.00 | 0.00 |
| 14 | ભૂકંપ રીલીફ ફંડ | 275800.00 | 0.00 | 0.00 | 275800.00 |
| 15 | સ્પોર્ટ ડેવલપમેન્ટ ફંડ | 63380.00 | 0.00 | 0.00 | 63380.00 |
| | | 383190514.73 | 11826587.00 | 20226540.20 | 374790561.53 |

આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

<u>ઓડીટનોંધ :-</u>

(૦૧) પરિ-એ માં જુદા જુદા પંદર ફંડોની વિગતો દર્શાવેલ છે તો આ તમામ ફડોની અલગ રચના કયા કારણો/ઉદ્દેશથી કરવામાં આવેલ છે તેની આધાર સહ વિગતો રજુ થવી ઘટે.

(૦૨) સદરહું ફંડની આવક કઇ રીતે ઉભી કરવાની રહે છે તથા સદરહુ ફંડમાંથી કયા કયા ખર્ચ કરી શકાય તે અંગે જે કોઇ નિયમ બનાવેલ હોય/ધોરણો નિયત કરેલ હોય તેની વિગતો.

(03) સદરહું ફંડની આવક અને ખર્ચ અંગે રજુ કરેલ અંદાજપત્રમાં/સુધારેલ અંદાજપત્રમાં કોઇ જોગવાઇ થયાનું જણાતું નથી તો અંદાજપત્રમાં આ અંગે જોગવાઇ ન કરવા બદલ સ્પષ્ટતા થવા તથા અંદાજપત્રમાં જોગવાઇ સિવાય ખર્ચ કરવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) સદરહું ફંડની આવક રૂપિયા ૧,૧૮,૨૬,૫૮૭.૦૦ અને ખર્ચ રૂપિયા ૨,૦૨,૨૬,૫૪૦.૨૦ યુનિ.ના આવક અને ખર્ચમાં દર્શાવેલ નથી તો આ આવક-ખર્ચ ન દર્શાવવા બદલ સ્પષ્ટતા થવા અને તેટલા અંશે યુનિ. આવક-ખર્ચના તેટલા પ્રમાણમાં ઓછી આવક અને ખર્ચ દર્શાવે છે તેમ ગણાય અને તેથી તે પ્રમાણિત કરી શકાય નહી.

(૦૫) વાર્ષિક હિસાબમાં દર્શાવેલ કન્વેનશન સેન્ટરની આવક રૂપિયા ૮,૫૦,૦૦,૦૦૦.૦૦ અને ખર્ચ રૂપિયા ૧૧,૨૪,૯૩૭.૦૦ યુનિ.ના પાકા સરવૈયામાં ફંડ તથા દેવા બાજુ દર્શાવેલ કન્વેનશન સેન્ટર ફંડમાં સમાવેશ કરવાની જોગવાઇ થાય છે કેમ ? તે સ્પષ્ટ કરવા વિનંતી છે.

ઉપરોક્ત વિગતવાર રેકર્ડ રજુ કરવા છતાં રેકર્ડ રજુ ન કરતાં અત્રેથી પ્રા.વાં.નં.૧ તા.૭/૬/૧૭ થી રેકર્ડ માંગવામાં આવેલ હતુ જે રજુ ન કરતાં રેકર્ડ રજુ કરવા પુનઃસ્મૃતિપત્ર પ્રા.વાં.૩૭ તા.૩/૭/૧૭ તેમજ માન. કુલપતિશ્રીને અંગત ધ્યાન પત્ર સ્વરૂપે

,પ્રા.વા.નં.૭૦ તા.૫/૮/૧૭ તેમજ પ્રા.વા.નં.૭૯ તા.૧૮/૮/૧૭ થી જણાવવા છતાં ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં માગણી મુજબનુ રેકર્ડ રજુ કરેલ ન હતુ.

સંસ્થાએ પ્રા.વાં.નં.-36 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "વાર્ષિક હિસાબમાં દર્શાવેલ કન્વેન્શન સેન્ટરની આવક જે ફંડ તથા દેવા બાજુ દર્શાવેલ છે તે વર્ષ 2015-16 થી આપના સુચન મુજબ આવક ખર્ચ બાજુએ દર્શાવવાનું રાખેલ છે."

આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી.

ફકરા ક્રમાંક -૨૧

---

**સંસ્થાની માલિકીની મિલકતોના વીમા ઉતરાવવા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ ના વર્ષના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરો તથા લેજરબુકની ચકાસણી કરતાં લેજર કોડ નં.૪૫૦૧૦૦૦ હેઠળ વીમા ખર્ચ પેટે રૂા ૧,૬૨,૦૭૩/- ની ચુકવણી સંબંધીત વીમા એજન્સીઓને કરવામાં આવેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ હતું.સદરહુ બાબતે અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) વાર્ષિક હિસાબ મુજબ કાયમી મિલકતો અંગેની ચકાસણી દરમ્યાન સંસ્થા હસ્તક કુલ-૧૨૧ મિલકતો હોવાનુ જણાઇ આવેલ છે.સદરહુ મિલકતો પૈકી કેટલી મિલકતોનો વીમો ઉતારવાપાત્ર હતો ? તે પૈકી કેટલી મિલકતોનો વીમો-કયારથી,કઇ વીમા એજન્સીઓ પાસેથી કયા કયા દરે ઉતરાવવામાં આવેલ છે.? સદરહુ વીમો મિલકતોના નિર્માણ થયા તારીખથી આજ પર્યંત ઉતારવામાં આવે છે કે કેમ ?તે તમામ વીમા પોલીસીઓ તથા તેનુ રજિસ્ટર અન્વેષણમાં રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૦૨) ઉપરોકત ૧૨૧ મિલકતો સંસ્થાના મિલકત રજિસ્ટરે નોંધવામાં આવેલ છે કે કેમ ? મિલકત રજીસ્ટર રજુ કરી મિલકતોની હયાતીના વ્યાજબીપણાની ખાતરી કરાવવી ઘટે.

(૦૩) ઉપરોકત મકાનોની સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિયત આકારણી કરવામાં આવેલ હોય તો તે અંગેના સાધનિક આધાર/રજીસ્ટર રજુ કરી કિંમતના વ્યાજબીપણાની ખાતરી કરાવવી ઘટે.

(૦૪) સંસ્થાની મિલકતોના બી.યુ.પરમિશન બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મળેલ મંજુરીના આધાર રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૦૫) સંસ્થા હસ્તકના કન્વેન્શન સેન્ટરના નિર્માણમાં માતબર રકમનો ખર્ચ થયેલ હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ છે.સદરહુ સેન્ટરનો વીમો કઇ વીમા એજન્સી પાસેથી કયારે ઉતરાવવામાં આવેલ છે ? વીમા સંબંધી તમામ રેકર્ડ રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

(૦૬) સંસ્થા હસ્તકની ઉપરોકત મિલકતો પૈકી કઇ મિલકતોના વીમા ઉતારવામાં આવેલ નથી તેમજ કેવા કારણોસર વીમા ઉતારવામાં આવેલ નથી ? જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થા પાસે અત્રેથી પ્રા.વા.નં. ૧ તા.૭/૬/૧૭ થી રેકર્ડ માગવામાં આવેલ હતુ જે રજુ ન કરતાં રેકર્ડ રજુ કરવા પુનઃસ્મૃતિપત્ર પ્રા.વાં.૩૭ તા.૩/૭/૧૭ તેમજ માન. કુલપતિશ્રીને અંગત ધ્યાન પત્ર સ્વરૂપે ,પ્રા.વા.નં.૭૦ તા.૫/૮/૧૭ તેમજ પ્રા.વા.નં.૭૯ તા.૧૮/૮/૧૭થી જણાવવા છતાં ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં માગણી મુજબનુ રેકર્ડ રજુ કરેલ ન હતુ.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૪નો જવાબ કરેલ નથી.

ફકરા નં. ૨૨

**પ્રકાશન શાખાના ફોર્મનો જથ્થો જાહેર હરાજી/પસ્તી વેચાણથી નિકાલ ન કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૧૩-૧૪ના વર્ષના અન્વેષણ દરમ્યાન ચકાસણી કરતાં પરચુરણ આવક રૂપિયા ૧,૩૮,૮૬,૨૬૫/- મેળવેલ હતી.ઓડીટ સંદર્ભમાં પ્રકાશન શાખાના રદ કરેલ ફોર્મનો જાહેર હરાજી/પસ્તી વેચાણ અંગેનું રેકર્ડ અન્વેષણમાં રજુ કરવુ તથા આ બાબતે કરેલ કાર્યવાહી તથા નિકાલની મંજુરી અને આ કાર્યવાહીથી ઉપજેલ નાણાં જમાં કરાવ્યાંના આધાર સહ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. ઓડીટ વર્ષમાં જો કાર્યવાહી કરવામાં ન આવેલ હોઇ તો હાલમાં આવો બિન ઉપયોગી જથ્થો છે તે માહિતી તથા જથ્થાના નિકાલ અંગેની કરેલ કાર્યવાહીનું રેકર્ડ માહિતી ઓડીટે રજુ થવી ઘટે.

સંસ્થા દ્વારા મળેલ જવાબના આધારે પ્રકાશન શાખાના રદ કરવાપાત્ર જુદા જુદા ફોર્મનો જથ્થો રૂપિયા ૬.૨૨ કરોડનો હોવાનો જણાવેલ છે. આ જથ્થો રદ કરવા બાબતે કાર્યવાહી પ્રગતિમાં છે તેમ સંસ્થાએ જણાવેલ છે સામેલ પરિશિષ્ટ-૭૫ માં દર્શાવેલ છે.તો ઉકત કાર્યવાહી ત્વરે પૂર્ણ કરાવી ઓડિટને જાણ થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.-66 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "ઉપરોક્ત રદ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે."

આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રૂ! ૬,૨૨,૧૨,૦૯૫/-

પરિશિષ્ટ-૦૫

પ્રકાશન શાખાના રદ કરવાપાત્ર જુદા જુદા ફોર્મનો જથ્થો રૂપિયા ક.૨૨ કરોડની વિગત દર્શાવતું

પરિશિષ્ટ-૦૫ વર્ષ-૨૦૧૩/૨૦૧૪

| Different Form Statement PARTICULAR | No.s | Price | Total |
|---|---|---|---|
| **EXAM FORM** | | | |
| FYBA | 17180 | 25 | 429500 |
| SYBA | 7225 | 25 | 180625 |
| TYBA | 87339 | 25 | 2183475 |
| M.A. PART-I (REG) | 10841 | 25 | 271025 |
| M.A. PART-II(REG) | 8392 | 25 | 209800 |
| M.A. SEM.-I | 1351 | 25 | 33775 |
| M.A SEM.-II | 9410 | 25 | 235250 |
| M.A. SEM.-III | 535 | 25 | 13375 |
| M.A.SEM.-IV | 5898 | 25 | 147450 |
| M.PHIL | 1857 | 25 | 46425 |
| B.ED. | 654 | 25 | 16350 |
| M.ED. | 0 | 0 | 0 |
| M.ED. SEM.-I | 1570 | 25 | 39250 |
| M.ED. SEM.-II | 2306 | 25 | 57650 |
| F.Y.B.SC. (REG) | 4081 | 25 | 102025 |
| S.Y.B.SC.(REG) | 3252 | 25 | 81300 |
| T.Y.B.SC (REG) | 7000 | 25 | 175000 |
| M.SC.PART-I | 1997 | 25 | 49925 |
| M.SC.PART-II | 3525 | 25 | 88125 |
| M.SC. SEM.-I | 2459 | 25 | 61475 |
| M.SC.SEM.-II | 633 | 25 | 15825 |
| M.SC.SEM.-III | 5806 | 25 | 145150 |
| M.SC.SEM.-IV | 2161 | 25 | 54025 |
| F.Y.B.COM. | 16038 | 25 | 400950 |
| S.Y.B.COM. | 10718 | 25 | 267950 |
| T.Y.B.COM. | 9578 | 25 | 239450 |
| M.COM.PART-I | 11174 | 25 | 279350 |
| M.COM.PART-II | 2630 | 25 | 65750 |
| M.COM.SEM.-I | 2370 | 25 | 59250 |
| M.COM.SEM.-II | 4486 | 25 | 112150 |
| M.COM.SEM.-III | 2274 | 25 | 56850 |

| | | | |
|---|---|---|---|
| M.COM.SEM.-IV | 4213 | 25 | 105325 |
| F.Y.LL.B. | 5780 | 25 | 144500 |
| S.Y.LL.B. | 7886 | 25 | 197150 |
| T.Y.LL.B. | 4075 | 25 | 101875 |
| LL.B. SEM.-I | 9439 | 25 | 235975 |
| LL.B. SEM.-II | 2451 | 25 | 61275 |
| LL.B.SEM.III | 1556 | 25 | 38900 |
| LL.B.SEM.IV | 2575 | 25 | 64375 |
| LL.B.SEM.-V | 3384 | 25 | 84600 |
| LL.B.SEM.-VI | 3330 | 25 | 83250 |
| P.G.DIP.IN LAW | 54 | 25 | 1350 |
| P.G.DIP.IN I.P.R. | 71 | 25 | 1775 |
| LL.M. (OLD) | 669 | 25 | 16725 |
| LL.M. SEM.-I | 1014 | 25 | 25350 |
| LL.M. SEM.-II | 280 | 25 | 7000 |
| LL.M. SEM.-III | 2371 | 25 | 59275 |
| LL.M.SEM.-IV | 1429 | 25 | 35725 |
| D.T.P. | 180 | 25 | 4500 |
| D.L.P. | 209 | 25 | 5225 |
| M.L.W. | 266 | 25 | 6650 |
| COMM.ON EXAM FORM SEM-I | 7315 | 25 | 182875 |
| COMM.ON EXAM FORM SEM-II | 8390 | 25 | 209750 |
| D.C.P. | 220 | 25 | 5500 |
| B.LIB | 625 | 25 | 15625 |
| D.C.C.P. | 138 | 25 | 3450 |
| B.M.T.C. | 320 | 25 | 8000 |
| B.P.ED. | 984 | 25 | 24600 |
| M.P.ED.-I | 60 | 25 | 1500 |
| M.P.ED.-II | 110 | 25 | 2750 |
| M.D.C.-I | 429 | 25 | 10725 |
| M.D.C.-II | 410 | 25 | 10250 |
| M.C.A.( SEM.-I TO IV ) | 644 | 25 | 16100 |
| M.C.A.( SEM.-V TO VI ) | 931 | 25 | 23275 |
| F.Y.B.C.A. | 5442 | 25 | 136050 |
| S.Y.B.C.A. | 5490 | 25 | 137250 |
| T.YB.C.A. | 10726 | 25 | 268150 |
| D.C.A. SEM.-I | 283 | 25 | 7075 |
| D.C.A. SEM.-II | 500 | 25 | 12500 |
| P.G.D.N.A SEM.-I | 176 | 0 | 0 |
| P.G.D.N.A SEM.-II | 510 | 0 | 0 |
| M.TECH.(NT/WT) SEM.-I | 445 | 0 | 0 |

| | | | |
|---|---|---|---|
| M.TECH.(NT) SEM.-II | 641 | 0 | 0 |
| M.TECH .(WT)SEM.-II | 1089 | 0 | 0 |
| M.TECH. (NT) SEM.-III | 215 | 0 | 0 |
| M.TECH. (WT) SEM.-III | 383 | 0 | 0 |
| M.TECH. (NT/WT) SEM.-IV | 817 | 0 | 0 |
| P.D.D.C. | 1714 | 0 | 0 |
| M.E. SEM.-I | 997 | 0 | 0 |
| M.E. SEM.-II | 1046 | 0 | 0 |
| M.E. SEM.III & IV | 650 | 0 | 0 |
| P.G.DIP.IN ENVIARNMENT | 45 | 0 | 0 |
| F.Y.B.P.A. | 0 | 0 | 0 |
| S.Y.B.P.A. | 0 | 0 | 0 |
| T.Y.B.P.A. | 0 | 0 | 0 |
| F.Y.B.SC. (FAD) | 373 | 0 | 0 |
| S.Y.B.SC.(FAD) | 353 | 0 | 0 |
| T.Y.B.SC (FAD) | 414 | 0 | 0 |
| B.SC.(FIRE & SAFETY) | 563 | 0 | 0 |
| P.G.D.C.S.A.SEM.-I | 309 | 0 | 0 |
| P.G.D.C.S.A.SEM.-II | 456 | 0 | 0 |
| M.SC. SEM.I (CANCEER BIO.) | 324 | 0 | 0 |
| DIP.IN.YOGA | 174 | 0 | 0 |
| F.Y.DEGREE DRAMA | 260 | 0 | 0 |
| S.Y.DEGREE DRAMA | 296 | 0 | 0 |
| T.Y.DEGREE DRAMA | 59 | 0 | 0 |
| P.G.D.I.F.A. | 314 | 0 | 0 |
| P.G.D.I.F.M.I. | 402 | 0 | 0 |
| B.ED. | 6510 | 0 | 0 |
| BASIC B.ED.(GBTC) | 1335 | 0 | 0 |
| **OTHER TYPE OF FORM** | | | |
| ELIGBILITY FROM | 3206 | 10 | 32060 |
| DEGREE FORM | 0 | 0 | 0 |
| B.COM. ENROLLMENT FORM | 1155 | 25 | 28875 |
| B.A. ENROLLMENT FORM | 8986 | 25 | 224650 |
| B.SC. ENROLLMENT FORM | 164 | 25 | 4100 |
| B.B.A. ENROLLMENT FORM | 933 | 25 | 23325 |
| B.C.A.ENROLLEMTN FORM | 612 | 25 | 15300 |
| LL.B.ENROLLEMTRN FORM | 3363 | 25 | 84075 |
| PG.STUDENT REG. FORM | 13096 | 50 | 654800 |
| B.LIB.ENTRANCE FORM | 16 | 50 | 800 |
| M.LIB.ENTRANCE FORM | 356 | 100 | 35600 |
| FORENSIC ACI. ENTRANCE FORM | 129 | 100 | 12900 |

| | | | |
|---|---|---|---|
| NEW COLLEGE OPEN.FORM | 533 | 1500 | 799500 |
| COLLEGE CONTI.JOIN.FORM | 71 | 1500 | 106500 |
| DIP.IN.YOGA ADMI.FORM | 91 | 25 | 2275 |
| K.S.SCHOOL (MBA,MSC.IT) ENTRANCE FORM | 17657 | 200 | 3531400 |
| K.S.SCHOOL (MBA,MSC.IT) ENTRANCE FORM | 8196 | 100 | 819600 |
| M.D.C. ENTRANCE FORM | 591 | 200 | 118200 |
| P.G.D.N.A./D.C.A. ENTRANCE FORM | 549 | 250 | 137250 |
| M.TECH. ENTRANCE FORM | 754 | 500 | 377000 |
| M.P.E. | 10 | 300 | 3000 |
| P.G.DIP.IN MANGMENT ENTRANCE FORM | 389 | 300 | 116700 |
| NON TEACHING STAFF APPLICATION FORM | 41 | 300 | 12300 |
| TEACHING STAFF APPLICATION FORM | 566 | 500 | 283000 |
| NON TEACHING STAFF APPLICATION FORM | 24103 | 100 | 2410300 |
| M.PHIL ENTRANCE FORM | 11570 | 750 | 8677500 |
| PH.D. ENTRANCE FORM | 780 | 750 | 585000 |
| F.Y.B.COM ENTRANCE FORM | 157909 | 10 | 1579090 |
| F.Y.B.B.A. ENTRANCE FORM | 41264 | 100 | 4126400 |
| F.Y.B.C.A. ENTRANCE FORM | 43931 | 100 | 4393100 |
| P.G.MEDICAL ENTRANCE FORM (M.D./M.S.) | 23209 | 500 | 11604500 |
| P.G.MEDICAL DENTAL ENTRANCE FORM | 605 | 500 | 302500 |
| D.M./M.CH. ENTRANCE FORM | 4715 | 500 | 2357500 |
| P.G.PHYSIOTHERAPY ENTRANCE FORM | 959 | 500 | 479500 |
| P.G. NURSING ENTRANCE FORM | 1872 | 500 | 936000 |
| P.G. OPTOMATRY ENTRANCE FORM | 197 | 500 | 98500 |
| POST BASIC NURSING ENTRANCE FORM | 110 | 500 | 55000 |
| B.ED. ENTRANCE FORM | 7154 | 200 | 1430800 |
| M.J.S. INFO BULITEN | 141 | 20 | 2820 |
| M.M.C.J. & M.HIL ENTRANCE FORM | 791 | 100 | 79100 |
| LIB.SCI. JOURNAL | 70 | 10 | 700 |
| B.P.ED. ENTRANCE FORM | 2122 | 200 | 424400 |
| M.P.ED. M.PHIL ENTRANCE FORM | 429 | 125 | 53625 |
| CERTIFICATE ON BASIC COMPUTER APPLI.FORM | 977 | 50 | 48850 |
| H.K.CENTRE DIP. IN ENTRANCE FORM | 194 | 125 | 24250 |
| G.B.T.C. B.ED. ENTRANCE FORM | 1468 | 200 | 293600 |
| M.COM. INTEGRATED FORM | 197 | 100 | 19700 |
| B.SC.SEM.-I ADMISSION FORM | 1500 | 20 | 30000 |
| P.G. MEDICAL D.M./M.CH. | 2374 | 1000 | 2374000 |
| F.Y.B.A. EXTERNA.(ATKT) UPTO YEAR 2015 | 1111 | 50 | 55550 |
| S.Y.B.A. EXTERNA.(ATKT) UP TP YEAR 2015 | 994 | 50 | 49700 |
| T.Y.B.A. EXTERNAL (ATKT) UP TP 2015 | 3127 | 50 | 156350 |
| M.A. -I (EXTERNAL) | 5496 | 30 | 164880 |

| | | | |
|---|---|---|---|
| M.A. -II (EXTERNAL) | 7741 | 30 | 232230 |
| F.Y.B.COM (EXTERNAL) FORM | 2069 | 50 | 103450 |
| S.Y.B.COM.(EXTERNAL) FORM | 1116 | 50 | 55800 |
| T.Y.B.COM.(EXTERNAL) FORM | 1322 | 50 | 66100 |
| M.COM. SEM.-I (EXTERNAL) FORM | 10839 | 30 | 325170 |
| M.COM. SEM.-II (EXTERNAL) | 11456 | 30 | 343680 |
| M.A. SEM.-I (EXTERNAL) | 6180 | 30 | 185400 |
| M.A. SEM.-I I(EXTERNAL) | 0 | 0 | 0 |
| F.Y.B.A. EXTERNAL SEM.-I | 31853 | 50 | 1592650 |
| F.Y.B.COM. (EXTERNAL SEM.-I) | 5031 | 50 | 251550 |
| M.COM. SEM.-I (EXTERNAL) FORM | 7544 | 30 | 226320 |
| **ELECTION** | | | 0 |
| REGISTERED GRADUATE NOTHANI FORM | 3205 | 5 | 16025 |
| ELECTION NOMINATION FORM | 14538 | 10 | 145380 |
| BOARD FOR STUDENT WELFARTE NOMINATION FORM | 79 | 10 | 790 |
| **VOTERS LIST** | | | 0 |
| U.G. ARTS | 44 | 30 | 1320 |
| U.G. COMMERCE | 84 | 30 | 2520 |
| U.G. SCIENCE | 5 | 10 | 50 |
| P.G. ARTS | 75 | 10 | 750 |
| P.G. COMMERCE | 83 | 10 | 830 |
| P.G. SCIENCE | 9 | 10 | 90 |
| UG + PG LAW | 2 | 10 | 20 |
| UG + PG EDUCATION | 17 | 10 | 170 |
| UG + PG MEDICAL | 32 | 10 | 320 |
| UG + PG DENTAL | 33 | 10 | 330 |
| BOARD OF STUDENT WELFARE | | | 0 |
| | | | **62262095** |

ફકરા ક્રમાંક – ૨૩

અન ઓપરેટીવ ખાતા બંધ નહિ કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેજરબુકની ચકાસણી દરમ્યાન નીચે દર્શાવેલ બેંક ખાતાઓ ઘણા વર્ષોથી અન ઓપરેટીવ હોવાનુ ધ્યાને આવેલ હતુ.

| અ નં. | લેજર કોડ નંબર | બેંકનુ નામ | કઇ તારીખથી ખાતુ અન ઓપરેટીવ છે.? | જમા સિલક રૂ ! |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ૦૧ | ૯૪૦૫૦૦૫ | બેંક ઓફ બરોડા | 01-04-1986 | 483-03 |
| ૦૨ | ૯૪૦૫૦૦૩ | એસ બી.આઇ. | 01-04-2006 | 4699-34 |
| ૦૩ | ૯૪૦૫૦૦૬ | પોસ્ટ ઓફીસ | 01-04-2006 | 4037-96 |
| ૦૪ | ૯૪૦૫૦૧૬ | બેંક ઓફ ઇન્ડિયા | 01-04-2014 | 10000-00 |
| ૦૫ | ૯૪૦૫૦૧૪ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા | 01-04-2005 | 8511235-00 |
| | | | | 8530455-33 |

ઓડીટનોંધ :-

(૦૧) ઉપરોકત વિગતે સંસ્થાએ પોતાના નાણાની લેવદદેવડ માટે વિવિધ બેંકોમાં ખાતા ખોલાવેલ છે.પરંતુ ક્રમ -૧ થી ૫ માં દર્શાવેલ લેજરકોડવાળી બેંકો માં સંસ્થાએ લાંબા સમયથી કોઇપણ પ્રકારના નાણાંકિય વ્યવહારો કરેલ નથી.પરિણામે સદરહુ ખાતાં તેટલા સમયથી અનઓપરેટીવ રહેવા પામેલ છે. સદરહુ ખાતાઓમાં વર્ષ દરમ્યાન મળેલ વ્યાજ અંગેની કોઇ નોંધો પણ થયેલ ન હતી.આમ, સદરહુ પાંચ બેંક ખાતાની કુલ સિલક ઉપર સબંધિત બેંકો દ્વારા પ્રતિવર્ષ કેટલા પ્રમાણમાં વ્યાજ જમા કરાવેલ છે ? તથા સદરહુ બેંકખાતા કેવા કારણોસર અનઓપરેટીવ રહેવા પામેલ છે ? સદરહુ બાબતની છેવટની પરિસ્થિતિના હિસાબમેળ સહિત જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે. વધુમાં,સદરહુ બેંકખાતાઓમાં કોઇ નાણાંકીય વ્યવહારો કરવાની આવશ્યકતા ન જણાતી હોય તો તેવા

બેંકખાતા બંધ કરી તેમાં જમા સિલકોની યોગ્ય વ્યવસ્થા થવી ઘટે. અગાઉના અન્વેષણ અહેવાલોમાં સદરહુ બાબતે અનુરોધ કરવા છતાં યોગ્ય અમલવારી નહીં કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ પ્રકારે Inopretive ખાતા હેઠળ રૂ.૮૫.૩૦ લાખ ની સિલક ચકાસણી સિવાય કે કોઇ નાણાકિય કામગીરી સિવાય બેંક ખાતા ચાલુ રાખેલ છે.જેથી નાણાંકિય વ્યવસ્થાપનની દ્રષ્ટિએ આ પ્રકારના ફંડને સમયાંતરે ચકાસણી કરી ઓપરેટ એકાઉન્ટમાં તબદીલ કરવાની કાર્યવાહી કેમ કરવામાં આવેલ નથી તે સ્પષ્ટ કરવુ રહે.

આ ખાતામાં બેંક એફ.ડી કે સમાંતર દરે વ્યાજ ગુમાવવામાં આવે છે જેથી યુનિવર્સિટીને નાણાંકિય નુકશાન થયેલ છે. જે બદલ જવાબદારી નકકી કરવાની રહે.

સંસ્થાએ પ્રા.વાં.નં.-68 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "ઈનઓપરેટીવ ખાતામાં લેજર કોડની સ્થીતિએ બેલેન્સ જે ટૂંકા ગાળામાં જ સરભર કરેલ હોય વાસ્તવિક બેન્ક સ્થીતિ ઓડીટ અન્વેષણમાં દર્શાવ્યાથી અલગ હતી. આમ છતાં સદર ખાતા અંગે સક્ષમ સત્તામંડળના ઠરાવ મુજબની કાર્યવાહી અત્રે કરવામાં આવશે."

આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી.

ફકરા ક્રમાંક – ૨૪

**એનીમેશન આઇ.ટી.એન્ડ મોબાઇલ આવક/ ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૧૩-૧૪ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબની ચકાસણી કરતાં જણાયેલ છે કે એનીમેશન આઇ.ટી.એન્ડ મોબાઇલ ફી ની આવક રૂપિયા ૧,૯૫,૩૬,૦૦૦/- થયેલી છે.જેની સામે એનીમેશન આઇ.ટી મોબાઇલ સંદર્ભમાં રૂપિયા ૧,૧૦,૬૧,૮૩૨/-નો ખર્ચ ઉધારવામાં આવેલ છે.તો આવક અંગેનું રેકર્ડ તથા ખર્ચ સંદર્ભમાં થયેલી કાર્યવાહી જેવી કે જાહેર ખબરો,કામ માટેના ઇસ્યુ ટેન્ડરો,ભરાઇ આવેલ ટેન્ડરો,તુલનાત્મક પત્રકો,કામના વર્કઓર્ડર ,કામના પ્રોગ્રેસીવ રીપોર્ટ,કામ પૂર્ણતા પ્રમાણપત્રો ,ટેન્ડર ફી રજીસ્ટર,ટેન્ડર ડીપોઝીટ,ચેક રજીસ્ટર,ચેક કાઉન્ટર ફાઇલ,ચલણો સહિત તમામ પ્રકારનુ રેકર્ડ દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરવા પ્રા.વાંધા નં.૬૭ તા.૨૪/૦૭/૧૭ થી જણાવવામાં આવેલ હતુ. સંસ્થા તરફથી ઉકત બાબત માં કોઇ જવાબ કે રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી. સંસ્થા દ્વારા રજુ થયેલ વાઉચર આધારે ચકાસણી કરતાં "એનીમેશન આઇ.ટી.એન્ડ મોબાઇલ" આવક/ ખર્ચમાં નીચે જણાયેલ વિગતે અનિયમિતતા ધ્યાને આવેલ હતી.

ઓડીટ નોંધ :-

(૦૧) આવકના કુલ ૧૧ ચલણોની ચલણ આધારિત ચકાસણી કરતા કુલ રૂ ૧,૯૫,૩૬,૦૦૦ ની આવક થયેલ છે, જે આવક ક્યાં ધોરણસર સ્વીકારવામાં આવેલ છે તેના ધોરણો અંગેનુ રેકર્ડ રજુ ન થતા ખરેખર મળવાપાત્ર આવક જાણી શકાયેલ નથી.

(૦૨) ઉક્ત મૂળ રેકર્ડ રજુ ન થતા આવકના ધોરણો મુજબ જ તમામ મળવાપાત્ર આવક(ફી) મળેલ છે કે કેમ તે અંગેની ચકાસણી થઇ શકેલ નથી.

(૦૩) વિભાગમાં કોર્ષદીઠ અને સેમેસ્ટરદીઠ કેટલા વિધ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો અને વિધ્યાર્થી દીઠ સેમેસ્ટરવાર કેટલી ફી વસુલવાપાત્ર હતી અને કેટલી વસુલ થઇ શકેલ હતી તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(0૪) ખર્ચના કુલ ૬ જુદાજુદા વાઉચરોની વાઉચર આધારીત ચકાસણી કરતા એનીમેશન , આઇ.ટી એન્ડ મોબાઇલ સંદર્ભમાં રૂા ૧,૧૦,૬૧,૮૩૨ નો ખર્ચ ઉધારવામાં આવેલ છે ઉક્ત ખર્ચ ખરેખર થયેલ કરાર મુજબ ચૂકવાયેલ છે કે કેમ? તે અંગેની ચકાસણી મૂળ રેકર્ડ રજુ ન થતા થઇ શકેલ નથી તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(0૫) ઉક્ત ફી ની થયેલ આવક GTU દ્વારા વસુલાયેલ જણાય છે જેમાંથી ગુજ.યુનિ માં કેટલી આવક જમા કરાવવા પાત્ર હતી? અને ખરેખર કેટલી જમા કરાવેલ છે ?તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(0૬) ગુજ યુનિ. ને મળેલ ફી ની આવકમાંથી T Narture Edu Sol ને કેટલી ચુકવવાપાત્ર હતી ? અને ખરેખર કેટલી ચુકવેલ છે ? તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(0૭) ઉક્ત વિભાગમાં ચાલતા જુદાજુદા કોર્ષમાં વિધ્યાર્થીઓની સંખ્યા અને ફી માં વધ-ઘટ જણાય છે જે બાબતે ખરેખર સંખ્યા અને ફી ના ધોરણો અંગે સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૭ નો જવાબમાં સંસ્થાએ 2013-14માં આ કોર્ષની આવક રૂપિયા 1,95,36,000/- થયેલ કોષના યુનિ. સાથે એમ ઓ યુ અંતર્ગત ફીની આવક છ ટકા એટલે કે રૂપિયા 1,10,61,832/- નિભાવ ખર્ચ પેટે સંસ્થા પાસે રહે જ્યારે બાકીના 60% ટકા યુનિ.માં જમાં રાખેલ હતા. સંસ્થાને નિભાવ ખર્ચ પેટે ફીની આવકના 40% ટકા માંથી તમામ ખર્ચ સંસ્થા દ્વારા ભોગવવાનો રહે અને જેમાં દ્વારા તમામ ખર્ચ સંસ્થા દ્વારા ભોગવવાનો રહે અને જેમાં દ્વારા તમામ ખર્ચ કરવાની સ્વયતતા હતી. તે મુજબના એમઓયુ થયેલ" હોવાનું જણાવેલ જે પ્રા.વા.નં.૬૭ નો જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી.સંસ્થાએ પ્રા.વા.નં.૭૫ નો જવાબ કરેલ નથી

વાંધા હેઠળ રૂા ૧,૧૦,૬૧,૮૩૨/-

ફકરા ક્રમાંક - ૨૫

==========================================================================

બેન્ક મેળવણાંમાં જણાયેલ અનિયમિતતા બાબત.

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩/૧૪ ના વર્ષનાં હિસાબોના અન્વેષણ દરમ્યાન બેન્ક મેળવણાઅંગેની ચકાસણી કરતાં જણાયેલ છે કે સંસ્થા દ્વારા બેન્ક મેળવણુ કરવામાં આવે છે. રજુ થયેલ બેન્ક મેળવણા અંગેનુ રેકર્ડ ચકાસતાં નીચે મુજબની વિગતો ઓડિટના ધ્યાને આવેલ છે.

(૦૧) સંસ્થામાં કુલ-૧૧ બેન્કોની વાર્ષિક હિસાબમાંતથા લેજરમાં સિલકો દર્શાવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | બેન્કનુ નામ | કોડ નંબર | તા.૩૧/03/૧૪ ની વાર્ષિક હિસાબ મુજબની સિલક | તા.૩૧/03/૧૪ ની કેશબુક મુજબની સિલક | તા.૩૧/03/૧૪ ની બેંક સ્ટેટમેન્ટ મુજબની સિલક | તફાવત કોલમ નં. (૪-૬) |
|---|---|---|---|---|---|---|
| (૦૧) | (૦૨) | (03) | (૦૪) | (૦૫) | (૦૬) | (૦૭) |
| ૦૧ | જનરલ ફંડ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા જી એફ (ઉધાર) | 9405007 | 113810098.74 | 112358628.74 | 100876286.19 | 12933812.55 |
| ૦૨ | ઇ આર ડી એફ એસ.બી.આઇ (ઉધાર) | 9405012 | 3808731.89 | 3808731.89 | 3808731.89 | 0.00 |
| 03 | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા યુનિ. Bed.Admi (ઉધાર) | 9405014 | 8511235.00 | 8511235.00 | - | 8511235.00 |
| ૦૪ | S.B.I બ્રાન્ચ લાઇબ્રેરી (ઉધાર) | 9405003 | 4699.34 | 4699.34 | - | 4699.34 |
| ૦૫ | ગુજ.યુનિ.સ્પોર્ટસ એકાઉન્ટ (ઉધાર) | 9405016 | 0.00 | 0.00 | - | 0.00 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૦૫ | ગુજ.યુનિ.સ્પોર્ટસ એકાઉન્ટ (ઉધાર) | 9405016 | 0.00 | 0.00 | - | 0.00 |
| ૦૬ | બેંક ઓફ ઇન્ડિયા જી એફ(ઉધાર) | 9405005 | 10000.00 | 10000.00 | - | 10000.00 |
| ૦૭ | બેંક ઓફ બરોડા જી એફ (ઉધાર) | 9405009 | 483.03 | 483.03 | - | 483.03 |
| ૦૮ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ગ્રાન્ટ એકા (જમા) | - | 18294280.09 | 18294280.09 | - | 18294280.09 |
| ૦૯ | પી.જી.ફી.બી.જે.મેડીકલ (ઉધાર) | - | 0.00 | 0.00 | - | 0.00 |
| ૧૦ | પી.જી.ફી.વી.એસ.હોસ્પિટલ (ઉધાર) | - | 0.00 | 0.00 | - | 0.00 |
| ૧૧ | B.O.I રજીસ્ટ્રાર ગુજ.યુનિ.એકા. (ઉધાર) | - | 0.00 | 0.00 | - | 0.00 |

(૦૨) વા.નં.૧૦૫૬૧ તા.૩૧/૦૩/૧૪ માં જણાયેલ વિગતે કેશબુક બેલેન્સ કલોઝ કર્યુ તેની વિગત.

| અ.નં. | વિગત | રકમ |
|---|---|---|
| (૦૧) | (૦૨) | (૦૩) |
| 01 | CREDIT AMOUNT UNMATCH IN CHEQUE FILE | 294552946.71 |
| 02 | DEBIT AMOUNT UNMATCH IN CHEQUE FILE | 1861801291.09 |
| 03 | BALANCE AMOUNT IN CHEQUE FILE | 1567248344.38 |
| 04 | CREDIT AMOUNT UNMATCH IN BANK FILE | 1965670661.93 |

| | | |
|---|---|---|
| 05 | DEBIT AMOUNT UNMATCH IN BANK FILE | 40[illegible]904660.30 |
| 06 | BALANCE AMOUNT IN BANK FILE | 1555766001.63 DB |
| 07 | TOTAL DIFFERENCE | 11482342.75 |
| 08 | CASH BOOK CLOSING BALANCE IS | 112358628.74 CR |
| 09 | BANK BOOK CLOSING BALANCE IS | 10087[illegible]286.19 CR |

<u>ઓડીટનોંધ :-</u>

ગુજરાત નાણાંકિય નિયમોના નિયમ-30 મુજબ દરમાસે બેંક પાસેથી સ્ટેટમેન્ટ મેળવી/પાસબુક ભરાવી મેળવણુ કરવાનુ રહે છે અને જો કોઇ તફાવત/ભુલ હોય તો સત્વરે બેંકને જાણ કરવાની રહે છે જેથી બેંક દ્વારા સુધારણા નોંધ થઇ શકે અને જો કચેરી ખાતે કોઇ ભુલ થયેલ હોય તો ભુલની સુધારણા થઇ શકે.

(0૧) અન્ય બેંક મુજબની સિલકોની માહિતી રજુ ન થતાં તેમાં જણાયેલ સિલકમાં તફાવત અંગેની વિગતો જાણી શકાયેલ નથી. જે વિગતો ઓડીટે રજુ થવી ઘટે.સદને આવેલ તફાવત બાબતે બેંક સાથે તફાવત દુર કરી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(0૨) જનરલ ફંડ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા જી.એફ. ખાતાં તા.૩૧/03/૧૪ ના રોજની વાર્ષિક હિસાબ મુજબની સિલક રૂપિયા ૧૧૩૮૧૦૦૯૮.૭૪ પૈસા જણાયેલ છે. જયારે સંસ્થાની કેશબુક મુજબની સિલક રૂપિયા ૧૧૨૩૫૮૬૨૮.૭૪ પૈસા જણાયેલ છે. જે બે પૈકી તફાવત રૂપિયા ૧૪૫૧૪૭૦.00 પૈસા જણાયેલ છે.આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે. વધુમાં આ બાબતમાં અન્ય બેંકો બેંક ખાતામાં શુ પરિસ્થિત હતી તેની વિગતો રેકર્ડના અભાવે ઓડિટે જાણી શકાયુ નથી.જે વિગતો રજુ થવી ઘટે.

(03) વા.નં.૧૦૫૬૧ તા.૩૧/03/૧૪ માં જણાયેલ વિગતે મેચ રજીસ્ટરની તથા અનમેચ રજીસ્ટરની વિગતો તથા કેશબુક મુજબની વિગત અને બેંક મુજબની વિગત ધ્યાને લેતાં

કેશબુક માં રૂપિયા ૧૧૪૮૨૩૪૨.૭૫ પૈસાનો તફાવત જણાયેલ છે. જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) વાર્ષિક હિસાબ મુજબની બેન્ક સિલક તથા કેશબુક મુજબની બેન્ક સિલકમાં તફાવત જણાયેલ છે તો ઉકત બાબતે કારણોસહ ની સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.-78 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે – "યુનિવર્સિટીના એસબીઆઈ ના જનરલ ફંડના એકાઉન્ટમાં તા.31/03/14ના રોજના વાર્ષિક હિસાબ મુજબ સિલક રૂપિયા 113810098-74 જે યુનિવર્સિટીના કાચાસરવૈયા સાથે મેચ થતી હોય વાર્ષિક હિસાબમાં યુનિવર્સિટીની બેન્ક સિલક વાસ્તવિક સ્થિતિ દર્શાવેલ તેમ કહી શકાય જ્યારે કેશબુક મુજબ સિલક રૂપિયા 112356629/- જે બેન્ક રીકન્સિલેશનના આધારે લેવામાં આવી છે. તેમાં DOS બેઝ પ્રોગ્રામ હોય અનમેચ કવેરી અંતર્ગત તફાવતની રકમ જમા તથા ઉધાર તેમ બન્ને બાજુ હોય ખરેખર તફાવતના ચિતારની મુશ્કેલી વર્ષ 2017-18 થી દ્વિનોંધી નામાપધ્ધતિ સ્વિકૃત હિસાબી ચોકસાઈ તથા માનવિય ભુલોની ઓછી શક્યતા જોવા મળશે.

-ઉપરોક્ત જવાબ વંચાણ લેતા જવાબ અંગે વર્ષ 2017-18 થી કોઈ આનુસંગિક વાંધા પ્ર વૃતિ કરવાની રહેતી નથી. આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વાં. સાથે સુસંગત નથી.

ફકરા ક્રમાંક – ૨૬

## હિસાબોની નિભાવણી તથા મેળવણામાં જણાઇ આવેલ અનિયમિતતાઓ બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વર્ષ ૨૦૧૩/૧૪ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો,લેજરબુકો,વાઉચરો તથા અન્ય આનુસાંગીક દસ્તાવેજોની તુલનાત્મક દ્રષ્ટિએ ચકાસણી કરેલ હતી.સદરહુ દસ્તાવેજોના હિસાબોનું મેળવણું કરવા સંદર્ભમાં અન્વેષણ સમક્ષ રજુ થયેલ અને રજુ નહીં થયેલ દસ્તાવેજો બાબતે અન્વષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર રાજય સરકારના નિયંત્રણ હેઠળની મહત્તમ કચેરીઓ/વિભાગોમાં કે જયાં નાણાંકીય લેવડદેવડના વ્યવહારો બહોળા પ્રમાણમાં થતા હોય અને તેના દૈનિક/માસિક/વાર્ષિક હિસાબો નિભાવાતા હોય ત્યાં નિયમોર્થ/ નિર્ધારિત થયેલ નમૂનાઓમાં કેશબુકની નિભાવણી અચૂક થતી હોય છે.અને આવી કેશબુકોમાં દૈનિક/માસિક અને વાર્ષિક ધોરણે થયેલ આવક/ખર્ચની ધોરણસરની નોંધો સક્ષમ અધિકારીશ્રીથી પ્રમાણિત થતી હોય છે.અન્વેષણ વર્તુળ સમક્ષ રજુ થયેલ છેલ્લા ત્રણ વર્ષના હિસાબો, ૨૦૧૩/૧૪ ના વર્ષની લેજરબુકો, ૨૦૧૩/૧૪ ના વર્ષની કેશબુક સંસ્થાના સક્ષમ અધિકારીશ્રીથી અધિકૃત થયેલ નથી,પરિણામે,સદરહુ દસ્તાવેજોમાં દર્શાવેલ હિસાબોના ખરાપણાની ચકાસણી અન્વેષણથી થઇ શકેલ નથી.

(૦૨) સંસ્થાના ૨૦૧૩/૧૪ ના વર્ષ દરમ્યાન કુલ ૧૦૬૬૮ વાઉચરો થકી માતબર પ્રમાણમાં ખર્ચ થવા પામેલ છે ખર્ચના નિયમોનુસાર ખર્ચની મંજુરી માટેના નિયત ફોર્મમાં વાઉચર /બિલ બનાવનારથી લઇ અંતિમ મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની સહી અચુક લેવાની રહે છે. સંસ્થા દ્વારા ખર્ચના મુસદ્દા નોંધમાં સહી થાય છે પરંતુ નિયત થયેલ વાઉચર/બિલોમાં સહીઓ લેવાતી નથી જે નિયમો સાથે સુસંગત નથી. સક્ષમ કર્મચારી/અધિકારીશ્રીની મંજુરી વિના થયેલ ખર્ચ નિયમોચિત ગણાય નહિ.

(૦૩) સંસ્થા દ્વારા વિવિધ શાખાઓ થકી ચેક લખી ચુકવણુ કરવાની પ્રથા અમલમાં છે એક કરતાં વધુ શાખાઓ દ્વારા ચેક લખવાની પધ્ધતિથી નાણાંકિય હિસાબો નિભાવવા /મેળવણા જેવી કામગીરી ખુબ જ જટિલ બને તે સ્વાભાવિક છે.તેથી માત્ર હિસાબી શાખા દ્વારા જ ચુકવણુ કરવાની પ્રથા અમલી બનાવવા ઓડીટ અનુરોધ છે.

(૦૪) સંસ્થાએ લખેલ ચેકની મુદત પૂર્ણ યતાં તેના બદલે નવીન ચેક લખેલ હતા,જેના નમૂનારૂપ કિસ્સા નીચે મુજબ છે.

| મૂળ ચેક નંબર | તારીખ | રકમ | નવીન ચેક નંબર | તારીખ | રકમ | ખર્ચની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ |
| ૭૦૮૭૩૩ | ૧૧/૦૬/૧૩ | ૪૧૭૦- | ૪૫૪૯૮૦ | ૦૭/૧૦/૧૩ | ૪૧૭૦- | ટાઇમ બાર ખર્ચ |
| ૮૩૫૯૧૪ | ૧૦/૦૫/૧૦ | ૪૪૦- | ૪૫૪૮૪૫ | ૦૮/૧૦/૧૩ | ૪૪૦- | ટાઇમ બાર ખર્ચ |
| ૭૫૬૧૪૨ | ૨૮/૧૦/૧૩ | ૨૮૭૫૦- | ૧૩૮૬૮૦ | ૦૫/૦૩/૧૪ | ૨૮૭૫૦- | ટાઇમ બાર ખર્ચ |
| ૭૧૨૫૪૧ | ૨૦/૦૯/૧૩ | ૬૦૪૭- | ૧૩૮૭૦૦ | ૧૧/૦૩/૧૪ | ૬૦૪૭- | ટાઇમ બાર ખર્ચ |
| ૪૫૫૧૪૧ | ૨૫/૧૦/૧૩ | ૧૧૪૮૬- | ૧૦૪૩૪૯ | ૧૨/૦૩/૧૪ | ૧૧૪૮૬- | ટાઇમ બાર ખર્ચ |
| ૭૧૦૦૨૬ | ૨૨/૦૯/૧૩ | ૩૩૩૦- | ૧૦૫૨૮૫ | ૧૨/૦૩/૧૪ | ૩૩૩૦- | ટાઇમ બાર ખર્ચ |
| ૪૫૬૩૬૦ | ૧૫/૧૧/૧૩ | ૨૫૨૮- | ૧૩૮૮૫૯ | ૧૪/૦૩/૧૪ | ૨૫૨૮- | ટાઇમ બાર ખર્ચ |
| ૮૩૩૧૦૮ | ૩૦/૦૩/૧૩ | ૫૨૬૨- | ૧૩.૮૬૪ | ૧૪/૦૩/૧૪ | ૫૨૬૨- | ટાઇમ બાર ખર્ચ |
| ૭૨૦૫૦૧ | ૨૧/૧૧/૧૩ | ૨૯૦૦૦- | ૧૩૯૫૬૩ | ૨૭/૦૩/૧૪ | ૨૯૦૦૦- | ટાઇમ બાર ખર્ચ |
| | | | | કુલ રૂ ! | ૯૧૦૧૩/- | |

જે તારીખે ચેક લખવામાં /ઇસ્યુ કરવામા આવેલ હોય તે તારીખ થી ત્રણ માસ સુધી તે ચેક ચુકવણા પાત્ર રહે છે તે પછી તે ચેક ટાઇમ બાર ગણાતો હોઇ તેવા ચેકની રકમ કેશ બુકે જમા લેવાની રહે છે, અને તે વિગતો ધ્યાને લઇ આવક / ખર્ચના હિસાબોનુ માસિક મેળવણું કરવાનું રહે

છે. ઉક્ત ચેકની વિગતો કેશબુક સાથે ચકાસતાં ઉક્ત નિયમ મુજબ કાર્યવાહી નહી થયાનું સ્પષ્ટ થયેલ છે, તેથી નવીન ચેક ઇસ્યુ કરવા થકી થયેલ ખર્ચ ના હિસાબો ના ખરાપણાની ખરાઇ થઇ શકતી નથી .

ઉપરોક્ત દર્શાવેલ કિસ્સા માત્ર નમુના રૂપ કિસ્સાઓ તરીકે લીધેલ છે અગાઉ તેમજ તપાસણી વર્ષના આવા ચેકની યોગ્ય અસર આપી યોગ્ય હિસાબો નિભાવી ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.-77 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે – યુનિવર્સિટીની કેશબુક દૈનિક ધોરણ ઓડીટ કરી વર્ષ પુરૂ થયે મુખ્ય હિસાબી અધિકારી દ્વારા મેળવણું કરી પ્રમાણિત કરવામાં આવતી હોય માસિક ધોરણ સક્ષમ સત્તાધિકારી દ્વારા પ્રામણિત કરવાની પ્રથા અત્રે સ્વિકૃત થયેલી નથી.

-આખરના હિસાબોના મેળવણા બાદ તા.31-માર્ચના હિસાબ બંધ થયા બાદ આગામી વર્ષની ઉઘડતી સિલક ચોપડે દર્શાવતી હોય હિસાબોના ખરાપણાની ખાતરી આપોઆપ થાય છે. આગામી વર્ષ 2015-16 થી Tally પ્રોગ્રામ પર કામગીરી શ્રુથ ધરેલી હોય આ પ્રકારનો વાંધો આવશે નહી. છેલ્લા ઘણા- વર્ષોથી એકાઉન્ટન્ટ ઓફિસરની જગ્યા ભરાયેલ ન હોવાથી અધિકારીશ્રીની સહી થયેલ નથી. પરંતુ હાલમાં આ જગ્યા ભરેલ છે. જેથી આગામી સમયમાં રેકર્ડની ચકાસણી શક્ય બનશે.

-ઉપર જણાવ્યા મુજબ સ્ટાફ રીટાયર્ડ થતો જાય છે. જેથી વર્કલોડ વધતો જતો હોય આ પ્રકારની કામગીરી શક્ય બની શકે તેમ નથી. પરંતુ વર્ષાન્તે હિસાબ મેળવીને ક્લોઝ કરવામાં આવે છે. સંસ્થામાં વર્ષ 2016-17 થી RTGS અમલિ બનેલ જેથી જુદી જુદી જગ્યાએથી ચેક લખવાનો પ્રશ્ન હવે થશે નહી. અને બેન્ક મેળવણું સરળ બનશે.

- ચેક ફરી ઈસ્યુ કરવાના કિસ્સામાં અગાઉનો ચેક સ્ટોપ પેમેન્ટ કરી નવા ચેક લખવામાં આવે છે. અને નાણાંકીય વર્ષ બદલાય તેવા કિસ્સામાં જુનો ચેક રદ્દ કરી નવા વર્ષ ઉધારવામાં આવે છે. વાર્ષિક હિસાબમાં જણાવેલ હિસાબમાં મોટાભાગની રકમ પરીક્ષા ખર્ચ માટે કોલેજોને એડવાન્સ આપેલ છે. પરીક્ષાઓ માર્ચથી શરૂ થતી હોય ત્યારે આ એડવાન્સ લગભગ જાન્યુઆરી ફેબ્રુઆરી માસમાં આપવામાં આવે છે. પરીક્ષા મે, જુનમાં પૂર્ણ થાય છે. ત્યારબાદ હિસાબની રકમ સરભર

કરવામાં આવે છે. નાણાંકીય વર્ષ 1-એપ્રિલથી શરૂ થતુ હોવાથી આ રકમ જ્યારે સરભ થાય છે ત્યારે વર્ષ બદલાઈ ગયુ હોય છે. આ અગાઉના વર્ષમાં આપેલ એડવાન્સ હિસાબો ચાલુ વર્ષે એડજસ્ટ થાય છે. જેથી ખર્ચની રકમ હાલના સમયે અનપેઈડ ખાતે ઉધરાવામાં આવે છે.

-અનપેઈડ ખાતે ઉધાર જમા કરવાનો મુખ્ય હેતુ બજેટ તથા વાર્ષિક હિસાબ સાતત્ય જળવાઈ રહે તે હેતુથી ખરેખર થયેલ ખર્ચના બીલ આવેલ ન હોય પરંતુ કામ થયેલ હોય અથવા એડવાન્સ આપેલ હોય તે સંજોગોમાં અનપેઈડ બીલ ખાતે ખર્ચ અથવા આવક જમા ઉધાર નોંધવામાં આવે છે. અને રજુ કરેલ ન હતું.

આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વાં. સાથે સુસંગત નથી.

ફકરા ક્રમાંક -૨૭

===

**બિન-શૈક્ષણિક કર્મચારીઓની મહેકમ અંગેની માહિતી/રેકર્ડ રજુ ન કરવા બાબતેની અનિયમિતતા બાબત.**

===

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩-૧૪ ના ઓડીટ હાથ ધરવામાં આવેલ છે.ઓડીટ સંદર્ભમાં બિન-શૈક્ષણિક કર્મચારીઓની મહેકમ અંગેની માહિતી નીચે જણાવેલ વિગતે સત્વરે ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.જે અત્રેના પ્રા.વા.નં.૨૩ નો ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં જવાબ કરવામાં આવેલ નથી.

(૧) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ અગાઉ મંજુર જગ્યાઓ જે તે સંવર્ગોની જે તે સંવર્ગો વાઇઝ પગાર ધોરણની પુરી વિગતો સાથેની માહિતી.

(૨) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણો મંજુર કરવા થયેલી કાર્યવાહીનુ તમામ રેકર્ડ.

(૩) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચના અમલ બાદ પગાર ધોરણોમાં ઉચ્ચતર પગાર ધોરણ યોજના મંજુર કરવા થયેલી કાર્યવાહીનું તમામ રેકર્ડ.

(૦૪) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણો મંજુર કરવા સરકારશ્રીમાં કરેલ જે તે સંવર્ગોની જે તે સંવર્ગો વાઇઝ પગાર ધોરણની પુરી વિગતો સાથેની દરખાસ્તની માહિતી.

(૦૫) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણો સરકારશ્રી દ્વારા મંજુર થયેલ જે તે સંવર્ગોની જે તે સંવર્ગો વાઇઝ પગાર ધોરણની પુરી વિગતો સાથેની માહિતી.

ઉકત માહિતી સંસ્થા દ્વારા માહિતી પૂરી ન પાડતાં નીચેની વિગતે ઓડિટનોંધ આપવામાં આવે છે.

(૧) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ અગાઉ મંજુર જગ્યાઓ,જે તે સંવર્ગવાઇઝ પગાર ધોરણની માહિતી તેમજ છઠ્ઠા પગાર પંચ મુજબ મજુર થયેલ પગારધોરણની ચકાસણી થઇ શકેલ નથી.

(૨) બિન-શૈક્ષણિક કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચ બાદ ઉચ્ચતર પગાર ધોરણોમંજુર કરાયેલ છે કે કેમ ? તેમજ સરકારશ્રી દ્વારા છઠ્ઠા પગાર ધોરણના સંવર્ગ વાઇઝ મંજુર કરાયેલ પગારધોરણો તેમજ ઉચ્ચતર પગાર ધોરણોની વિગતે ચકાસણી અન્વેષણથી શકય બનેલ નહોતી.

સંસ્થાએ પ્રા.વા.નં.૨૩ નો જવાબ કરેલ નથી.

ફકરા ક્રમાંક – ૨૮

## જુદા જુદા વાઉચરોથી ભુલ સુધારણાના હવાલાની અસરો આપવા બાબતની અનિયમિતતાઓ.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩-૧૪ ના અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતાં આવક તથા ખર્ચ બાબતમાં પાછળથી જુદા જુદા હવાલાથી ભુલ સુધારણા કરવામાં આવેલ છે. હવાલાના કારણે જે તે સમયની આવક ખર્ચની સ્પષ્ટ માહિતી મળી શકે નહીં તે સ્વભાવિક છે.તો આવી બાબતો ન બને તે બાબતે તકેદારી રાખવા ઓડીટ અનુરોધ છે.

વધુમાં વાઉચર ફાઇલમાં રાખેલ છાપેલ વાઉચરોમાં બનાવનાર ચેક કરનાર અને હિસાબી અધિકારીશ્રીએ સહી કરવાની વિગત દર્શાવેલ છે પરંતુ બનાવનાર સિવાય કોઇની પણ સહી નથી અને તેથી અન્ય કોઇ કક્ષાએ ચકાસણી થયેલ ન હોવાથી આવી ક્ષતિઓ રહેવા પામેલ છે.તેવુ ઓડીટનું માનવું છે.આ ઉપરાંત ૨૦૧૩-૧૪ માં ઘણાં બધા વાઉચરોથી કોડ લખવાની ભુલ,રકમ લખવાની ભુલ,સદરની ભુલને કારણે થયેલ ક્ષતિઓના સુધારા વાઉચર દ્વારા એન્ટ્રીઓ કરવામાં આવે છે તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે વાઉચરો સમયે યોગ્ય ચકાસણી થતી નથી અને વાઉચરના આધારે કેશબુક,લેઝર અને વાર્ષિક હિસાબ બનતા હોવાથી તેમાં પણ ક્ષતિઓ રહે છે.પરિણામ સ્વરૂપે લાંબા ગાળા સુધી બેન્ક મેળવણાંમાં પણ આ બાબત ખેચાય છે,જેના કારણે અન મેચ રકમોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.વાર્ષિક હિસાબ પણ ક્ષતિ યુકત રહે તેવી શકયતાઓ રહે છે.તેથી તમામ વાઉચરો સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત કરવા ઓડીટ અનુરોધ છે. સામેલ પરિશિષ્ટ-૦૬ માં દર્શાવેલ જુદા જુદા વાઉચરોથી ભુલ સુધારણાના હવાલાની અસરો આપવા બાબતની અનિયમિતતા બને તે બાબતે તકેદારી રાખવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાને પ્રા.વા.નં.-74 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "સને 2013-14 ના વર્ષમાં એકાઉન્ટન્ટ ઓફિસરશ્રીની નિમણુંક કરવામાં આવેલ ન હતી જેથી કામના ભારણના કારણે છાપેલા વાઉચર ચેક કરવામાં કે સહી કરવામા આવેલ ન હતી પરંતુ હાલ એકાઉન્ટન્ટ તથા એકાઉન્ટન્ટ ઓફિસરશ્રીના ચાર્જ આપવામાં આવેલ હોય આ પ્રકારની ક્ષતિ દુર થયેલ છે. અને વાઉચર એકાઉન્ટન્ટ તથા એકાઉન્ટન્ટ ઓફિસર કક્ષાએ ચકાસણી કરાવી સહી કરી એન્ટ્રી કરવા આપવામાં આવે છે. જેથી ભૂલ થવાની સંભાવના ઘટી છે."

આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વાં. સાથે સુસંગત નથી.

## પરિશિષ્ટ-૦૬

## જુદા જુદા વાઉચરોથી ભુલ સુધારણાના હવાલાની અસરો આપવા બાબતની અનિયમિતતા અંગેની વિગતો.

| સાચી વિગત | | | | | ખોટી વિગત | | | | વિનોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ ન | વા.નં. | તારીખ | રકમ | કોડ નં. | વા.નં. | તારીખ | રકમ | કોડ નં. | વિગત |
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ | ૦૮ | ૦૯ | ૧૦ |
| ૦૧ | ૫૨૭૭ | ૨૫/૧૦/૧૩ | ૪૧૬૨૨૩૬ | ૯૩૩૧૨૦૩ | ૧૦૨૫૮ | ૩૧/૦૩/૧૪ | ૪૧૬૨૨૩૬ | ૩૫૨૫૦૦૦ | રીવર્સ એન્ટ્રી |
| ૦૨ | ૫૬૮૫ | ૩૧/૦૩/૧૪ | ૨૧૨૫૦૦૦ ૦ | ૯૪૦૬૦૧૦ | ૪૨૮૭ | ૧૨/૯/૧૩ | ૨૧૨૫૦૦ | ૯૪૦૬૦૧૦ | ખોટી રકમ લખતાં |
| ૦૩ | ૫૭૨૨ | ૩૧/૦૩/૧૪ | ૭૮૬૫૧૦૧ | ૯૩૩૧૨૦૩ | ૧૪૯૩ | ૨૯/૭/૧૩ | ૭૮૬૫૧૦૧ | ૩૫૧૭૦૦૦ | રીવર્સ એન્ટ્રી |
| ૦૪ | ૫૭૨૩ | ૩૧/૦૩/૧૪ | ૧૫૫૦૦૦૦ | ૦૭૦૧૦૦૪ | ૩૨૯૯ | ૩૧/૦૩/૧૪ | ૧૫૫૦૦૦૦ | ૦૪૭૧૦૦૪ | રીવર્સ એન્ટ્રી |
| ૦૫ | ૫૭૨૫ | ૩૧/૦૩/૧૪ | ૫૩૮૬૨૯૯ | ૯૩૩૧૨૦૩ | ૧૦૧૮૪ | ૩૧/૦૩/૧૪ | ૫૩૮૬૨૯૯ | ૩૫૧૭૦૦૦ | રીવર્સ એન્ટ્રી |
| ૦૬ | ૫૭૨૯ | ૩૧/૦૩/૧૪ | ૬૦૨૮૭૮૭ | ૯૩૩૧૨૦૩ | - | ૩૧/૦૩/૧૪ | ૬૦૨૮૭૮૭ | ૩૫૧૫૦૦૦ | રીવર્સ એન્ટ્રી |
| ૦૭ | ૫૭૩૨ | ૩૧/૦૩/૧૪ | ૭૫૬૦૦૦૦ | ૦૪૦૨૧૧૩ | ૪૬૭૬ | ૩૦/૦૯/૧૩ | ૭૫૬૦૦૦૦ | ૯૪૦૨૦૦૨ | ખોટી રકમ લખતાં |
| ૦૮ | ૫૭૩૩ | ૩૧/૦૩/૧૪ | ૬૦૨૮૭૮૭ | ૯૩૩૧૨૦૩ | ૧૩૪૮ | ૩૧/૦૩/૧૪ | ૬૦૨૮૭૮૭ | ૯૩૩૧૨૦૩ | રીવર્સ એન્ટ્રી |

ફકરા ક્માંક - ૨૯

---

**ખર્ચના વાઉચરો કે વિગત વગર રકમ ખર્ચ ખાતે ઉધારી અનપેઇડ બિલ સદરે જમા કરાવવા બાબત**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ ના હિસાબોની તપાસણી દરમ્યાન વાઉચર તથા લેજરકોડ રજિસ્ટરોની ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૦૭ માં દર્શાવ્યા મુજબના વાઉચરોથી કુલ રૂા ૨,૯૫,૮૯,૦૬૧/-જેટલી રકમ સબંધિત ખર્ચના સદરે ઉધારી અનપેઇડ બિલ તરીકે જમા લેવામાં આવી હોવાનું અન્વેષણના ધ્યાને આવેલ છે.સદરહું ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) જયારે કોઇપણ પ્રકારના બિલ રજુ થયેલ હોય,ખર્ચની ચોકકસ વિગતો ઉપલબ્ધ હોય અને બિલો ચુકવણી અર્થે કચેરીમાં રજુ થયેલ હોય પરંતુ કોઇ કારણોસર તેનું ચુકવણું વર્ષના અંત સુધીમાં ના થઇ શકેલ હોય તેવા સંજોગોમાં આવા બિલોની રકમ સબંધિત ખર્ચ ખાતે ઉધારી અન પેઇડ બિલ તરીકે જમા કરવાની નોંધ પ્રવર્તમાન નામા પધ્ધતિ મુજબ થાય છે.

યુનિવર્સિટી દ્વારા કોઇપણ બિલો,વિગતો કે ચોકકસ રકમ વિના ઉચ્ચક રીતે સબંધિત ખર્ચ ખાતે રકમ ઉધારી અનપેઇડ બિલો ખાતે જમા કરાવવામાં આવેલ છે.આ પધ્ધતિથી આપેલ નોંધ કયા નિયમો કે આધારોથી આપવામાં આવી છે ? આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) ઉપર દર્શાવ્યા મુજબ ખર્ચ ખાતે રકમો ઉધારવાથી યુનિવર્સિટીનો ખર્ચ તેટલા પ્રમાણમાં વધુ આવે અને આવક કરતાં ખર્ચનો વધારો/ઘટાડો કરવામાં તફાવત આવે અને તેથી આવક/ખર્ચની સાચી પધ્ધતિ જાણી શંકાય નહીં.તો આ રીતે હવાલા દ્વારા ખર્ચ ઉધારી અનપેઇડ બિલો ખાતે જમા કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે,સ્પષ્ટતા થતાં સુધી યુનિવર્સિટીની આવક તથા ખર્ચની સાચી પરિસ્થિતિનો સ્પષ્ટ આંક પ્રમાણિત કરી શકાય નહિં.

(03) સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વાઉચરોમાં વાઉચર બનાવનાર,વાઉચર મંજૂર કરનાર/ચેક કરનાર સક્ષમ સુપરવાઇઝર તથા હિસાબી અધિકારીશ્રીની સહીઓ થવા પામેલ નથી.વળી,સદરહુ પધ્ધતિથી ખર્ચ પાડવા/હવાલો આપવા નિયમોચિત મંજુરી મેળવવામાં આવેલ હોય તેવી મંજુરીના ઠરાવો/આદેશો ઉપલબ્ધ કરાવી પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચના વ્યાજબીપણાની ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત વાંધાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા વ ખાતરી કરાવતાં સુધી કરેલ ખર્ચ રૂા ૨,૯૫,૮૯,૦૬૧/-આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાને પ્રા.વા.નં.-73 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "અનપેઈડ ખાતે ઉધાર જમા કરવાનો મુખ્ય હેતું બજેટ તથા વાર્ષિક હિસાબ સાતત્ય જળવાઈ રહે તે હેતુંથી ખરેખર ખર્ચના બીલ આવેલ ન હોય પરંતુ કામ થયેલ હોય અથવા એડવાન્સ આપેલ હોય તે સંજોગોમાં અનપેઈડ બીલ ખાતે ખર્ચ અથવા આવક જમા ઉધાર નોંધવામાં આવે છે. અને પછીના વર્ષે જ્યારે બીલ ચૂકવણું કરવામાં આવે ત્યારે અનપેઈડ ખાતે રીવર્સ અસર આપી જે તે લેજર એકા. ખાતે ટ્રાન્સફર કરતી અસર આપાતામાં આવે છે. આમ કરવાનો મુખ્ય હેતુ વર્ષ દરમ્યાન ખરેખર ખર્ચ થયેલ પરંતુ કોઈ કારણસર હિસાબ સરભર કરવાનાં બાકી રહેલ હોય આમ કરવામાં આવે છે. જેનો પછીના વર્ષે જ્યારે બીલ ચુકવણું કરવામાં આવે ત્યારે અનપેઈડ ખાતે રીવર્સ અસર આપી જે તે લેજર એકા. ખાતે ટ્રાન્સફર કરતી અસર આપવામાં આવે છે. આમ કરવાનો મુખ્ય હેતુ વર્ષ દરમ્યાન ખરેખર ખર્ચ થયેલ પરંતુ કોઈ કારણસર હિસાબ સરભર કરવાનાં બાકી રહેલ હોય આમ કરવામાં આવે છે.જેનો ઈરાદો ખર્ચમાં વધારો કે આવક ઓછી દર્શાવવાનો હોતો નથી. જે જવાબ આવા કારણોસર પ્રા.વાં. સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રૂા ૨,૯૫,૮૯,૦૬૧/-

ખર્ચના વાઉચરો વિના સબંધિત ખર્ચના સદરે રકમો ઉધારી અનપેઇડ બિલ સદરે જમા કર્યાની વિગત દર્શાવતુ પરિશિષ્ટ-૦૭

| અ નં | વા.નં. | તારીખ | ઉધાર ખર્ચનુ સદર | કોડ નંબર | રકમ | અનપેઇડ બિલની રકમ | અનપેઇડ કોડ નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૭ | ૦૮ |
| ૦૧ | ૩૩૧૪ | ૩૧/૦૭/૧૩ | ઇન્કમ ટેક્ષ | ૪૫૦૪૦૦૦ | ૧,૧૭,૮૫૧- | ૨,૯૫,૮૯,૮૬૧- | ૯૩૩૧૨૦૩ |
| ૦૨ | ૫૨૭૭ | ૨૫/૧૦/૧૩ | પરીક્ષા ડમી નંબર | ૩૫૨૫૦૦૦ | ૪૧,૬૨,૨૩૬- | - | ૯૩૩૧૨૦૩ |
| ૦૩ | ૫૭૨૨ | ૩૧/૧૦/૧૩ | પરીક્ષા ઉત્તરવહી બુક | ૩૫૧૭૦૦૦ | ૭૮,૬૫,૧૦૧- | - | ૯૩૩૧૨૦૩ |
| ૦૪ | ૫૭૨૫ | ૩૧/૧૦/૧૩ | પરીક્ષા ઉત્તરવહી બુક | ૩૫૧૭૦૦૦ | ૫૩,૮૬,૨૯૯- | - | ૯૩૩૧૨૦૩ |
| ૦૫ | ૫૭૨૯ | ૩૧/૧૦/૧૩ | પ્રિન્ટીંગ ઓફ કોટેશન પેપર | ૩૫૧૫૦૦૦ | ૬૦,૨૮,૭૮૭- | - | ૯૩૩૧૨૦૩ |
| ૦૬ | ૫૭૩૩ | ૩૧/૧૦/૧૩ | પ્રિન્ટીંગ ઓફ કોટેશન પેપર | ૩૫૧૫૦૦૦ | ૬૦,૨૮,૭૮૭- | - | ૯૩૩૧૨૦૩ |
| | | | કુલ | | ૨,૯૫,૮૯,૦૬૧- | ૨,૯૫,૮૯,૦૬૧- | |

ફકરા ક્માંક -૩૦

==========================================================

**એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ કામો તથા તે અંગેના ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો** અન્વેષણમાં રજુ ન કરવા બાબતેની અનિયમિતતા બાબત.

==========================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ના હિસાબોની તપાસણી દરમ્યાન વાઉચર તથા લેજરકોડ રજિસ્ટરોની ચકાસણી કરતાં વિવિધ વિકાસ તથા અન્ય કામો પેટે કરવામાં આવેલ ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરવા જણાવેલ જે રજુ કરેલ નથી જેનું સંસ્થાના વાર્ષિક હિસાબોમાં બાંધકામ સંદર્ભમાં થયેલ ખર્ચની ઉપરોકત સદરો હેઠળ એસ્ટેટ વિભાગ દ્વારા રૂ! ૧૩,૬૧,૦૯,૩૮૯/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | આવકખર્ચની ટુંકી વિગત/ | લેજર કોડ નંબર | થયેલ ખર્ચરૂપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| 01 | ઇલેકટ્રીસીટી | 4603000 | 1,55,60,641 |
| 02 | ઇલેકટ્રીસીટી વપરાશ | 4603001 | 1,35,02,292 |
| 03 | ઇલેકટ્રીસીટી રીપેરીંગ /મેન્ટેનન્સ | 4603002 | 3,14,29,650 |
| 04 | ફર્નિચર રીપેરીંગ | 4601000 | 1,79,844 |
| 05 | નવી સાધનસામગ્રી | 4602000 | 18,98,364 |
| 06 | રીપેરીંગ /મેન્ટેનન્સ(સીવીલ) | 5701000 | 1,27,55,940 |
| 07 | ટ્રાન્સફોર્મર/સીકયુરીટી /E T C રીપેરીંગ | 5701001 | 1,17,12,089 |
| 08 | યુનિ.ભવનોના રીપેરીંગ | 5701002 | 2,55,11,880 |
| 09 | રોડ/લાઇટ રીપેરીંગ | 5702000 | 5,97,291 |
| 10 | પાણી પુરવઠા (વોટર સપ્લાય) | 5703000 | 53,92,068 |

| | | | |
|---|---|---|---|
| 11 | ક્વાર્ટસમાં પ્લમ્બીંગ /રીપેરીંગ | 5703001 | 9,46,215 |
| 12 | પાણી પુરવઠા વીજળી ખર્ચ | 5703002 | 1,07,86,286 |
| 13 | ગાર્ડનનીંગ/માળી/સાફ સફાઇ | 5704000 | 58,36,829 |
| | કુલરૂ! | | 13,61,09,389 |

વિવિધ વિકાસ તથા અન્ય કામો પેટે કરવામાં આવેલ ખર્ચનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરવા વિનંતી.વધુમાં,સંસ્થાના વાર્ષિક હિસાબોમાં બાંધકામ સંદર્ભમાં થયેલ ખર્ચની ઉપરોકત સદરો હેઠળ એસ્ટેટ વિભાગ દ્વારા રૂા ૧૩,૬૧,૦૯,૩૮૯/- નો ખર્ચ કરવામાં આવેલ છે.સદરહું કામો માટે આપેલ જાહેરખબરો,કામ માટેના ઇસ્યુ ટેન્ડરો,ભરાઇ આવેલ ટેન્ડરો,તુલનાત્મક પત્રકો,કામના વર્ક ઓર્ડર,કામના પ્રોગ્રેસીવ રીપોર્ટ,કામ પૂર્ણતા પ્રમાણપત્રો,ટેન્ડર ફી રજિસ્ટર,ટેન્ડર ડીપોઝીટ રજિસ્ટર,ચેક રજિસ્ટર,ચેક કાઉન્ટર ફાઇલ,ચલણો સહિત તમામ પ્રકારનું રેકર્ડ/દસ્તાવેજો અન્વેષણમાં રજુ કરવા સંસ્થાને વિનંતી કરવા છતાં રજુ ન કરતાં સંસ્થા પાસેથી અત્રેથી પ્રા.વા.નં. ૧ તા.૭/૬/૧૭ થી રેકર્ડ માગવામાં આવેલ હતુ જે રજુ ન કરતાં રેકર્ડ રજુ કરવા પુનઃસ્મૃતિપત્ર પ્રા.વાં.૩૭ તા.૩/૭/૧૭ તેમજ માન. કુલપતિશ્રીને અંગત ધ્યાન પત્ર સ્વરૂપે ,પ્રા.વા.નં.૭૦ તા.૫/૮/૧૭ તેમજ પ્રા.વા.નં.૭૯ તા.૧૮/૮/૧૭ થી જણાવવા છતાં ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં માગણી મુજબનુ રેકર્ડ રજુ કરેલ ન હતુ. જે અંગે નીચેની વિગતે ઓડિટનોંધ આપવામાં આવે છે.

(૧) એસ્ટેટ વિભાગ દ્વારા કરાયેલ વિકાસ તેમજ અન્ય કામો માન્ય ટેન્ડર પધ્ધતિથી તેમજ અપાયેલ વર્કઓર્ડરો નિયમોચિત અપાયેલ છે કે કેમ તે અંગેની ચકાસણી શકય બનેલ ન હતી.

(૨) કામના પ્રોગ્રેસીવ રીપોર્ટ તેમજ કામ પૂર્ણ થયાના કામ પૂર્ણતા પ્રમાણપત્ર સક્ષમ સતાધિકારીશ્રી દ્વારા અપાયેલ છે કે કેમ ? તે અંગેની અન્વેષણથી ચકાસણી થઇ શકેલ નથી.

(૩) અપાયેલ કામોની નિયમોનુસારની ટેન્ડર ડીપોઝીટ મેળવવામાં આવેલ હતી તેમજ મેળવેલ ડીપોઝીટ ,ડીપોઝીટ રજેસ્ટરે જમા લેવામાં આવેલ હતી કે કેમ ? તે અંગેની ઓડીટે ચકાસણી થઇ શકેલ નથી.

(૪) ચેક રજીસ્ટર રજુ ન કરતાં એજન્સી/કોંટ્રાકટરને ચુકવાયેલ રકમ સાચી ચુકવાયેલ છે તેમજ તેજ વર્કઓર્ડર મુજબની એજન્સી/કોંટ્રાકટરને જ રકમ ચુકવાયેલ છે તે અંગેની અન્વેષણથી ચકાસણી શકય બનેલ નથી.

સંસ્થાએ પ્રા.વા.નં.૬૧ નો જવાબ કરેલનથી.

વાંધા હેઠળ રકમ રૂ. ૧૩,૬૧,૦૯,૩૮૯/-

ફકરા ક્રમાંક – ૩૧

યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૩/૧૪ તપાસણી દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજો પૈકી લેજર રજિસ્ટરોની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ 7802032 સદરે યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ થયેલ આવક/ખર્ચની સ્થિતિ નીચે મુજબ હોવાનુ જણાઇ આવેલ હતું.

| અનં. | એકા.કોડ નં. | વિગત | રકમ |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| ૦૧ | 7802032 | ૦૧-૦૪-૧૩ ની ઉઘડતી સિલક | ૨,૩૮,૯૭,૩૪૬ |
| ૦૨ | 7802032 | વર્ષ દરમ્યાન થયેલ આવક | ૪૨,૫૭,૩૩૬ |
| 03 | 7802032 | કુલ રકમ | ૨,૮૧,૫૪,૬૮૨ |
| ૦૪ | 7802032 | વર્ષ દરમ્યાન થયેલ ખર્ચ | ૧૫,૧૯,૨૬૨ |
| ૦૫ | 7802032 | વર્ષ અંતે જમા સિલક | ૨,૬૬,૩૫,૪૨૦ |

<u>ઓડીટ અવલોકન :-</u>

ગુજરાત યુનિવર્સિટી એક્ઝીક્યુટીવ કાઉન્સીલના તા.૨૩/૫/૯૯ ની બાબત 17 ઓર્ડીનન્સ 150/c માં થયેલ જોગવાઇ અનુસાર જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે સંલગ્ન કોલેજોના વિધાર્થી દીઠ એક રકમના રૂ! ૧૦/- લેખે વસુલાત લઇ જે તે પ્રવૃત્તિઓ અંગે ખર્ચ કરવાનો રહે છે.સંસ્થાએ નિભાવેલ ઉપરોક્ત લેજર એકાઉન્ટસના આવક/ખર્ચના હિસાબોની ચકાસણી કરતાં સંસ્થાને મળેલ કુલ આવકના પ્રમાણમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ ખૂબ જ ઓછો ખર્ચ કરેલ હોવાનુ જણાઇ આવેલ

છે.આવકની. સામે ખર્ચનુ પ્રમાણ ઓછુ હોવાથી પ્રતિવર્ષે બચતમાં વધારો થવા પામેલ છે.પરિણામે,ઉપરોક્ત વિગતે વણવપરાયેલ રકમો સિલકમાં જોવા મળેલ છે.આમ,જે હેતુ માટે આવક મેળવવામાં આવે છે તે હેતુ માટે નાણાંનો વપરાશ થતો ન હોઇ મૂળભૂત હેતુ સિધ્ધ થઇ શકતો નથી. સંસ્થાને મળેલ કુલ આવકના પ્રમાણમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ ખૂબ જ ઓછો ખર્ચ કરેલ હોવાનુ જણાઇ આવેલ છે.સબબ,બહોળી આવકો મેળવ્યા બાદ તે સદર હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમો/પ્રવૃત્તિઓનુ આયોજન ઓછું કરી વિધાર્થીઓને સદરહુ લાભથી વંચિત રાખવા અંગે આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.-72 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "હવે પછી આપે સુચવેલ વાંધા આ અંગે આગામી મીટીંગમાં ચર્ચા કરવા માટે સમિતિ સમક્ષ મુકવાનું રાખીશું અને સમિતિ સૂચવે તે મુજબ વિદ્યાર્થીઓ માટે અન્ય કાર્યક્રમોનું આયોજન અને ખર્ચ કરવાનું રાખીશું. આથી ઉપરોક્ત દર્શાવેલ સ્પષ્ટતાના અનુસંધાનમાં આપેલ વાંધો રદ કરવા વિનંતી."

આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રકમ રૂ. ૧૫,૧૯,૨૬૨/-

ફકરા ક્રમાંક – ૩૨

## યુનિવર્સિટી સ્પોર્ટસ ફી ની આવકોનો યોગ્ય ઉપયોગ નહીં કરવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ ના વર્ષના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ 7802036 સદરે સ્પોર્ટસ ફી સદરે થયેલ આવક તથા ખર્ચની તા.૩૧/03/૧૪ના રોજ નીચે દર્શાવેલ સ્થિતિ જણાઇ આવેલ હતી.

| અ.નં. | આવક-ખર્ચની ટૂંકી વિગત | રકમ |
|---|---|---|
| 0૧ | 0૨ | 03 |
| 0૧ | તા.0૧-0૪-૧૩ના રોજની ઉઘડતી સિલક | ૨,૭૯,૫૫,૭૨૮ |
| 0૨ | અન્વેષણ વર્ષ દરમ્યાન થયેલ આવક | ૧૯,૯૨,૬૧૯ |
| 03 | કુલ રકમ | ૨,૯૯,૪૮,૩૪૭ |
| 0૪ | વર્ષ દરમ્યાન કરેલ કુલ ખર્ચ | ૧૦,૬૫૨ |
| 0૫ | વર્ષના અંતે બાકી /જમા સિલક | ૨,૯૯,૩૭,૬૯૫ |

<u>ઓડીટ અવલોકન :-</u>

(0૧) ગુજરાત યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સીલ દ્વારા ઠરાવ્યા મુજબ તેમજ ઓર્ડીનન્સ-૧૫૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિદ્યાર્થીઓ દીઠ એક રકમના રૂા ૫.00 પ્રમાણે સ્પોર્ટસ ફી વસુલ કરવાની રહે છે,આ રીતે વસુલ કરેલ સ્પોર્ટ્સ ફી ના ભંડોળની એકત્રિત રકમ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતી વિવિધ રમતગમત વૃત્તિઓ થકી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ઉપયોગમાં લેવાની રહે છે.સદરહુ યોજનાનો અમલ ૧૯૮૫-૮૬ ના વર્ષથી કરવામાં આવેલ હતો.તે બાબત ધ્યાને લેતાં સદરહુ ફી ની આવકમાં ઉત્તરોત્તર વધારો થવા પામેલ છે, પરિણામે, વિદ્યાર્થીઓ પાસેથી આટલા લાંબા સમયથી વસુલ કરેલ સ્પોર્ટસ ફી નુ ભંડોળ વણવપરાયેલ જમા પડી રહેલ હોવાનુ ઉપરોકત વિગતો પરથી સ્પષ્ટ થાય છે.સંસ્થાના યોગ્ય આયોજનના અભાવે પૂરતુ ભંડોળ ઉપલબ્ધ હોવાછતાં તેનો અસરકારક અને સમયાંતરે ઉપયોગ નહી થવાથી વિદ્યાર્થીઓને તેમના મૂળભૂત લાભથી વંચિત રાખવામાં આવેલ છે,જે અંગે સ્પષ્ટતા કરવી

તેમજ સદરહુ બાબતે યોગ્ય આયોજન દ્વારા પરિણામલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરી તેના આધાર સહ ખાતરી કરાવવી ઘટે.સંસ્થાએ

સંસ્થાએ પ્રા.વાં.નં.-71 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "રમતગમત ફાળાની આવકમાંથી પ્રવૃતિઓના વિકાસ માટે રજુઆત કરવામાં આવે છે. હાલ રમત સંકુલ વિદ્યાર્થીઓ માટે આકાર લઈ રહ્યું છે. જે સ્વયંસ્પષ્ટ છે." જે આવા કારણોસર જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી.

આ ફાળાની રકમ રમતગમતની પ્રવૃતિ અને વિકાસ કામ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. દર વર્ષે 50 રમતોનું આયોજન કોલેજ કક્ષાથી આંતર વિભાગીય અને આતર યુનિવર્સિટી કક્ષાએ સ્પર્ધાઓ કરવામાં આવે છે. ઉપરાંત તાલીમ શિબીરનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. જે જવાબ આવા કારણોસર પ્રા.વાં. સાથે સુસંગત નથી. કેમ કે વર્ષ દરમ્યાન કુલ ખર્ચ રૂપિયા 10,652/- નો જ થયેલ છે.

વાંધા હેઠળ રકમ રૂ. ૧૦,૬૫૨/-

ફકરા ક્રમાંક -૩૩

**"ડિપોઝીટ અને બીજા ખાતા" સદરેથી થયેલ ચુકવણીઓ અંગેનું રેકર્ડ રજુ ન કરવા બાબતેની અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૧૩/૧૪ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો ધ્યાને લેતા સંસ્થાએ "ડિપોઝીટ અને બીજા ખાતા" સદરે નીચેની વિગતે ચુકવણી કરેલ હોવાનું ધ્યાને આવેલ છે.નીચે જણાવેલ નમૂનારૂપ કિસ્સાની ચુકવણા અન્વયે સત્વરે અન્વેષણને રેકર્ડ ચકાસણી સારૂ પૂરૂ પાડવા વિનંતી.જે ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં રજુ થયેલ ન હતુ.

| અ.નં. | જમા/વસુલાત/ખર્ચ/ચુકવણીની વિગત | રકમ રૂા |
|---|---|---|
| 01 | 02 | 03 |
| 01 | વર્ધમાન પર્શિયન પોર્ટ પ્રા.લી.(જમા) | ૧,૬૧,૦૭,૯૯૦.00 |
| 02 | મે.હર્ષદ શાહ એન્ડ કુ.(હયુમન જનરલ) (ઉધાર) | ૧,૩૮,૪૦,૨૯૮.00 |
| 03 | મે.પી.સી.સ્નેહલ કન્સટ્રકશન કુ (ઉધાર) | ૪,૯૭,૨૧,૭૪૦.00 |
| 04 | મે.ફેનીલ ઇન્ફ્રા (ઉધાર) | ૧,૬૨,૫૪,૮૯૭.00 |
| 05 | મે.પ્રેક્ષા એસોસીએટ (ઉધાર) | ૯૪,૬૬,૮૧૭.00 |

આમ સંસ્થાએ ઉકત વિગતે "ડિપોઝીટ અને બીજા ખાતાઓમાં" ઉપર દર્શાવ્યા મુજબ ઉધાર-જમા વિગત દર્શાવેલ છે જેની યથાર્થતાની ચકાસણી સારૂ અન્વેષણને સત્વરે રેકર્ડ આધારિત ખાતરી કરાવવી ઘટે. જે અંગે સંસ્થા પાસે અત્રેશી પ્રા.વા.નં. ૧ તા.૭/૬/૧૭ થી રેકર્ડ માગવામાં આવેલ હતુ જે રજુ ન કરતાં રેકર્ડ રજુ કરવા પુ :સ્મૃતિપત્ર પ્રા.વા.૩૭ તા.૩/૭/૧૭ તેમજ માન. કુલપતિશ્રીને અંગત ધ્યાન પત્ર સ્વરૂપે,પ્રા.વા.નં.૭૦ તા.૫/૮/૧૭ તેમજ પ્રા.વા.નં.૭૯ તા.૧૮/૮/૧૭ થી જણાવવા છતાં ઓડીટ પૂર્ણ થતાં સુધીમાં માગણી મુજબનુ રેકર્ડ રજુ કરેલ ન હતુ. જે અંગે નીચેની વિગતે ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) વાર્ષિક હિસાબોની વિગતે સંસ્થાએ "ડિપોઝીટ અને બીજા ખાતા" સદરેથી થયેલ ચુકવણીઓ કરેલ છે જે જમા તેમજ ઉધાર બાજુએ બતાવેલ છે જેનુ રેકર્ડ રજુ ન કરતાં થયેલ ચુકવણીની આવક તેમજ ખર્ચની યથાર્તતા ચકાસી શકાયેલ નથી.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૦ નો જવાબ કરેલ નથી

ફકરા ક્રમાંક – ૩૪

==========================================================================

**આવક પહોંચબુકો ના સ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

==========================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩/૧૪ ના વર્ષનાં હિસાબોના અન્વેષણ દરમ્યાન આવક પહોંચબુકો ના સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતાઓ ઓડિટના ધ્યાને આવેલ છે.

(૦૧) સ્ટોક રજીસ્ટરે ઉઘડતી સિલક તેમજ મળેલ પહોચબુકોની સંખ્યા લખવામાં આવેલ છે.પહોંચબુક નંબર લખવામાં આવતા નથી.

(૦૨) સ્ટોક રજીસ્ટર સહી સિક્કા રજીસ્ટરે ચઢાવેલ નથી.

(૦૩) નીચેની વિગતેની પહોંચબુકોની બંધ સિલક (બાકી સ્ટોક) બતાવેલ નથી.

E-પાન નં.11,

LF(Rs.10/-) પાન નં 15,

BA EXT પાન નં -22,

B COM EXT પાન નં -23

MA EXT પાન નં -24

PROCESSING Fee પાન નં -27

(૦૪) નીચેની વિગતેની પહોંચબુકો સ્ટોક રજીસ્ટરે નોંધાયેલ નથી તેમજ ઇસ્યુ કરેલ ન હોવા છતાં પહોંચબુકો ઉપયોગમાં લેવાયેલ છે.

| પહોચબુકની વિગત | પહોંચ નંબર | માસ |
|---|---|---|
| EL Rs.110/- | 9401 To 9500 | Oct-13 |
| LF Rs.10/- | 7101 To 7200 | March-14 |
| LF Rs.100/- | 3901 To 4000 | Oct-13 |
| RA Rs.250/- | 501 To 600 | March-14 |
| C Rs.20/- | 1701 To 1800 | March-14 |
| BCOM EXT Rs.700/- | 3201 To 3300 | Sup-13 |
| MA EXT Rs.900/- | 5901 To 6000<br>8001 to 8200<br>8601 to 8700 | Sup-13<br>Sup-13<br>Sup-13 |
| BA/BCom Ext Rs 700/- | 001 To 100<br>5701 to 5800 | March-14<br>March-14 |

(૦૫) સ્ટોક રજીસ્ટરે ઇસ્યુ તરીકે નોંધાયેલ પહોંચબુકના પહોચબુક ઉપર પહોચબુક નંબર લખાયેલ નથી પરંતુ પ્રથમ પહોંચનો નંબર લખવામાં આવેલ છે.

ઉપરોકત વિગતેની અધુરાસો જણાયેલ છે સદરહુ અધુરાસના કારણે ધોરણસરની ચકાસણી શકય બનેલ નથી. સ્પષ્ટતા સહ પુર્તતા કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૧ નો જવાબ કરેલ નથી જેથી ફકરો ચાલુ રાખવામાં આવે છે.

ફકરા ક્રમાંક -૩૫

---

**આવક પહોંચબુકની જણાયેલ અનિયમિતતા તેમજ જમા રકમ હિસાબ બહાર રાખવા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-૨૦૧૩/૧૪ ના વર્ષનાં હિસાબોના અન્વેષણ દરમ્યાન આવક પહોંચબુકો તેમજ કેશ કાઉન્ટર રજીસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતાઓ ઓડિટના ધ્યાને આવેલ છે.

(0૧) નાણાકિય વર્ષ દરમ્યાન એક જ નંબરોની બે પહોંચબુકો ઉપયોગમાં લેવાયેલ છે નમુનારૂપ પહોંચબુકની વિગતે નીચે મુજબ છે.

LF Rs 10/- પહોંચ નં. 1001 To 2000 આમ કુલ પહોંચ -૧૦૦૦ રકમ રૂપિયા ૧૦,૦૦૦/-

LF Rs 10/- પહોંચ નં 2001 To 3000આમ કુલ પહોંચ -૧૦૦૦ રકમ રૂપિયા ૧૦,૦૦૦/-

LF Rs 10/- પહોંચ નં4001 To 5000આમ કુલ પહોંચ -૧૦૦૦ રકમ રૂપિયા ૧૦,૦૦૦/-

(0૨) પહોંચોમાં એક કરતાં વધુ ત્રણ કે ચાર જુદી જુદી તારીખના સિકકા લગાવેલ છે જેની કઇ તારીખની આવક છે તે સ્પષ્ટ થતુ નથી.

દા.ત. LF Rs 100/- પહોંચ નં 2611 To 2698આમ કુલ પહોંચ -૮૮ રકમ રૂપિયા ૮,૮૦૦/-

(03) LF Rs 10/- પહોંચબુક નં. ૧૩૦૧ થી ૧૪૦૦ માં પહોંચ નં. ૧૩૦૫ છપાયેલ ન હોવાછતાં રૂ.૧૦/-કેશ કાઉન્ટર રજીસ્ટરે જમા લીધેલ છે.

(૦૪) LF Rs 10/-પહોંચ નંબર ૩૫૦૧ થી ૩૬૦૦ આમ કુલ પહોંચ -૧૦૦ રકમ રૂપિયા ૧,૦૦૦/- તેમજ પ્રો.ફી રૂ.૨૦/-પહોંચ નં. ૩૧૨૦૧ થી ૩૧૪૦૦ આમ કુલ પહોંચ -૨૦૦ રકમ રૂપિયા ૨,૦૦૦/-ની સમગ્ર બુકમાં તારીખ લખાયેલ નથી.

(૦૫) પહોંચથી રકમ સ્વીકાર્યા તારીખ ના અગાઉના દિવસે કેશ કાઉન્ટર રજીસ્ટરે રકમ જમા લીધેલ છે.

RA Rs 20/- પહોંચબુક નં 6601 to 6660 Dt-27/9/13 આમ કુલ પહોંચ -૬૦ રકમ રૂપિયા ૧૨૦૦/- રકમ જમા લીધા તારીખ-26/9/13

RA Rs 20/- પહોંચબુક નં 7001 to 7200 Dt-27/9/13 આમ કુલ પહોંચ -૨૦૦ રકમ રૂપિયા ૪,૦૦૦/- રકમ જમા લીધા તારીખ- 26/9/13

(૦૬) પહોંચથી રકમ સ્વીકાર્યા તારીખ બાદ બીજા દિવસે કેશ કાઉન્ટર રજીસ્ટરે રકમ જમા લીધેલ છે.

RA Rs 250/- પહોંચબુક નં 2411 to 2413 Dt-5/4/13 આમ કુલ પહોંચ -03 રકમ રૂપિયા ૭૫૦/-રકમ જમા લીધા તારીખ-6/4/13

Pro fee Rs.20/-પહોંચબુક નં 31101 To 31200 Dt.25/3/14 આમ કુલ પહોંચ -૧૦૦ રકમ રૂપિયા ૨,૦૦૦/-રકમ જમા લીધા તા- 26/3/14

(૦૭) કેશ કાઉન્ટર રજીસ્ટરે એકજ પહોંચની બે વખત રકમ જમા લેવામાં આવેલ છે.

RA Rs 250/-પહોંચબુક નં 2572 to 2573 Dt-14/5/13 આમ કુલ પહોંચ -0૨ રકમ રૂપિયા ૫૦૦ /-ફરીથી રકમ જમા લીધા તા- 6/4/13

(૦૮) પહોચ ઇસ્યુ કરેલ છે તેમ છતાં કેશ કાઉન્ટર રજીસ્ટરે આવક તરીકે જમા ન લેંતા હિસાબ બહાર રાખવામાં આવેલ છે.

| પહોંચની વિગત | પહોંચ નંબર | તારીખ | રકમ |
|---|---|---|---|
| LF Rs.100/- | 2535 | 13/5/13 | 100/- |
| Pro.Fee Rs.20/- | 28401 To 28500 | 24/3/14 | 2000/- |
| Misc/income | 9160 | 31/3/14 | 11582/- |
| Misc/income | 9161 | 31/3/14 | 96/- |
| Misc/income | 9162 | 31/3/14 | 5000/- |
| | | Total | 18778/- |

સરકારશ્રીના સદરે જમા લેવાપાત્ર આવકની તેજ દિવસે રકમ જમા લેવાની રહે છે તેમજ સંપૂર્ણ ચોકસાઇ સાથે ચકાસણી તેમજ સુપરવિઝન કરવાનુ રહે છે ઉપરોકત જણાવેલ અનિયમિતતાઓ જોતાં સબંધકર્તાશ્રીઓ તરફથી કોઇ પ્રકારની ચોકસાઇ/સુપરવિઝન કરવામાં આવેલ નથી.

મુદા નં.૦૩માં પહોંચબુક સીરીયલ નંબર -૧૩૦૧ થી ૧૪૦૦ માં પહોંચ નંબર ૧૩૦૫ છપાયેલ નથી તો સક્ષમ અધિકારીશ્રી દ્વારા પહોંચબુક સ્ટોક રજીસ્ટરે પહોંચો સ્વિકાર કરતાં પહેલા પહોંચબુકમાંસામેલ તમામ રસિદો અનુક્રમ નંબર મુજબ યોગ્ય છે કે કેમ ? તેની ચકાસણી કરી સ્ટોક રજીસ્ટરે જમા કરવાની રહે છે તેમછતાં સદર ભૂલ ધ્યાને આવેલ હોય પહોંચ બુકો સ્વિકારનાર જવાબદાર અધિકારીશ્રી દ્વારા યોગ્ય ચકાસણી નો અભાવ જણાય છે. આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

મુદ્દાનં-૦૮ ની રૂપિયા ૧૮,૭૭૮/-ની રકમ કેશ કાઉન્ટર રજીસ્ટરે જમા લઇ સકારશ્રીના/યુનિ.ના હિસાબમાં જમા લીધેલ જણાતી નથી આ બાબત અતિ ગંભીર હોઇ સબંધકર્તા સામે નિયમોચિત કાર્યવાહી કરવા વિનંતી છે તે.૧જ આ બાબત માન.કુલ સચિવશ્રીના ધ્યાને મુકવા જણાવવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૨ નો જવાબ કરેલ નથી

વસુલાતપાત્ર રકમ રૂપિયા ૧૮,૭૭૮/-

ફકરા ક્રમાંક - ૩૬

**કોલેજોને વિધાશાખાના જોડાણ આપવા બાબતનું રેકર્ડ રજુ કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-૨૦૧૩/૧૪ ના વર્ષનું ઓડીટ હાથ ધરવામાં આવેલ છે.ઓડીટ સંદર્ભમાં વાર્ષિક અહેવાલની ચકાસણી કરતાં જણાય છે કે ઓડીટ વર્ષમાં સંસ્થા દ્વારા નીચે જણાયેલ કોલેજોને તેમના નામ સામે જણાવેલ વિધાશાખાનું જોડાણ આપવામાં આવેલ છે.

| ક્રમાંક | કોલેજનું નામ | વિધાશાખા |
|---|---|---|
| 01 | 02 | 03 |
| 01 | જે.જે.ઇન્સ્ટીટયુટ ઓફ એડમીનીસ્ટ્રેશન ડ્રાઇવ ઇન રોડ અમદાવાદ-૫૪ | વાણિજય |
| 02 | વિધાનગર બી.એડ.કોલેજ બાપુનગર અમદાવાદ | શિક્ષણ |
| 03 | અક્ષર મહિલા બી.એડ.કોલેજ. વડોદરા | શિક્ષણ |
| 04 | ગુર્જર ભારતી મહિલા બી.એડ.કોલેજ. નગરાળા | શિક્ષણ |
| 05 | શ્રી પંચમહાલ જીલ્લા પછાત વર્ગ કેળવણી મંડળ બી.એડ.કોલેજ. મુ.મોરવા(રેણા) PMS | શિક્ષણ |
| 06 | સંસ્કાર બી.એડ.કોલેજ પિપલીયા જી.વડોદરા | શિક્ષણ |
| 07 | જે.જી.કોલેજ ઓફ ફિઝીયોથેરોપી સોલા રોડ. અમદાવાદ-૬૧ | તબીબી વિજ્ઞાન |
| 08 | ગુર્જર ભારતી મહિલા આર્ટસ કોલેજ દાહોદ | વિનયન |
| 09 | ઉમા બી.એડ.કોલેજ જોધપુર ટેકરા અમદાવાદ-૧૫ | શિક્ષણ |
| 10 | શ્રી પંચમહાલ જીલ્લા પછાત વર્ગ કેળવણી મંડળ એમ.એડ.કોલેજ મુ.મોરવા(રેણા) PMS | શિક્ષણ |
| 11 | વિકટોરિયા જયુબીલી નર્સિંગ કોલેજ કાલુપુર અમદાવાદ-૦૧ | તબીબી વિજ્ઞાન |

ઉકત આપવામાં આવેલ જોડાણ અંગેની થયેલી કાર્યવાહીની વિગતો ઓડીટે નમૂનારૂપ ચકાસવાની થતી હોય ક્રમાંક નંબર ૦૧.૦૪.૦૭ તથા ૦૮ માં થયેલી તમામ કાર્યવાહીનું રેકર્ડ તથા આ બાબતમાં રેકર્ડમાં દર્શાવેલ જે તે જોગવાઇના આધારો તદઉપરાંત આ બાબતની ગાઇડ લાઇન તથા ચકાસણી ફોર્મ વગેરે સત્વરે રજુ કરવા વિનંતી કરેલ તેમ છતાં રજુ કરાયેલ નથી.

ડેવલપમેન્ટ ફંડની રકમ નક્કી કરવાના કોઇ નિયમો કે ધારાધોરણ રજુ થયેલ નથી.જેથી સંસ્થાએ નિયમો બનાવેલ નહીં હોવાનું ફલિત થાય છે તેમજ નિયમોનુસાર હોવાની ખાત્રી થઇ શકેલ નથી. ઉઘરાવેલ ડેવલપમેન્ટ ફંડ કયા નિયમો અને ધારા ધોરણ અનુસાર છે તેની વિગત રજુ થયેલ નથી.તેના ઉપયોગની વિગતો પણ રજુ થયેલ નથી.તેમજ ઉઘરાવેલ ડેવલપમેન્ટ ફંડનો કઇ રીતે ઉપયોગ કરવો તેના પણ કોઇ સ્પષ્ટ નિયમો રજુ કરવામાં આવેલ નથી.

સંસ્થાએ પ્રા.વા.નં.૦૬ નો જવાબ કરેલ નથી.

ફકરા ક્રમાંક - ૩૭

## જુદી જુદી સભાઓ અંગેનુ રેકર્ડ રજુ ન કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-૨૦૧૩/૧૪ ના વર્ષનું ઓડીટ હાથ ધરવામાં આવેલ છે.ઓડીટ સંદર્ભમાં વાર્ષિક અહેવાલની ચકાસણી કરતાં જણાય છે કે ઓડીટ વર્ષમાં સંસ્થા દ્વારા નીચે જણાયેલ વિગતે સભાઓ મળેલ હતી.

| ક્રમાંક | સભાની વિગત | મળેલ તારીખ |
|---|---|---|
| ૦૧ | ૦૨ | 03 |
| ૦૧ | યુનિવર્સિટી સેનેટની વાર્ષિક સભા | 30-03-14 |
| ૦૨ | એકેડેમિક કાઉન્સિલની સભા | 20-03-13,21-10-13,21,11-13 |
| 03 | એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભા | 16-08-13,06-09-13,21-10-13,21-11-13,01-02-13,13-02-13 |

ઉક્ત સભા તથા અન્ય તારીખે સભા મળેલી હોય તે તેમજ અન્ય વિધાશાખા,બોર્ડસ સમિતી વગેરેની થયેલી તમામ કાર્યવાહીનું રેકર્ડ જેવુ કે તમામ કામકાજો થયા હોય તેની પ્રમાણિત કાર્યવાહીની નોંધો સત્વરે રજુ કરવા જણાવવા છતાં તેમજ વારંવાર સ્મૃતિપત્રો પાઠવવા છતાં રજુ કરવામાં આવેલ ન હતું. તો જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૦૭ નો જવાબ કરેલ નથી

ફકરા ક્રમાંક - ૩૮

**યુનિવર્સિટીના પાકા સરવૈયામાં દર્શાવેલ રૂપિયા ૫૧.૮૮ કરોડની મિલ્કતનું મિલકત રજીસ્ટર ન રાખવા તથા અન્ય રેકર્ડ રજુ ન કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવદનાં નાણાંકિય વર્ષ -૨૦૧૩/૧૪નાં ઓડીટ દરમ્યાન મિલકતો અંગેની માહિતી/મિલકત રજીસ્ટર રજુ કરવા જણાવવામાં આવેલ હતુ. યુનિવર્સિટીના તારીખ-૩૧/03/૧૪ ના પાકા સરવૈયામાં વર્ષોવર્ષની ઘસારાની રકમ બાદ કર્યા બાદ મિલકત તરીકે રૂપિયા ૫૧,૮૮,૨૦,૯૮૮.૧૨ દર્શાવેલ છે.સદરહુ મિલકતોમાં સ્થાવર મિલકતો-ફર્નિચર તથા સરંજામ,સાધન-સામગ્રી વગેરે દર્શાવેલ છે.નીચે દર્શાવ્યા મુજબની માહિતી ઓડીટમાં રજુ થયેલ નથી.

(૦૧) સદરહુ મિલકત પૈકી કોમર્સીયલ મિલકત,શૈક્ષણિક મિલકતો અને તેના ઉપયોગની વિગતો તથા આ મિલકતો પૈકી કોઇ મિલકતો ભાડેથી,લીઝ એન્ડ લાયસન્સ કે અન્ય કોઇ રીતે ભાડા કરાર કરીને ભાડે આપેલ હોય તો તેની સંપુર્ણ વિગતો રજુ થયેલ નથી.

(૦૨) સદરહુ મિલકત પૈકી ખુલ્લી જમીનની વિગત તથા તેના વપરાશની અને 'જો સદરહ મિલકત વણવપરાયેલ રહેતી હોય તો તેની વિગતો.

(૦3) યુનિવર્સિટીની માલિકીની હોસ્ટેલોની વિગત અને તેમાં હોસ્ટેલમાં રૂમોની સંખ્યા અને આ રૂમો પૈકી કેટલી રૂમો નાણાંકિય વર્ષ દરમ્યાન વિધાર્થીઓને ફાળવેલ હતી અને કેટલી રૂમો ખાલી હતી ? સદરહુ રૂમો પૈકી ખાલી રૂમો કયા કારણોસર વિધાર્થીઓને ફાળવવવામાં આવેલ નથી ? જો રૂમોમાં રીનોવેશનની જરૂરિયાત હોય અને તેને કારણે ન ફાળવવામાં આવી હોય તો તેની વિગતો રજુ કરવામાં આવેલ ન હતી.

(૦૪) યુનિવર્સિટી પાસે પોતાના કર્મચારી અધિકારીઓ માટે કવાર્ટસ પણ બનાવેલ છે.આ કવાર્ટસ પૈકી ભરાયેલ કવાર્ટસ અને ખાલી કવાર્ટસની વિગત તથા કવાર્ટસ જો ખાલી રહેલ તો કયા કારણોસર ખાલી રહેલ છે તેની વિગતો રજુ કરેલ નથી પરંતુ ફાઇલ રજુ કરેલ હતી.

ખર્ચના યથાર્તતાના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વા.નં.૩૩ નો જવાબ કરેલ નથી

ફકરા નં. ૩૯

==================================================================

**જનરલ કેશબુકે કેશ કાઉન્ટર આવક તેમજ એમ.ઓ.કલેકશન આવક જમા ન લેવા બાબત.**

==================================================================

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાની જનરલ કેશબુક,કેશ કાઉન્ટર આવક રજીસ્ટર તેમજ એમ.ઓ.કલેકશન આવક રજીસ્ટરની ચકાસણી કરતાં નીચેની વિગતે ની થયેલ આવક જેતે દિવસ/માસ માં કેશબુકે જમા લેવામાં આવેલ નથી.

| અ.નં. | રજીસ્ટરની વિગત | તારીખ | દિવસની મળેલ કુલ રકમ |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૦૧ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૦૧/૦૫/૧૩ | ૪૨,૪૨૧/- |
| ૦૨ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૦૨/૦૫/૧૩ | ૪,૧૬,૭૬૧/- |
| ૦૩ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૦૩/૦૫/૧૩ | ૨,૧૫,૯૩૨/- |
| ૦૪ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૦૪/૦૫/૧૩ | ૯૬,૪૫૧/- |
| ૦૫ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૦૬/૦૫/૧૩ | ૫૨,૨૨૪/- |
| ૦૬ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૦૭/૦૫/૧૩ | ૫,૧૫,૦૨૭/- |
| ૦૭ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૦૮/૦૫/૧૩ | ૫,૨૫,૪૫૦/- |
| ૦૮ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૦૯/૦૫/૧૩ | ૧,૭૧,૧૯૫/- |
| ૦૯ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૧૦/૦૫/૧૩ | ૩,૩૫,૨૧૫/- |
| ૧૦ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૧૩/૦૫/૧૩ | ૨,૨૧,૦૯૦/- |
| ૧૧ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૧૪/૦૫/૧૩ | ૫,૮૪,૨૫૧/- |
| ૧૨ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૧૫/૦૫/૧૩ | ૧૨,૭૫,૮૫૨/- |
| ૧૩ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૧૬/૦૫/૧૩ | ૨,૨૭,૩૦૦/- |
| ૧૪ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૧૭/૦૫/૧૩ | ૪,૪૨,૪૨૦/- |
| ૧૫ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૧૮/૦૫/૧૩ | ૫૭,૩૯૬/- |
| ૧૬ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૨૦/૦૫/૧૩ | ૧,૦૪,૬૬૧/- |
| ૧૭ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૨૧/૦૫/૧૩ | ૨,૦૭,૧૯૦/- |
| ૧૮ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૨૨/૦૫/૧૩ | ૨,૨૪,૩૦૬/- |
| ૧૯ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૨૩/૦૫/૧૩ | ૬,૮૯,૫૧૯/- |
| ૨૦ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૨૪/૦૫/૧૩ | ૩,૪૮,૮૦૦/- |
| ૨૧ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૨૭/૦૫/૧૩ | ૨,૨૩,૭૯૪/- |
| ૨૨ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૨૮/૦૫/૧૩ | ૩,૯૯,૪૧૮/- |
| ૨૩ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૨૯/૦૫/૧૩ | ૨,૫૯,૨૩૯/- |
| ૨૪ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૩૦/૦૫/૧૩ | ૨,૫૦,૦૮૨/- |
| ૨૫ | કેશ કાઉન્ટર રજીસ્ટર | ૩૧/૦૫/૧૩ | ૧,૦૨,૩૦૫/- |
| ૨૬ | એમ.ઓ.કલેકશન રજી. | ૦૧/૧૧/૧૩ | ૭,૬૨,૩૭૬/- |
| ૨૭ | એમ.ઓ.કલેકશન રજી. | ૦૨/૧૧/૧૩ | ૧,૪૩,૪૬૧/- |

| | | | |
|---|---|---|---|
| ૨૮ | એમ.ઓ.કલેકશન રજી. | ૧૧/૧૧/૧૩ | ૧,૬૩,૩૮૬/- |
| ૨૯ | એમ.ઓ.કલેકશન રજી. | ૧૨/૧૧/૧૩ | ૧૦,૪૨,૭૦૪/- |
| 30 | એમ.ઓ.કલેકશન રજી. | ૧૩/૧૧/૧૩ | ૧,૭૬,૪૩૦/- |
| ૩૧ | એમ.ઓ.કલેકશન રજી. | ૧૫/૧૧/૧૩ | ૨,૪૬,૨૦૦/- |
| ૩૨ | એમ.ઓ.કલેકશન રજી. | ૧૬/૧૧/૧૩ | ૧૧,૩૩,૨૮૦/- |
| ૩૩ | એમ.ઓ.કલેકશન રજી. | ૧૯/૧૧/૧૩ | ૭,૬૬,૧૯૮/- |
| ૩૪ | એમ.ઓ.કલેકશન રજી. | ૨૧/૧૧/૧૩ | ૨૭,૪૧,૫૮૦/- |
| ૩૫ | એમ.ઓ.કલેકશન રજી. | ૨૨/૧૧/૧૩ | ૨,૧૯૦/- |
| ૩૬ | એમ.ઓ.કલેકશન રજી. | ૨૫/૧૧/૧૩ | ૨,૫૧,૦૫,૬૫૧/- |
| ૩૭ | એમ.ઓ.કલેકશન રજી. | ૨૬/૧૧/૧૩ | ૪૩,૬૮૨/- |
| ૩૮ | એમ.ઓ.કલેકશન રજી. | ૨૭/૧૧/૧૩ | ૨,૧૫,૪૫૦/- |
| ૩૯ | એમ.ઓ.કલેકશન રજી. | ૨૮/૧૧/૧૩ | ૧,૨૦,૫૫૦/- |
| ૪૦ | એમ.ઓ.કલેકશન રજી. | ૨૯/૧૧/૧૩ | ૧૧,૦૪,૦૯,૨૪૦/- |
| ૪૧ | એમ.ઓ.કલેકશન રજી. | ૩૦/૧૧/૧૩ | ૨૧,૮૪,૪૫૦/- |
| | કુલ | | ૧૫,૧૦,૬૦,૬૭૭/- |

(૦૧) ઉકત આવક રૂપિયા ૧૫,૧૦,૬૦,૬૭૭/-કેશબુકે કયા વાઉચર નંબર અને તારીખે કેશબુકે જમા લેવામાં આવેલ છે તેની આધાર સહ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૦૨) ઉકત થયેલ આવક જેતે દિવસે કેશબુકે જમા ન લેવા બાબતે તથા ઉકત સંસ્થાની આવક રૂપિયા ૧૫,૧૦,૬૦,૬૭૭/-વાંધાની પૂર્તતા તેમજ સ્પષ્ટતા ન થતાં વાંધા હેઠળ રાખવામાં આવે છે. સંસ્થાએ પ્રા.વા.નં.-83 નો જવાબ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે "કેશ કાઉન્ટર. આવક રજીસ્ટર. એમઓ કલેક્શન કેશ રોજે રોજ બેન્કમાં જમા કરવામાં આવે છે. તે અંગેની બેન્કની જમા નોંધ બેન્કના સિક્કાવાળી સ્લીપો ઓડીટમાં આપશ્રી સમક્ષ ફિઝીકલ બતાવવામાં આવેલ છે. આ અંગેના વાઉચર્સ મોડેથી પડવાથી તે અંગેની કેશબુકમાં જમા મોડેથી લેવામાં આવેલ છે."આ કારણોસર સંસ્થાનો જવાબ પ્રા.વા. સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રકમ રૂપિયા ૧૫,૧૦,૬૦,૬૭૭/-

ફકરા નં. ૪૦

---

**યુનિવર્સિટી એજ્યુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ સદર હેઠળ કરેલ ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૧૩/૧૪ ના હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબોનું અવલોકન કરતાં "બીજા ફંડો પરિશિષ્ટ-એ" માં યુનિ.એજ્યુ.રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ" સદરે નીચે દર્શાવેલ વિગતે સ્થિતિ ધ્યાને આવેલ હતી.

| | |
|---|---|
| (૦૧) વર્ષ ૨૦૧૨/૧૩ ના અંતે સિલક | રૂ! ૧૦,૭૧,૩૧,૫૧૩.૦૨ |
| (૦૨) ૨૦૧૩/૧૪ દરમ્યાન થયેલ ઉમેરો | રૂ! ૦૦.૦૦ |
| (૦૩) કુલ સિલક | રૂ! ૧૦,૭૧,૩૧,૫૧૩.૦૨ |
| (૦૪) ૨૦૧૩/૧૪ દરમ્યાન રોકાણ/ખર્ચ | રૂ! ૧,૬૩,૮૯,૫૪૦.૨૦ |
| (૦૫) ૩૧/૦૩/૧૪ ના રોજ બંધ સિલક | રૂ! ૯,૦૭,૪૧,૯૭૨.૮૨ |

ઉપરોક્ત ક્રમ -૦૪ માં દર્શાવ્યા મુજબ તપાસણી વર્ષ દરમ્યાન રૂ! ૧,૬૩,૮૯,૫૪૦.૨૦ નો ખર્ચ થયેલ હોવાનું દર્શાવેલ છે.તે સંદર્ભમાં સંસ્થાના લેજરકોડ ૭૭૧૨૦૦૦ હેઠળ ખર્ચની વિગતવાર આંકડાકિય વિગતો દર્શાવી છે. સદરહુ લેજરકોડ હેઠળ દર્શાવેલ ખર્ચ પૈકી અન્વેષણ વર્તુળ દ્વારા આ સાથે સામેલ પરિશિષ્ટ-૦૧ માં દર્શાવેલ પસંદગીના વાઉચરોની ચકાસણી કરેલ હતી.જે અંગે અન્વેષણને નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૦૧) આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પ્રત્યેક વાઉચરોની લઘુતમ રકમ રૂપિયા દસ લાખથી વધુની છે,તે બાબતને ધ્યાને લેતાં સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક/એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ર૧,તા.૮/૭/૨૦૧૧ થી નિયત કરેલ રૂ! પાંચ લાખથી વધુની ખરીદી માટે ઇટેન્ડરીંગની પ્રક્રિયાને અનુસર્યા વિના ખરીદી/કામો કરાવેલ છે,જે નિયમો સાથે સુસંગત નથી.પરિશિષ્ટમાં દર્શાવેલ વિવિધ ખરીદી/કામો માટે ઉક્ત ઇટેન્ડારીંગ પ્રક્રિયાથી બહોળા સ્પર્ધાત્મક ભાવો મેળવી કામો કરાવેલ હોત તો સંસ્થાને વધુ આર્થિક લાભ મળી શકયો હોત.સદરહુ પ્રંક્રિયા નહીં અનુસરવા થકી સંસ્થાએ આર્થિક લાભ ગુમાવેલ છે,જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૨) સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચ પૈકી મહત્તમ ખર્ચ સંસ્થાના કન્વેન્શન હોલનાં બાંધકામ સંદર્ભમાં થયેલ હોવાનું જણાઇ આવે છે.સદરહુ કામો સંસ્થાએ ટેન્ડર પધ્ધતિથી કરાવેલ છે.તપાસણી વર્ષ ૨૦૧૩/૧૪ માં પૂર્ણ થયેલ હોય તેવા કામોની વિગતો પ્રા.વાં.ક્રમાંક-૬,તા.૧૩/૧૨/૧૬ થી માંગવામાં આવેલ હતી.સદરહુ રજુ કરવા વારંવાર મૌખિક તેમજ

પ્રા.વા.ક્રમાંક-૬૦ તા,૨૫/૧/૧૭ તથા પ્રા.વા.ક્રમાંક-૯૦ તા.૨૩/૨/૧૭ થી માંગવા છતાં અન્વેષણમાં રજુ થવા પામેલ ન હોઇ તપાસણી વર્ષમાં પૂર્ણ થયેલ કામોની ધોરણસરની ચકાસણી શકય બનેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૩) પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચ વાર્ષિક હિસાબોમાં 'બીજા ફંડો" સદર હેઠળ કરવામાં આવેલ છે.સદરહુ "બીજા ફંડો"સદર હેઠળ કરવાના ખર્ચ સંદર્ભમાં સંસ્થાએ કોઇ નિયમો/ધારાધોરણો નિયત કરવામાં આવેલ હોય તો તે રજુ કરવા જણાવતાં તે રજુ થયેલ ન હોઇ પરિશિષ્ટમાં દર્શાવેલ ખર્ચના યથાર્તતાના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૪) સંસ્થાના વર્ષ ૨૦૧૩/૧૪ ના નાણાંકિય વર્ષના અંદાજપત્રમાં સદરહુ ફંડની આવક ખર્ચના અંદાજોની કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી.આમ,સદરહુ ફંડ સંસ્થાના હિસાબોનો ભાગ હોવાછતાં તેનો સમાવેશ વાર્ષિક અંદાજોમાં નહીં કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૦૫) ઉપરોકત ફંડના વ્યાજના હિસાબો માટે સંસ્થાએ નિયત રેકર્ડ/રજિસ્ટર નિભાવેલ હોય તો તે અન્વેષણમાં રજુ કરી ખાતરી કરાવવી ઘટે.

ઉપરોકત મુદ્દાઓની જવાબદારથી આધાર સહ સ્પષ્ટતા તેમજ ખાતરી કરાવતાં સુધી વેપારી એજન્સીઓને કરેલ ચુકવણાની ઉપરોકત રકમ રૂા ૫,૨૮,૯૫,૪૨૯/-આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.નં.૮૪ નો જવાબ કરેલ નથી

વાંધા હેઠળ રૂા ૫,૨૮,૯૫,૪૨૯/-

" યુનિવર્સિટી એજ્યુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ " સદર હેઠળ કરેલ ખર્ચમાં જણાઇ આવેલ અનિયમિતતાઓ.

| અ.નં | વા.નં | તારીખ | રકમ | ખર્ચની વિગત | પાર્ટી /એજન્સીનું નામ | હેડ નંબર |
|---|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 01 | 2481 | 25/6/13 | 3037664 | ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ સમાજ વિધાભવનમાં નવી કોમ્પ્યુટર લેબ માટેનો થયેલ ખર્ચ | શ્રી ચિત્રા ઇન્ટરીયર પ્રા.લી.અમદાવાદ | 7712000 |
| 02 | 2482 | 25/6/13 | 2496383 | ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ સાયન્સ ભવનમાં નવી કોમ્પ્યુટર લેબ માટેનો થયેલ ખર્ચ | શ્રી ચિત્રા ઇન્ટરીયર પ્રા.લી.અમદાવાદ | 7712000 |
| 03 | 8669 | 15/02/14 | 1768000 | ગુજ.યુનિ.માં કન્વેન્શન સેન્ટર અમદાવાદ ખાતે ઓડીટેરીયમ અને એકઝીબીશન હોલમાં લાઇટ ફીટીંગ નુ કામ | રોયલ ઇલેકટ્રીક સેલ્સ એન્ડ સર્વિસ , અમદાવાદ | 7712000 |
| 04 | 10514 | 31/03/14 | 2149833 | વા.નં.૪૭૫૪ તા.૨/૧૧/૨૦૧૦ તથા વા.નં. ૭૯૫૬તા.૨૧/૩/૧૧ કન્વેન્શન સેન્ટર ખાતેની ખર્ચનો E R D F ટ્રાન્સફર હવાલો | એમ/એસ એચ.એફ. લોખંડવાલા | 7712000 |
| 05 | 10515 | 31/03/14 | 3988907 | બા જે વા.નં. ૬૧૩૭ તા ૨૦/૧૨/૧૧ વા.નં.૭૧૨૧ તા.૨૫/૧/૧૨ વા.નં.૮૨૪૭ તા.૬/૩૧૨ ,વા.નં.૮૨૪૮ તા.૬/૩/૧૨ કન્વેન્શન સેન્ટરનો ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | ધારા સેલ્સ એજન્સી ,અમદાવાદ | 7712000 |
| 06 | 10517 | 31/03/14 | 2880000 | બા જે વા.નં. ૭૬૪૧ તા ૧૩/૨/૧૨ માં ખર્ચ ERDF ખાતે પાડવાને બદલે પાર્ટી એકાઉન્ટમાં ઉધારેલ તેનો હવાલો | એમ/એસ વોલ્ટાસ લીમીટેડ ,અમદાવાદ | 7712000 |
| 07 | 10523 | 31/03/14 | 3037664 | બા જે વા.નં. ૫૩૯૨ તા.૯/૧/૦૭ વા.નં.૨૩૪૫ તા.૧/૮/૦૭ વા.નં.૭૮૮૨ તા.૩૧/૩/૦૮ ,વા.નં.૩૨૫૬ તા.૨૩/૯/૦૮ નો | એમ./એસ વર્ધમાન ,અમદાવાદ | 7712000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ખર્ચ પાર્ટી એકાઉન્ટ માંથી ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | | |
| 08 | 10525 | 31/03/14 | 1792000 | બા જે વા.નં. ૮૨૪૬ તા ૬/3/૧૨ કન્વેન્શન સેન્ટરનો ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | પટેલ બ્રધર્સ .અમદાવાદ | 7712000 |
| 09 | 10526 | 31/03/14 | 1113000 | બા જે વા.નં. ૪૭3૧ તા ૧/૧૧/ .0 કન્વેન્શન સેન્ટરનો ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | પટેલ બ્રધર્સ .અમદાવાદ | 7712000 |
| 10 | 10527 | 31/03/14 | 1056000 | બા જે વા.નં. ૭૪૧૯ તા ૧/3/૧૧ કન્વેન્શન સેન્ટરનો ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | પટેલ બ્રધર્સ .અમદાવાદ | 7712000 |
| 11 | 10528 | 31/03/14 | 4423791 | બા જે વા.નં. ૪૪૧3 તા ૧૪/૧0/0૯ વા.નં.૧3૮૨ તા.૯/5/0૯,વા.નં.૮૧૨૨ તા.3૧/3/૧0 કન્વેન્શન સેન્ટરનો,ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | પટેલ બ્રધર્સ .અમદાવાદ | 7712000 |
| 12 | 10529 | 31/03/14 | 7855680 | બા જે વા.નં. ૧૪૭ તા ૮/૪/0૯ વા.નં.૨૬૬૮ તા,૬/૮/0૯, કન્વેન્શન સેન્ટરનો ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | પટેલ બ્રધર્સ .અમદાવાદ | 7712000 |
| 13 | 10530 | 31/03/14 | 7086812 | બા જે વા.નં. ૫૬૧3 તા ૧૨/૧/0૯ વા.નં.5૪૨O તા,૧૧/૨/0૯, કન્વેન્શન સેન્ટરનો ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | પટેલ બ્રધર્સ .અમદાવાદ | 7712000 |
| 14 | 10531 | 31/03/14 | 4065189 | બા જે વા.નં. 3૭૧3તા૪/૧0/0૭ વા.નં.૪0૪૧ તા,૨૫/૧0/0૭ કન્વેન્શન સેન્ટરનો ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | પટેલ બ્રધર્સ .અમદાવાદ | 7712000 |
| 15 | 10532 | 31/03/14 | 2660831 | બા જે વા.નં. ૫3૯૨ તા ૯/૧/0૭ કન્વેન્શન સેન્ટરના પ્રિ.એન્જી.કામોનો નો ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | એમ/એસ વર્ધમાન પ્રા.લી.અમદાવાદ | 7712000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 16 | 10534 | 31/03/14 | 3483675 | બા જે વા.નં. ૩૨૫૬ તા ૨૩/૯/૦૮ કન્વેન્શન સેન્ટરના પ્રિ.એજી.કામોનો ખર્ચ ERDF ખાતે ટ્રાન્સફર હવાલો | એમ/એસ વર્ધમાન પ્રા.લી.અમદાવાદ | 7712000 |
| | | Total | 52895429 | | | |

# પ્રમાણપત્રો અને ઉપસંહાર

## પ્રમાણપત્રો

(ક) સંસ્થાના હિસાબો અધુરા હોવાથી તેમજ ઓડીટમાં સંબંધકર્તા રેકર્ડ રજુ નહી થવાથી ઓડીટ રીપોર્ટમાં લેવાયેલ નોંધને લક્ષમાં લેતાં સાચા હોવાનું પ્રમાણિત થઇ શકે તેમ નથી.

(ખ) ઓડીટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટીરૂપ ચકાસણી કરતાં હિસાબોની નિભાવણી સંતોષકારક માલુમ પડેલ નથી. હિસાબોની જાળવણી માટે વધુ લક્ષ આપવાની ખાસ જરૂર છે.હિસાબો કયા નિયમને આધારે નિભાવવામાં આવે છે તેની ઓડીટને માહિતી મળેલ નથી.વાર્ષિક હિસાબ અને લેજરમાં દર્શાવેલ આવક/ખર્ચના હિસાબોની ચકાસણી સંલગ્ન રેકર્ડ સાથે થઇ શકેલ નથી.

(ગ) ઓડીટ દરમ્યાન ૮૪ પ્રાથમિક વાંધાઓ પાઠવવામાં આવ્યા હતા.જેમાંથી યુનિવર્સીટીએ ૨૩ પ્રાથમિક વાંધાઓના જવાબ કરેલ નથી

(ઘ) ઓડીટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પૂર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

(ચ) નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

| જિલ્લા સહાયક નિરીક્ષક | સંયુક્ત નિરીક્ષક | નિરીક્ષક |
|---|---|---|
| સ્થાનિક ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ |
| અમદાવાદ | ગાંધીનગર | ગાંધીનગર |

(પી.બી. કણઝરીયા)

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ ૨૦૧૩-૨૦૧૪

### તા.૦૧-૦૪-૨૦૧૩ થી તા. ૩૧/૦૩/૨૦૧૪ સુધીના આવક-ખર્ચના હિસાબો પત્રક નં.-૦૧

| આવક | રૂપિયા | ખર્ચ | રૂપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| પરીક્ષા ફી ની આવક | 217944017.00 | કર્મચારી વર્ગ ખર્ચ | 5009705.04 |
| અન્ય ફી ની આવક | 49414605.58 | કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ | 73481.00 |
| પ્રકાશનોની આવક | 11798537.72 | પરીક્ષા ખર્ચ | 158601229.68 |
| ગ્રાન્ટસની આવક(પરિ-૦૧) | 430406020.00 | મુસાફરી ભથ્થા | 1650211.00 |
| પરચુરણ આવક | 34624946.13 | મુદ્રણલેખન સામગ્રી તથા ટપાલ ખર્ચ | 31258331.60 |
| અનુસ્નાતક શિક્ષણકાર્ય | 74300649.00 | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃત્તિ વગેરે | |
| આરોગ્ય કેન્દ્ર આવક | 30768.00 | રમત ગમત અને વિધાર્થી કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | |
| અતિથી ગૃહ આવક | 89400.00 | (અ) રમત ગમત વ્યાયામ પ્રવૃતિ ખર્ચ | 857618.00 |
| યુનિવર્સિટી છાત્રાલયો(પરિ-03) | 846165.00 | (બ) યુવક કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | 804634.40 |
| જમીન આવક | 249420.00 | (ક) રાષ્ટ્રીય સેવા યોજના | 4425614.56 |
| પરફોર્મિંગ આર્ટ્સ અભ્યાસક્રમ | 790000.00 | (ડ) યુનિવર્સિટી આરોગ્ય ખર્ચ | 2901736.81 |

| આવક | | | |
|---|---|---|---|
| યુનિવર્સિટી ગ્રંથાલય( પરિ-૦૫) | 26111.00 | (છ) અભ્યાસેતર શિક્ષણ પૂરક પ્રવૃત્તિ યુનિ.સપ્તાહ વગેરે | 757020.00 |
| ગ્રંથાલય શાસ્ત્રભવન(પરિ-૧૩) | 443700.00 | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટ | 436550.00 |
| યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક(પરિ-૧૪) | 413125.00 | વીમા અન્ય ખર્ચ તથા કાનુની ખર્ચ | 10977168.38 |
| પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક (પરિ-૧૫) | 689120.00 | બીજા કાર્યાલય ખર્ચ | 34016503.42 |
| ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક(પરિ-૧૬) | 94600.00 | બીજી સંસ્થાઓની સભ્યસદ ફી | 178672.00 |
| પત્રકારત્વ વિભાગ(પરિ-૧૭) | 129800.00 | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન | 2[illegible]4499818.32 |
| માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન | 404800.00 | યુનિવર્સિટી જમીન જાયદાદ | 24611376.58 |
| કન્વેન્શન સેન્ટરની આવક | 85000000 | યુનિવર્સિટી છાત્રાલયો (પરિ-૦૩) | 2761721.22 |
| | | ગ્રાન્ટમાંથી ખર્ચ(પરિ-૦૨) | 132214906.00 |
| | | પરફોર્મિંગ આર્ટસ અભ્યાસક્રમ ખર્ચ | 854116.00 |
| | | યુનિવર્સિટી મુદ્રાલય(પરિ-૦૪) | 7636586.97 |
| | | યુનિવર્સિટી ગ્રંથાલય (પરિ-૦૫) | 10487813.10 |
| | | યુનિવર્સિટી શાસ્ત્રભવન (પરિ-૧૩) | 1477387.86 |
| | | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક (પરિ-૧૪) | 14244313.71 |
| | | પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક (પરિ-૧૫) | 1577203.78 |
| | | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક(પરિ-૧૬) | 312268.53 |

| | | | |
|---|---|---|---|
| | | પત્રકારત્વ વિભાગ (પરિ-૧૭) | 2743790.29 |
| | | આઇ.એ.એસ.તાલીમ ખર્ચ | 1007762.96 |
| | | પેન્શન ગ્રજયુઇટી રજાનું રોકડમાં રૂપાંતર | 11084897.00 |
| | | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | 19650.00 |
| | | એસ ટી એસ સી સેલ ખર્ચ | 911935.00 |
| | | કન્વેન્શન સેન્ટરની ખર્ચ | 1124937.00 |
| કુલ આવક | 907695784.43 | કુલ ખર્ચ | 719518960.26 |
| | | ખર્ચ કરતાં આવકનો વધારો | 188176824.17 |
| કુલ આવક | 907695784.43 | કુલ ખર્ચ | 907695784.43 |

રજીસ્ટ્રાર. મ.ન.નિ. વિ.અ.નિ.

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ ૨૦૧૩-૨૦૧૪

### તા. ૩૧/૦૩/૨૦૧૪ ના રોજનું સરવૈયુ જવાબદારી(દેવા) પત્રક નં.૦૨

| અ.નં. | જવાબદારીઓ | રકમ રૂપિયા | અસ્કયામતી | રકમ રૂપિયા |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ | 14751402.43 | કાયમી મિલકતો | 518820988.12 |
| 02 | કેપિટલ ફંડ | 494370217.80 | રોકાણો | 20000.00 |
| 03 | પુસ્તક ફંડ | 8656300.86 | એડવાન્સ અને બીજા ખાતો | 1170306010.87 |
| 04 | બીજા ફંડ | 374790561.53 | પેપર સ્ટીલ સિમેન્ટ એકાઉન્ટ | 00.00 |
| 05 | આવક ખર્ચ ખાતુ | 323271851.94 | બેન્ક અને લીજી પુરાંતો | 00.00 |
| 06 | સરકારી ગ્રાન્ટે(બાકી) | 94214996.62 | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ | 00.00 |
| 07 | ડીપોઝીટ અને બીજા ખાતાઓ | 380436220.67 | સસ્પેન્સ એકાઉન્ટસ | 1344552.86 |
| 08 | કર્મચારી વીમા યોજના ફાળો | 00.00 | | |
| 09 | ચાલુ વર્ષે એડજસ્ટ કર્યા | 00.00 | - | 00.00 |
| કુલ રૂપિયા | | 1690491551.85 | - | 1690491551.85 |

પત્રક- 0૩

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૩-૧૪ ના જનરલ ફંડનો અહેવાલ મુજબ વાંધા હેઠળ/વસુલાત હેઠળની વિગતનુ પત્રક.

| અ.નં. | ફકરા નંબર | વાંધા હેઠળ રકમ | વસુલાત પાત્ર રકમ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| 0૧ | 0૨ | 0૩ | 0૪ | 0૫ |
| 0૧ | 0૧ | 00 | 00 | |
| 0૨ | 0૨ | 00 | 00 | |
| 0૩ | 0૩ | 00 | 00 | |
| 0૪ | 0૪ | 00 | 00 | |
| 0૫ | 0૫ | 00 | 00 | |
| 0૬ | 0૬ /0૧ | 00 | ૪૬૨૬૪૩૪ | |
| 0૭ | 0૬ /0૨ | 00 | ૧૮૧૪૪૬૯૯૧ | |
| 0૮ | 0૬ /0૩ | 00 | ૧૧૪૪૫૫૭૪૬ | |
| 0૯ | 0૯ | ૨૬૭૮૪૨૩૫૩ | 00 | |
| ૧0 | ૧0 | ૯૩૬૨૮૪૭ | 00 | |
| ૧૧ | ૧૨ | ૧૪૯૮૮૯૧૪૯ | 00 | |
| ૧૨ | ૧૪ | ૪૯૬૨૮૮૩ | 00 | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | ૧૫ | ૯૦૧૨૮૧ | ૦૦ | |
| ૧૪ | ૧૬ | ૭૩૧૧૨૦૯૧ | ૦૦ | |
| ૧૫ | ૧૭ | ૧૩૪૪૫૫૨ | ૦૦ | |
| ૧૬ | ૨૨ | ૬૨૨૬૨૦૯૫ | ૦૦ | |
| ૧૭ | ૨૪ | ૧૧૦૬૧૮૩૨ | ૦૦ | |
| ૧૮ | ૨૯ | ૨૯૫૮૯૦૬૧ | ૦૦ | |
| ૧૯ | ૩૦ | ૧૩૬૧૦૯૩૮૯ | ૦૦ | |
| ૨૦ | ૩૧ | ૧૫૧૯૨૬૨ | ૦૦ | |
| ૨૧ | ૩૨ | ૧૦૬૫૨ | ૦૦ | |
| ૨૨ | ૩૫ | ૦૦ | ૧૮૭૭૮ | |
| ૨૩ | ૩૯ | ૧૫૧૦૬૦૬૭૭ | ૦૦ | |
| ૨૪ | ૪૦ | ૫૨૮૯૫૪૨૯ | ૦૦ | |
| | કુલ | ૮૧૭૦૨૩૫૫૩ | ૩૦૦૫૪૭૯૪૯ | |